
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂ. ૧૨૫/-
**ઓગસ્ટ, ૨૦૨૧**



ધાર્મિક વિધિ-વિધાનોમાં
નૂતન અભિગમ દ્વારા
સામૂહિક જાગૃતિના પ્રખર પરિપોષક

## પ્રમુખસ્વામી મહારાજ









## તીર્થધામ નેનપુર ખાતે સવા વર્ષના નિવાસ બાદ મહંત સ્વામી મહારાજની વિદાય

કોરોના મહામારીના સમયમાં જાહેર સ્વાસ્થ્યને લક્ષ્યમાં રાખીને પરમ પૂજ્ય સ્વામીશ્રીનું અવિરત ચાલતું વિચરણ મુલતવી રાખીને નેનપુર ખાતે તેઓનો કાર્યક્રમ નિર્ધારિત થયો હતો. એ અનુસાર સતત ૪૭૭ દિવસ સુધી નેનપુર ખાતે નિવાસ કરીને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ ઓનલાઈન માધ્યમો દ્વારા વિશ્વભરના ભક્તો-ભાવિકોને સતત અને અવિરત આધ્યાત્મિક પ્રેરણાઓની ગંગા વહાવી હતી. તા. ૧૫-૭-૨૦૨૧ના રોજ તેઓએ પ્રાસાદિક તીર્થ નેનપુર ખાતે વિદાય વચનો કહીને, સૌની શુભેચ્છાઓનો પુષ્પહાર ગ્રહણ કરીને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે અમદાવાદ જવા વિદાય લીધી હતી ત્યારે ભાવવાહી દૃશ્યો સર્જાયાં હતાં. એ પ્રસંગની સ્મૃતિછબિ...



શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

# 'શ્રદ્ધાથી વિધિ-વિધાનો કરશો તો જરૂર લાભ થશે...'

## ધાર્મિક વિધિ-વિધાનોના પ્રખર પુરસ્કર્તા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને વંદના...

ભારત એક એવો દેશ છે, જ્યાં વહેલી સવારે આકાશમાં સૂર્યની લાલિમા પથરાય તે પહેલાં આધ્યાત્મિક પૂજા-વિધિ-વિધાનોની લાલિમા છવાઈ જાય છે. કોઈ યોગ કરે છે, કોઈ ધ્યાન ધરે છે, કોઈ પૂજા-પાઠ કરે છે, કોઈ યજ્ઞ કરે છે, કોઈ મંત્રજાપ કરે છે, કોઈ ગીતાપાઠ કરે છે, તો કોઈ ભક્તિના અન્ય ઉપચારોમાં તલ્લીન થઈ જાય છે. વહેલી સવારથી મંદિરોના ઘંટનાદ ગુંજે છે, આરતીની જ્યોતિ ઝળહળે છે, ઘરોઘર ઘરમંદિરોમાં દીવા પ્રગટવા માંડે છે.

આવા નિત્ય પૂજાપાઠથી લઈને અનેક પ્રકારની ધાર્મિક વિધિઓ ભારતને, સનાતન હિન્દુ ધર્મને વાઈબ્રન્ટ એટલે કે ચેતનવંતો બનાવે છે. વિધિ-વિધાનો વિનાનું હિન્દુ જીવન સંભવિત નથી. બાળકના જન્મ પૂર્વેથી શરૂ થયેલાં વિધિ-વિધાનો મૃત્યુ પછી પણ તેર દિવસ સુધી ચાલતી વિધિઓ હિન્દુ જીવનનો અભિન્ન ભાગ બની રહ્યા છે. આમ છતાં, આધુનિકતાના વાયરાને કારણે નવી પેઢી આ મજબૂત પરંપરાને શંકાની નજરે જોતી થઈ છે. એમને આ વિધિ-વિધાનો અર્થવિહીન લાગે છે. સમય, દ્રવ્ય અને શક્તિનો વ્યય લાગે છે. શું ખરેખર તેમ છે? યજ્ઞ, મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા, મહાપૂજા, શિલાન્યાસ, વાસ્તુવિધિ, અંત્યેષ્ટિ વિધિ વગેરે શાસ્ત્રીય વિધિઓ શું અર્થવિહીન છે? આવી વિધિઓથી લઈને અનેક શુભ કાર્યો માટે પ્રયુક્ત થતાં શુભ મુહૂર્તો શું માત્ર અંધશ્રદ્ધા છે?

અમુક લોકો વ્યક્તિગત અહંકારને કારણે, પશ્ચિમના કહેવાતા બૌદ્ધિકોનું અંધ અનુકરણ કરીને, આપણી ધાર્મિક ક્રિયાઓ પાછળની ભાવના સમજ્યા વિના તેનું છીછરા તર્કોથી ખંડન કરે છે, પરંતુ વિશ્વની કઈ ધર્મ-સંસ્કૃતિમાં આવાં વિધિ-વિધાનો નથી?

અમેરિકાથી લઈને ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડનાં જંગલોમાં વસતા અજ્ઞાની આદિવાસીઓને પણ પોતાની ધાર્મિક વિધિઓ છે. તો વિશ્વમાં સૌથી સાયન્ટિફિક સંશોધનો કરનારા પ્રખર બુદ્ધિમંત યહૂદીઓ, વિશ્વમાં ધન-સત્તા-બુદ્ધિ-વિજ્ઞાનની ટોચે બેઠેલા લાખો યહૂદીઓ પણ ગૌરવપૂર્વક પોતાનાં ધાર્મિક વિધિ-વિધાનોને આજેય શ્રદ્ધાપૂર્વક અનુસરે છે. જેમ કે, કોશર (શાસ્ત્રીય રીતે પવિત્ર માનવામાં આવતો ખોરાક) લેવો, માથે ટોપી પહેરવી, શુક્રવારે સૂર્યાસ્ત પછી કોઈ પ્રકારનું કાર્ય ન કરવું, સીનેગોગમાં જઈ પ્રાર્થના કરવી, સીનેગોગમાં સ્ત્રી-પુરુષોએ જુદાં બેસવું, સબાથ-દિનની સાંજે ઘરમાં મીણબત્તીઓ પ્રગટાવવી...

મુસ્લિમ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ, શીખ, તાઓ વગેરે સૌની પોતપોતાની આવી જ માન્યતાઓ અને ધાર્મિક વિધિઓ છે. બુદ્ધિશાળી ગણાતા પારસીઓમાં પણ બાળકને નૌજોત (પારસી દીક્ષા) અપાય છે. નૌજોત એટલે ઘેટાના ઊનની બનેલી એક દોરી, જેના એક છેડે ગાંઠ વાળી હોય. પારસીઓમાં પાંચ સમયની પ્રાર્થના કરવાનો રિવાજ છે. આ પાંચેય પ્રાર્થના વખતે નૌજોતની આ ગાંઠ છોડવાની અને ફરી બાંધવાની!

ટૂંકમાં, વિશ્વનો કયો સમાજ એવો હશે કે જ્યાં આવી ધાર્મિક વિધિઓનું મહત્ત્વ નહીં હોય?

પરંતુ એ બધાનો વિચાર કર્યા વિના પોતાના ધર્મનાં વિધિ-વિધાનો પર

“

**‘ભગવાન જુએ છે, સાંભળે છે, તે શ્રદ્ધા હોવી જોઈએ. વિજ્ઞાનનો જમાનો છે, તે તરત થવું જોઈએ એવું બુદ્ધિમાં થાય, પણ એડિસને કેટલી મહેનત કરી પછી ઇલેક્ટ્રિકની શોધ થઈ! માટે શ્રદ્ધા રાખીને ભક્તિમાં મંડ્યા રહેવું.**

**– પ્રમુખસ્વામી મહારાજ**

”

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય – સાધુ અક્ષરવત્સલદાસ

૬. શતાબ્દી સ્મૃતિ - ઇંગ્લૅન્ડમાં ગજરાજ પર બિરાજેલા શ્રીહરિના સેવકની વિરલ સ્મૃતિ

૮. ધાર્મિક વિધિ-વિધાનોમાં જાગૃતિના ભક્તિમય પરિપોષક પ્રમુખસ્વામી મહારાજ – સાધુ શ્રુતિપ્રકાશદાસ

૨૦. શાસ્ત્રોક્ત વિધિ-વિધાનોના વિરલ પુરસ્કર્તા પ્રમુખસ્વામી મહારાજ

૨૬. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૯. લંડનના બી.એ.પી.એસ. મંદિર ખાતે સ્થાનિકોને વેક્સિનેશનના ડોઝ અપાયા

૪૧. વેલિંગ્ટન મંદિરનો શિલાન્યાસ વિધિ

૪૨. સત્સંગદીક્ષા અને સત્સંગજ્ઞાન અંતર્ગત યોજાયેલી ઓનલાઇન પ્રશ્નોત્તરી સ્પર્ધા

૪૩. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સાંકરીનો સુવર્ણ વર્ષ પ્રારંભ

૪૫. વીરસદ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૪૬. અક્ષરવાસ

૪૮. શતાબ્દી બોધકથા

૫૦. યોગાસન


પ્રહાર કરીને કેટલાક બૌદ્ધિક હિન્દુઓ હિન્દુ ધર્મની સહિષ્ણુતાની કસોટી કરી રહ્યા છે. હા, એટલું સ્વીકારવું પણ પડે કે સંભવતઃ ધાર્મિક વિધિ-વિધાનોમાં ક્યાંક જડતા અને યાંત્રિકતા પ્રવેશી પણ ગઈ હોય. પરંતુ તેનો અર્થ એ નથી કે બધાં જ વિધિ-વિધાનો અર્થવિહીન હોય.

કેટલાંય વિધિ-વિધાનો એવાં છે કે જેને હવે વિજ્ઞાન પણ સ્વીકારવા લાગ્યું છે. યોગ, ધ્યાન, મંત્રજાપ, પ્રાર્થના, પૂજા, માનસીપૂજા, યજ્ઞ, મુદ્રા વગેરે બાબતો પર વિશ્વની પ્રસિદ્ધ યુનિવર્સિટીઓ સંશોધનો કરી રહી છે. અમેરિકાની જગપ્રસિદ્ધ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રસિદ્ધ સંશોધક ડૉ. હર્બટ બેન્સન કે થોમસ જેફરસન યુનિવર્સિટી અને પેન્સિલવેનિયા યુનિવર્સિટીના સંશોધક ડૉ. એન્ડ્રુ ન્યુબર્ગ જેવા કંઈક ધુરંધરો ધ્યાન, મંત્રજાપ, વગેરે ધાર્મિક વિધિઓ પર વિજ્ઞાનની દૃષ્ટિથી પ્રકાશ પાથરી રહ્યા છે. બાળકને ગર્ભમાંથી સંસ્કાર આપવાની વાતો ભારતીય સંસ્કૃતિમાં ઠેર ઠેર પડી છે. કેટલાક આધુનિકો તેને હાસ્યાસ્પદ ગણાવતા હતા, પરંતુ હવે તો વિજ્ઞાને પણ તેનો સ્વીકાર કરી લીધો છે.

આવાં સમર્થનો વિશે જાણીએ ત્યારે એમ ચોક્કસ લાગે કે ભલે આપણાં શાસ્ત્રોમાં આ વિધિ-વિધાનો પાછળનાં કારણો સ્પષ્ટ રૂપે લખવામાં આવ્યાં ન હોય, પણ એની પાછળ ચોક્કસ મર્મ છે, નિશ્ચિત હેતુ છે, અનુભવપૂર્ણ જ્ઞાન છે, માનવજાતના હિતનું લક્ષ્ય છે. અહંકાર કે અજ્ઞાનને કારણે ઘણા લોકો ભારતીય મુહૂર્ત-વિજ્ઞાનની પણ ઠેકડી ઉડાડે છે.

મુહૂર્તનો અર્થ થાય છે – સમય. ઋગ્વેદ(૩.૩૩.૫), તૈત્તિરીય બ્રાહ્મણ(૩.૧૦.૧.૧) અને શતપથ બ્રાહ્મણ(૧૦.૪.૨.૧૮) વગેરે શાસ્ત્રો મુહૂર્તનો અર્થ કરે છે - સમયનું વિભાજન. તૈત્તિરીય બ્રાહ્મણ અને શતપથ બ્રાહ્મણ જેવા ગ્રંથો એક દિવસના સમયનું વિભાજન કરીને દિવસ અને રાતના પંદર પંદર મુહૂર્ત આપે છે. ટૂંકમાં સમયનું વિભાજન કરીને યોગ્ય સમયે યોગ્ય શુભ કાર્ય કરવાનું એક ગણિત, તેનું નામ મુહૂર્ત. દા.ત. કેટલાંક કાર્યો બ્રાહ્મમુહૂર્તમાં કરવાની ભલામણ શાસ્ત્રો કરે છે. બ્રાહ્મમુહૂર્તને આયુર્વેદમાં પણ શ્રેષ્ઠ સ્થાન આપવામાં આવ્યું છે. વાગ્ભટ્ટ કૃત અષ્ટાંગહૃદય બ્રાહ્મમુહૂર્તને સ્વાસ્થ્ય માટે ખૂબ મહત્ત્વ આપે છે. આધુનિક વિદ્વાનો કહે છે કે મુહૂર્ત પ્રમાણે, એટલે કે સૂર્યોદયથી લઈને સૂર્યાસ્ત સુધી અને સૂર્યાસ્તથી લઈને સૂર્યોદય સુધી, અંતરિક્ષમાં બનતી ખગોળીય ઘટનાઓ આપણાં તેમજ સાથેના સૌ કોઈનાં મન, બુદ્ધિ, ચેતના, શરીર પર અલગ અલગ અસર ઉપજાવે છે. આથી, કયા દિવસે, કયું કાર્ય, કેવી રીતે અને કઈ વ્યક્તિએ કરવું જોઈએ તેની સૂક્ષ્મ ગણતરી કરવામાં આવે છે. બધાં જ કામોમાં મુહૂર્તની આવશ્યકતાનો હિન્દુ શાસ્ત્રોએ ક્યારેય બોધ આપ્યો નથી, પરંતુ કેટલાક શુભ સમયનો આગ્રહ અવશ્ય રાખ્યો છે. એનું કારણ એ છે કે આપણે જે નથી જોઈ શકતા એ મન પર થતી અસરોને મુહૂર્ત આપનારા એ મહાપુરુષોને દેખાતી હતી. આજથી શતાબ્દીઓ પહેલાં ભારતનું શ્રેષ્ઠ બુદ્ધિધન જે વિશ્વને પ્રભાવિત કરતું

હતું અને જેમના નામે અનેક પ્રાચીન વૈજ્ઞાનિક સંશોધનો નોંધાયેલાં છે એ એ આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત, ભાસ્કરાચાર્ય, વરાહમિહિર વગેરે ધુરંધરોએ માનવીની સુખાકારી માટે મુહૂર્તોની જે વાત કરી છે તે હવે આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ સમજવાની આવશ્યકતા છે. પ્રસિદ્ધ પ્રાચીન ભારતીય વિજ્ઞાની વરાહમિહિર લખે છેઃ 'જે વનમાં રહે છે એવા સંસાર-ધનથી વિરક્ત સંન્યાસી લોકોએ પણ મુહૂર્ત પ્રમાણે કાર્ય કરવું અને એવું જ્ઞાન આપનાર વિદ્વાન જ્યોતિષી વિના રાજા પણ અંધ છે.' ઉલ્લેખનીય છે કે ભારતીય મુહૂર્તોની અસર યુરોપના દેશોમાં પણ શતાબ્દીઓ સુધી પ્રભાવ જમાવતી રહી હતી. સમ્રાટ સિકંદરથી લઈને બેબિલોનિયાના રાજાઓ પણ મુહૂર્ત પ્રમાણે કાર્ય કરતા હતા.[1]

યુરોપના પ્રસિદ્ધ વિદ્વાન ટોલેમીનો 'ટેટ્રાબિબ્લોસ' નામનો ગ્રંથ લગભગ ૧૪૦૦ વર્ષ સુધી યુરોપમાં જ્યોતિષ અને મુહૂર્તની રીતે પ્રભુત્વ જમાવીને બેઠો રહ્યો હતો.

હિન્દુ ધર્મ પાસે એ બધાના બુદ્ધિગમ્ય જવાબો છે, પણ તેના પર વિશેષ સંશોધન કરવામાં આવ્યું નથી. જો કે બુદ્ધિ બધાના જવાબો નથી આપી શકતી. ક્યાંક એને પણ શ્રદ્ધાથી અટકવું જ પડે છે, એ પણ સ્વીકારવું જ રહ્યું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં ધાર્મિક વિધિ-વિધાનોના આગ્રહ સાથે કહેતા કે 'ભલે તમને આ વિધિ-વિધાનો કે મંત્રોમાં કાંઈ સમજાય નહીં, પરંતુ તમે શ્રદ્ધાપૂર્વક એ વિધિ કરશો તો ચોક્કસ તેનો લાભ થશે. આપણા ઋષિઓ વિજ્ઞાની હતા. તેમણે જે કાંઈ કર્યું છે તે ખૂબ વિચારી, સંશોધન કરી અને અનુભવથી કર્યું છે.' પ્રમુખસ્વામી મહારાજ માત્ર આમ કહેતા હતા એટલું જ નહીં, આચરતા પણ હતા. સ્વયં બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સંત હોવા છતાં, પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વોપરી નિશ્ચય અને સાક્ષાત્કાર હોવા છતાં, પોતાની સર્વોપરી નિષ્ઠા કે પોતાની બ્રાહ્મી સ્થિતિની ઓથે તેમણે શાસ્ત્રીય વિધિ-વિધાનોની અવગણના કરી નહોતી કે બીજાને પણ કરવા દીધી નહોતી. તેઓ સ્વયં બ્રહ્મસ્વરૂપ હતા એટલે તેમના મુખમાંથી નીકળે એ બ્રહ્મવાક્ય અને તેઓ સમય બતાવે તે શ્રેષ્ઠ મુહૂર્ત. એવી લાખો લોકોને શ્રદ્ધા અને અનુભૂતિ હતી. તેમ છતાં સ્વામીશ્રીએ શાસ્ત્રીય વિધિ-વિધાનો કે મુહૂર્ત પરંપરાનું ન તો ક્યારેય ખંડન કર્યું કે ન તો તેની અવગણના કરી. તેઓ ભારતીય સંસ્કૃતિના અને સનાતન હિન્દુ ધર્મના એક ખરા અર્થમાં પુરસ્કર્તા હતા. આથી, એમણે એ બધાં વિધિ-વિધાનોને પ્રોત્સાહન અને નવજીવન આપ્યું. 'પ્રકાશ'નો આ અંક એમની શતાબ્દીએ તેમનાં એ જીવન-પાસાંની સહજ સ્મૃતિ કરે છે. ચાતુર્માસ એટલે આવાં અનેક વિધિ-વિધાનોની મોસમ. આવો, આપણે પણ સ્વામીશ્રીનાં પગલે પગલે શ્રદ્ધા અને ભક્તિપૂર્વક વિધિ-વિધાનોમાં સંલગ્ન થઈએ.

– સાધુ અક્ષરવત્સલદાસ ◆

---

૧. Reginald Campbell Thompson, The Reports of the Magicians and Astrologers of Nineveh and Babylon in the British Museum: The cuneiform texts, 1900, London


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૩, અંક : ૮, ઓગસ્ટ, ૨૦૨૧**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂ. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂ. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક પ્રસંગસ્મૃતિઓ...

## શતાબ્દી સ્મૃતિ

100 પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ



# ઇંગ્લેન્ડમાં ગજરાજ પર બિરાજેલા શ્રીહરિના અનન્ય સેવકની વિરલ સ્મૃતિ...

તા. ૨૦ જુલાઈ, ૧૯૮૦ની ઇંગ્લેન્ડની સવાર હતી.

ઇંગ્લેન્ડનું મહાનગર લંડન હજી આળસ મરડીને બેઠું પણ નહોતું થયું ત્યારે એલ્પર્ટન સ્કૂલનું પ્રાંગણ દસ હજાર ભક્તોની મેદનીથી ઊભરાતું હતું. કારણ કે આજે ભારતથી પધારેલા મહાન હિન્દુ ધર્મગુરુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની શાનદાર શોભાયાત્રા હતી. પોતાના પ્રાણપ્યારા ગુરુદેવ પ્રમુખસ્વામી મહારાજને હાથી પર બિરાજમાન કરીને, ઇંગ્લૅન્ડના રાજમાર્ગો પર એવી ભવ્ય શોભાયાત્રા દ્વારા બહુમાન આપવાનો ભક્તોનો ઉત્સાહ હતો. અને આ શોભાયાત્રામાં જોડાવા માટે એ હજારો હરિભક્તોનો ઉમંગ તેમના રોમરોમમાં છલકતો હતો.

છેલ્લા કેટલાય દિવસોથી બ્રિટનનાં અખબારો, રેડિયો વગેરે દ્વારા 'હિંદુ ધર્મગુરુની ગજસવારી નીકળવાની છે'ના સમાચારો વહેતા થયેલા. તેથી સ્થાનિક ઇંગ્લેન્ડવાસીઓનાં મનમાં સ્વામીશ્રીની આ શોભાયાત્રા નીરખવાની ઉત્સુકતા ચરમસીમાએ પહોંચી હતી.

આમેય હાથી પર સવારી એ આ દેશ માટે એક વિરલ ઘટના. તેમાં ગાજેલાં જાહેરાતોનાં પડઘમ અને રવિવાર. એટલે નગરયાત્રાના પથની બંને બાજુ દર્શનાર્થીઓની ભારે ભીડ જામી ગઈ. ભાગ્યે જ બારીઓ ખોલતા અંગ્રેજો પણ ખીડકીઓ ખોલી આ ઝાંખી મેળવવા મથી રહ્યા. ગુજરાતી રાસની રમઝટ બોલાવતા બાળકો-યુવકો, વિવિધરંગી વેશભૂષા સજેલા કિશોરો, સંતોનાં કીર્તનોનો કલરવ, કળશધારી મહિલાવૃંદ વગેરેથી સભર આ શોભાયાત્રાના પ્રારંભે જ વરસાદ શરૂ થયો. છતાં વરસતો વરસાદ શોભાયાત્રાની ગતિ પર કોઈ રોક ન લગાવી શક્યો. સૌના ઉત્સાહનાં પૂર વરસાદની પાળને તોડી-ફોડીને વહી રહ્યાં! ચારેકોર 'સ્વામિનારાયણ'નો જયજયકાર થઈ ગયો.

પરંતુ વરસાદ શરૂ થતાં જ સ્વામીશ્રી ન ભીંજાય તે હેતુથી યુવકો છત્રી લઈ સાથે ચાલવા લાગ્યા, પણ ઊંચી અંબાડીમાં બિરાજેલા સ્વામીશ્રી સુધી છત્ર પહોંચવું અશક્ય હતું. તેથી સ્વામીશ્રીએ છત્રી ઉપર મંગાવી લીધી અને પોતે જ તેને હાથમાં પકડી ઠાકોરજી પર ધરી રહ્યા! ઠાકોરજીને અંબાડીમાં જ એક આસન બનાવીને પધરાવેલા, પરંતુ તે આસન જરા દૂર હોવાથી અને છત્રી નાની હોવાને કારણે ઠાકોરજી પર છત્ર ધરવામાં સ્વામીશ્રી અડધા પલળતા રહ્યા.

આ જોનારા સૌ તેઓની અહંશૂન્યતા અને ભક્તિથી ભીંજાતા રહ્યા. જેમની આ શોભાયાત્રા નીકળી રહી છે એ વળી કોને છત્રી ધરી રહ્યા છે? લોકોને કૌતુક થતું હતું. જે નગરયાત્રાનાં દૃશ્યોની વિશ્વવિખ્યાત ટી.વી. સંસ્થાઓ નોંધ લઈ રહેલી, જે શોભાયાત્રાનાં સમાચાર અને તસવીરો વિવિધ અખબારોની દોઢ કરોડથી વધુ આવૃત્તિમાં મુખ્ય પૃષ્ઠ પર ચમકવાનાં હતાં, જે સવારીને જોવા હજારોની હકડેઠઠ મેદની ઊમટેલી, તે સમયે નગરયાત્રા દરમ્યાન હાથમાં છત્રી લઈને ઠાકોરજીની



ઇંગ્લેન્ડના રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રામાં
ઠાકોરજીના સેવક બનીને છત્રી ધરતા સ્વામીશ્રી...



સેવામાં બેસવું તે સામાન્ય માનવીના ગજા બહારની વાત છે. આવી નમ્રતા અને ભક્તિ ઈંગ્લેન્ડ પહેલી જ વાર જોઈ રહ્યું!

આ શોભાયાત્રા પછી બ્રેન્ટના હિંદુ સેન્ટરમાં યોજાયેલી જાહેરસભામાં સ્વામીશ્રીને વધાવતાં આ કેન્દ્રના પ્રમુખે અહોભાવ પ્રગટ કર્યો કે 'હિંદુ ધર્મ યુ.કે.માં જાગ્રત થયો હોય તો પ્રમુખ-સ્વામીજીના આવ્યા પછી જ. ગઈકાલે ભવ્ય નગરયાત્રા થઈ. તેથી લોકોને લાગે છે કે હિંદુ ધર્મ ખરેખર અદ્‌ભુત છે.'

આ પ્રશસ્તિ ઝીલી સ્વામીશ્રી ફ્રેન્ડ્‌ઝ હૉલની સાયંસભામાં પધાર્યા ત્યારે પ્રસિદ્ધ લેખક શ્રી અશોક 'પ્રિયદર્શી'એ જણાવ્યું: 'ગઈકાલની નગરયાત્રામાં સ્વામીજીના અત્યંત ભક્તિભાવનાં દર્શન થયાં. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' જ છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.'

આમ, સ્વામીશ્રીની શોભાયાત્રાએ મારી દીધેલા ડંકાની સાબિતી જુદાં જુદાં માધ્યમો દ્વારા સતત મળતી રહી. કોઈપણ પ્રસંગે સંતો બહાર નીકળે તો લોકો તરત જ પૂછતા કે 'હાથી પર બેઠેલા તે ભારતના ધર્મવડાની સાથે આવ્યા છો ને ?!'

આવા કેટલાક પ્રસંગોનો ઉલ્લેખ સભામાં કરતાં વિનોદભાઈ પટેલે સ્વામીશ્રી તરફ નિર્દેશ કરીને કહ્યું: 'બાપા! આજે તો ધાર્યું આપનું થાય છે.'

ક્ષણના પણ વિલંબ વિના ઠાકોરજી તરફ આંગળી ચીંધતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ધાર્યું આમનું થાય છે.'

સ્વામીશ્રીની આ અહંશૂન્યતા અને પરાભક્તિને સૌ કોઈ એક વધુ વખત અનુભવતાં વંદી રહ્યા.. ◆



## ધાર્મિક વિધિ-વિધાનોમાં નૂતન અભિગમ દ્વારા સામૂહિક જાગૃતિના ભક્તિમય પરિપોષક

# પ્રમુખસ્વામી મહારાજ

■ સાધુ શ્રુતિપ્રકાશદાસ (સર્વદર્શનાચાર્ય, વિદ્યાવાચસ્પતિ)

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે ધાર્મિક વિધિ-વિધાનોના પ્રખર પુરસ્કર્તા.
અજ્ઞાની કે અહંકારી લોકો કર્મકાંડ ગણીને જેનો ઉપહાસ કરે છે,
એ ધાર્મિક વિધિ-વિધાનો તો પ્રમુખસ્વામી મહારાજને મન ભગવાનને રીઝવવાનું મોટું માધ્યમ હતું.
એમાં શ્રદ્ધા રાખવી, તેને સ્વામીશ્રી ભક્તિ ગણતા.
વિધિ-વિધાનોમાં કોઈ કચાશ ન રહે, મંત્રોચ્ચાર કે પૂજા-દ્રવ્યો કે સામગ્રીમાં કોઈ અધૂરપ ન રહે,
શ્રદ્ધા, ભક્તિ અને મહિમામાં ક્યાંય અપૂર્ણતા ન રહે, તેની તેમને ખૂબ જ ચીવટ.
એટલે જ વિધિ-વિધાનોમાં રત રહેલા સ્વામીશ્રીને નીરખવામાં
શ્રદ્ધા અને ભક્તિનું એક અનોખું સાક્ષાત્ દર્શન સૌને લાધતું.
પ્રમુખસ્વામી મહારાજ નાની-મોટી કોઈપણ ધાર્મિક વિધિમાં પ્રવૃત્ત થયા હોય ત્યારે
એમને મન એ સિવાય બીજા કશાનું અસ્તિત્વ ન હોય એવા તલ્લીન થઈ ગયા હોય.
સાક્ષાત્ પરમાત્માના અખંડ ધારક બ્રહ્મસ્વરૂપ ગુણાતીત ગુરુ હોવા છતાં, જ્ઞાન-નિષ્ઠા-નિશ્ચયના ઓછાયા હેઠળ
એમણે ક્યારેય વિધિ-વિધાનો કે તેના મહત્ત્વને ગૌણ થવા ન દીધું, તેમણે તો એમાં નવું જીવન સિંચ્યું.
દાયકાઓ સુધી પ્રમુખસ્વામી મહારાજની એ આગવી ભક્તિમય વિશેષતાને નજીકથી અનુભવનારા
વિદ્વાન સંત પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામીની કલમે, શતાબ્દી પર્વે, આસ્વાદ માણીએ એમની અનુભૂતિઓનો...



## વિષયપ્રવેશ

શ્રીમદ્ભાગવતના પ્રારંભમાં શૌનકાદિક ઋષિઓ સૂતપુરાણીને પ્રશ્ન પૂછે છે કે 'ધર્મના આશ્રયરૂપ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અંતર્ધાન થયા પછી ધર્મ કોને શરણે રહ્યો?'[૧]

તેના ઉત્તરમાં શ્રીમદ્ ભાગવત વિસ્તૃત ચર્ચા કરે છે.

તેનો સંક્ષેપમાં ઉત્તર આપતાં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ જણાવે છેઃ 'ધર્મ તે ભગવાનની મૂર્તિને જ આશરે રહે છે, તે સારુ ભગવાનની મૂર્તિને વિષે જે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે, એટલે તેના હૃદયમાં ધર્મ પણ રહે.'[૨]

અર્થાત્ જેના હૃદયમાં ભગવાન વસે, ત્યાં ધર્મ રહે.

સાધારણ રીતે ધર્મ શબ્દ સદાચારના અર્થમાં વપરાય છે, પરંતુ ભારતીય દાર્શનિક ઇતિહાસમાં ધર્મ શબ્દનો અર્થ સદાચારમૂલક ધાર્મિક ક્રિયાઓ તેવો કર્યો છે. તેથી જ કર્મકાંડ અને ધાર્મિક ક્રિયાઓના મૂળ સમાન ગ્રંથ - પૂર્વ મીમાંસા સૂત્રનો પ્રારંભ 'अथातो धर्मजिज्ञासा'[૩] (હવે ધર્મની જિજ્ઞાસાનો આરંભ કરીએ) સૂત્રથી જ કર્યો છે. આવો ક્રિયા-કલાપરૂપ ધર્મ પરમાત્મા અને પરમાત્માને હૃદયમાં ધારણ કરનાર સત્પુરુષોના આધારે ટકે છે અને વિસ્તાર પામે છે.

પરમાત્મા અને પરમ એકાંતિક સત્પુરુષ જીવોનાં આત્યંતિક કલ્યાણની સાથે સાથે આવા ધાર્મિક ક્રિયા-કલાપને પણ નવજીવન બક્ષે છે. તેના દ્વારા સામૂહિક સાધનાઓ સુલભ બનાવે છે.

પ્રસ્તુત લેખમાં ભગવાન સ્વામિનારાયણના અખંડ ધારક બ્રહ્મસ્વરૂપ સંતવર્ય પ્રમુખસ્વામી મહારાજે સાધારણ જનજીવનમાં ક્રિયાકલાપોના નૂતન અભિગમ દ્વારા કેવી ક્રાંતિ ફેલાવી છે તે જાણીશું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે શાસ્ત્રીય વિધિ-વિધાનો, ક્રિયા-કલાપો વગેરેમાં ખૂબ ભક્તિપૂર્વક જોડાઈને લાખો લોકોને ભક્તિના માર્ગે વાળ્યા હતા. યજ્ઞો અને મહાયજ્ઞો, પૂજાઓ અને મહાપૂજાઓ, પ્રાણપ્રતિષ્ઠા પર્વો, કથા-સત્સંગ પારાયણ પર્વો, મહાન ઉત્સવો વગેરે અનેક પ્રસંગોએ આવા શાસ્ત્રીય વિધિ-વિધાનોને અનુસરીને પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિની સનાતન પરંપરાનું જતન અને સંવર્ધન નવી પેઢીમાં કર્યું છે. અહીં તેનો એક ચિતાર માણીએ...

## વિશ્વશાંતિ મહાયજ્ઞોના પ્રેરક પ્રમુખસ્વામી મહારાજ

'यज्ञो वै विष्णु।' અર્થાત્ યજ્ઞ એ પરમાત્માનું સ્વરૂપ છે. યજ્ઞ ભારતીય સંસ્કૃતિના ધાર્મિક જગતનો સૌથી પ્રાચીન ધાર્મિક વિધિ છે. યુગોના પ્રવાહ સાથે તેમાં ઘણાં ઘણાં પરિવર્તનો થયાં છે. દ્રવ્યયજ્ઞ અર્થાત્ અમુક દ્રવ્યોના હોમથી આરંભીને જપયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, સેવાયજ્ઞ, શ્રમયજ્ઞ વગેરે જમાનાની આવશ્યકતા પ્રમાણે યજ્ઞનાં સ્વરૂપો બદલાતાં રહ્યાં છે. સૌથી પ્રાચીન દ્રવ્યયજ્ઞ ભારતમાં અનેક સ્થળોએ પ્રસંગોચિત થતા રહે છે. અમુક સંપ્રદાયોમાં સામૂહિક રીતે પણ આવા યજ્ઞો થતા હોય છે. વૈદિક પરંપરાને અનુસરીને હજારોની સંખ્યામાં યજમાનો લાભ લઈ શકે તેવા એ યજ્ઞો પ્રમુખસ્વામી મહારાજની અનોખી દેન છે. છેલ્લાં ૪૦ વર્ષની જ વાત કરીએ તો, પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી આ ચાર દાયકામાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયેલા યજ્ઞોની કુંડ-સંખ્યા અને યજમાન-સંખ્યા પરથી આપણને ખ્યાલ આવશે કે એ જુગજૂની યજ્ઞસંસ્થાનું પણ કેટલું ગૌરવ વધાર્યું છે. સ્વામીશ્રીની પ્રેરણાથી દર વર્ષે ગામડે ગામડે કે નગરે નગરે સ્થપાતાં મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા વેળાએ થતા યજ્ઞોની સંખ્યા ગણવા જઈએ તો એ આંકડો લાખોમાં પહોંચે છે. પરંતુ તે પૈકી મુખ્ય ૫૦ શહેરોમાં થયેલા યજ્ઞની જ વાત કરીએ તો ૧૨,૪૫૪ યજ્ઞકુંડમાં ૧,૨૩,૯૯૩ યજમાન દંપતીઓ એટલે કે ૨,૪૭,૯૮૬ યજમાનોએ યજ્ઞનારાયણને આહુતિ આપી છે.

પ્રમુખસ્વામી મહારાજના પ્રભાવને કારણે તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ તેટલા જ વેગથી આ વિધિઓ થઈ રહી છે.

યજ્ઞ સિવાય સેંકડો બી.એ.પી.એસ. મંદિરોમાં નિત્ય મહાપૂજાઓ થાય છે. અને પ્રસંગોપાત્ત થતી મહાપૂજાઓની સંખ્યા પણ લાખોની સંખ્યામાં છે. શિખરબદ્ધ મંદિરોના શિલાન્યાસ વેળાએ કે પાટોત્સવ પ્રસંગે ૫,૦૦૦ અથવા તેથી વધારે ભક્તો સામૂહિક મહાપૂજામાં લાભ લેતા હોય છે.

વળી, ૨૦૦૫માં દિલ્હી ખાતે સ્વામીશ્રીએ સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્ઘાટન પ્રસંગે યજ્ઞ કરાવ્યો ત્યારે મૂર્તિઓનાં ધાન્યાધિવાસ, જલાધિવાસ, ઘૃતાધિવાસ, ૪૯ કુંભો દ્વારા ઉત્તમોત્તમ સ્નપન વગેરે વિધિ પણ ધાર્મિક

---

૧. ભાગવત ૧/૧/૨૩.

૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૬.

૩. પૂર્વમીમાંસા ૧/૧/૧.

ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ બની રહ્યો છે. અક્ષરધામનાં ઉદ્‌ઘાટનની સાથે થયેલો નારાયણ સરોવરનો તડાગ-ઉત્સર્ગ વિધિ તો ભારતના સેંકડો વરસના ઇતિહાસમાં સૌપ્રથમવાર હશે તેમ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય.

આ સિવાય સમૂહ લગ્નોત્સવ, સમૂહ યજ્ઞોપવીત ઉત્સવ વગેરે દ્વારા ઓછા ખર્ચે હજારો કુટુંબોને ભારતીય વિધિ-વિધાનરૂપ શ્રદ્ધાના મજબૂત સૂત્રથી પ્રમુખસ્વામી મહારાજે પવિત્ર કર્યા છે.

## મૂર્તિ-અભિષેકની સુલભતા

પ્રાચીનકાળમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા સમયે, શિષ્યને ગાદી આપતી વેળાએ, રાજકુંવરને રાજ્ય-સિંહાસન આપતી વખતે તથા મંદિરમાં કંઈક મુશ્કેલી થઈ હોય ત્યારે પ્રાયશ્ચિત્તના રૂપમાં સ્નપન અર્થાત્ અભિષેક કરવાની રીત પ્રચલિત છે. અભિષેકની પદ્ધતિ શૈવ, વૈષ્ણવ, શાક્ત, બૌદ્ધ અને જૈન આગમોમાં વિસ્તારથી વર્ણવાયેલી છે. બ્રાહ્મણ ગ્રંથો, શ્રૌતસૂત્રો અને ગૃહ્યસૂત્રોમાં પણ તેના અંશો પ્રાપ્ત થાય છે. પંચરાત્રની પારમેશ્વર સંહિતામાં એક કળશથી માંડીને ૧૦૦૧ કળશ સુધીના વિવિધ અભિષેકનું વિસ્તારથી વર્ણન મળે છે.

આ અભિષેક પરંપરા આજે દક્ષિણ ભારતીય મંદિરોમાં વિશેષ જોવા મળે છે, પરંતુ અભિષેકનાં દર્શન ફક્ત પૂજારી અને કર્મચારીગણ જ કરી શકે છે. સાધારણ જનતાને તો બ્રહ્મોત્સવ જેવા મોટા ઉત્સવોમાં વર્ષમાં એકાદ-બે વખત દર્શન થાય છે. ઉત્તર ભારતનાં રાજ્યોમાં આ અભિષેક કેવળ શિવલિંગ પર જલધારીના રૂપમાં જ દેખાય છે.

પ્રમુખસ્વામી મહારાજે આ અભિષેક પરંપરાને પુનઃ જીવિત કરી. આમજનતા પણ પોતાના શુભ સંકલ્પો પૂર્ણ કરવા માટે પરમાત્માનો અભિષેક કરી શકે તે હેતુથી નીલકંઠવર્ણીની મૂર્તિઓની શૃંખલા સ્થાપી છે. વિધિ પ્રમાણે વૈદિક મંત્રોચ્ચાર અથવા સ્વામિનારાયણ મહામંત્રના મધુર સ્મરણ સહિત આ વિધિ દ્વારા હજારો મુમુક્ષુઓ લાભાન્વિત થાય છે.

દેશ-વિદેશનાં અનેક શહેરોમાં સેંકડો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં સૌ કોઈને આ અભિષેક વિધિનો લાભ અવશ્ય મળે છે. વિદેશમાં તો સ્થાનિક શ્વેત પ્રજા પણ પોતાના શુભ સંકલ્પો પૂર્ણ કરવા આ વિધિમાં ઉમંગભેર શામેલ થાય છે. શ્રી સ્વામિનારાયણ અક્ષરધામ દિલ્હીમાં નીલકંઠવર્ણીના અભિષેક માટે બિનહિન્દુ ધર્મગુરુઓ પણ આ અભિષેક વિધિમાં અહોભાવ સાથે જોડાય છે.

સ્ત્રી-પુરુષ, બાળક, યુવાન કે વૃદ્ધ, ગરીબ કે ઉદ્યોગપતિ આવા કોઈપણ ભેદભાવ વગર તમામ ભાવિકો ભારતીય પ્રાચીન પરંપરાના આ વિધિ દ્વારા કૃતાર્થતા અનુભવે છે. કળિકાળમાં આ અભિષેક પરંપરાનું આ પુનર્જીવન પ્રમુખસ્વામી મહારાજનું સમાજને મોટું યોગદાન છે.


આ અભિષેક પરંપરા અર્થાત્ શાસ્ત્રોમાં જણાવેલી અભિષેક પદ્ધતિની મૂળ ભાવનાને જાળવીને વિકસાવેલ જમાનાની માંગ પ્રમાણેનો આવિષ્કાર. સાથે સાથે પ્રાચીન પદ્ધતિ પણ સ્વામીશ્રીએ ભુલાવા દીધી નથી. તેઓની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થામાં પ્રસંગોપાત્ત વિશાળ પાયા પર એવા અભિષેક પ્રસંગો પણ આયોજાય છે. જુઓ થોડાંક ઉદાહરણો:

- ૧૯૯૮માં શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તીથલ ખાતે પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ૧૦૦૧ કળશથી પરમાત્માના દિવ્ય વિગ્રહ પર મહાઅભિષેક કરવામાં આવ્યો હતો.

- તા. ૧૭-૭-૨૦૦૫ના આષાઢ સુદ ૧૦ના રોજ શ્રી સ્વામિનારાયણ અક્ષરધામ, દિલ્હીમાં મૂર્તિ-સ્થાપન સમયે પારમેશ્વર સંહિતા (૧૪/૩૪-૭૮) અનુસાર વિધિ ઔષધિ ભરેલા બાર કળશથી 'प्रधानस्नपनम्' નામનો અભિષેક વિધિ પ્રમુખસ્વામી મહારાજે કર્યો હતો, તે કળશોના અભિમંત્રિત જળ વડે હરિકૃષ્ણ મહારાજ તથા અક્ષરધામના શિખર પર પણ અભિષેક કર્યો હતો.

- દિલ્હીમાં તા. ૪-૧૧-૨૦૦૫ થી તા. ૬-૧૧-૨૦૦૫ દરમ્યાન સ્વામિનારાયણ અક્ષરધામનો ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો હતો. તે વખતે પારમેશ્વર સંહિતા (૧૪/૨૩૬-૨૫૮) પ્રમાણે 'अपरभेदे तृतीयपर्याये उत्तमोत्तमस्नपनम्' નામથી મુખ્ય મૂર્તિ પર અભિષેક કર્યો હતો. તે સમયે વિવિધ ઔષધિઓ, વનસ્પતિઓ, રત્નો વગેરેથી યુક્ત ૪૯ અભિમંત્રિત કળશોનું સ્થાપન કરવામાં આવ્યું હતું.

- બી.એ.પી.એસ. સંસ્થાના શતાબ્દી મહોત્સવ અંતર્ગત સન ૨૦૦૬માં શ્રી સ્વામિનારાયણ મંદિર, બોચાસણમાં શતવાર્ષિક પાટોત્સવના દિવસે પણ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી પારમેશ્વર સંહિતા (૧૪/૩૪૩-૪૯૫) તથા ઈશ્વર સંહિતા (૧૫/૨૩૪-૩૯૩) પ્રમાણે ૧૦૦૧ કળશથી 'अनन्तकलशस्नपनम्' નામનો મહા-અભિષેક થયો હતો.



પ્રમુખસ્વામી મહારાજે પ્રાચીન ભારતીય અભિષેક પરંપરાને નવજીવન આપીને લાખો મુમુક્ષુઓને ભક્તિ-પ્રાર્થનાના એ સરળ માર્ગે ઉન્નત કર્યાં છે.

જેમાં વિવિધ દ્રવ્યો જેવાં કે રત્નો, વનસ્પતિઓ, પંચગવ્ય, પંચામૃત, ઔષધિઓ, મૃત્તિકાઓ, વિવિધ પ્રકારનાં પવિત્ર જળ વગેરે સેંકડો દ્રવ્યો વડે અક્ષરપુરુષોત્તમ મહારાજ પર અભિષેક સંપન્ન થયો હતો.

- તેવી જ રીતે સારંગપુર ખાતે બી.એ.પી.એસ. મંદિરના શતવાર્ષિક પાટોત્સવના દિવસે પણ પારમેશ્વર સંહિતા (૧૪/૩૪૩-૪૯૫) તથા ઈશ્વર સંહિતા (૧૫/૨૩૪-૩૯૩) પ્રમાણે ૧૦૦૧ કળશથી 'अनन्तकलशस्नपनम्' નામનો મહાઅભિષેક કરવામાં આવ્યો હતો.

## સ્વામીશ્રી અને વિધિ-વિધાન

પ્રત્યેક ક્રિયાને ભગવાનનો સંબંધ કરાવીને ભક્તિરૂપ બનાવવી તે ગુણાતીત સત્પુરુષનું આગવું લક્ષણ છે. તેથી જ એમની પ્રત્યેક ક્રિયા ભક્તિમય હોય છે, ત્યારે ધાર્મિક ક્રિયાકાંડ વિધિવિધાન ભક્તિમય બને તેમાં નવાઈ શું? પ્રમુખસ્વામી મહારાજે તેનું એક શ્રેષ્ઠ ઉદાહરણ જીવી બતાવ્યું છે. તેઓ ભક્તિ તરીકે સ્વીકારીને જે પણ કરે તેમાં

તેમનો ઉત્સાહ અનન્ય જ હોય. તેઓ દરેક ક્રિયા સૂક્ષ્મતાથી કરે. તેના પ્રત્યેક પાસાનો સૂક્ષ્મ વિચાર કરે. તેમાં જોડાયેલા તમામને પ્રોત્સાહન, માર્ગદર્શન અને અધ્યાત્મની નવી ઊંચાઈ સર કરવાનું બળ આપે. પ્રમુખસ્વામી મહારાજની આવી ધાર્મિક વિધિ-વિધાન સંબંધી કેટલીક સ્મૃતિઓ મારા હૃદયમાં સચવાયેલી છે. સન ૧૯૮૧થી લઈને આજપર્યંત તેઓની આજ્ઞા, પ્રેરણા અને કૃપાથી દેશ-વિદેશના એવા અનેક પ્રસંગોએ તેઓની સાથે ધાર્મિક વિધિ-વિધાનોમાં સેવામાં જોડાવાનો અવસર મને પ્રાપ્ત થયો છે. એવા પ્રસંગોએ તેમની વિવિધ લાક્ષણિકતાઓ નીરખવા મળી છે. તેમાંથી થોડીક બાબતોનું અહીં પવિત્ર સ્મરણ કરું છું.

### વિધિમાં પ્રોત્સાહન

તા. ૨૯-૪-૨૦૦૫ રોજ અમદાવાદ ખાતે શાહીબાગમાં સ્વામિનારાયણ મંદિરે પરમ પૂજ્ય સ્વામીશ્રીની પૂજા દરમ્યાન દિલ્હીમાં નિર્માણાધીન અક્ષરધામ પર પધરાવવાના મહાકાય કળશનું પૂજન હતું. પૂજન દરમ્યાન પરમ પૂજ્ય સ્વામીશ્રી મહિમાસભર સ્વરે સહજતાથી બોલી ઊઠ્યા હતા કે ‘આ કળશને તો દૂધે ધોવા જોઈએ.’ એટલે કે આ કળશ પર વિધિવત્ અભિષેક વિધિ થવો જોઈએ તેવો તેમનો નિર્દેશ હતો. આગમ શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ ૧૨ કળશથી હરિકૃષ્ણ મહારાજનું સ્નપન(અભિષેક) પણ કરવાનું પણ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ નક્કી કર્યું હતું.

અને તા. ૧૭-૭-૨૦૦૫ના રોજ દિલ્હીમાં એમનો એ સંકલ્પ પણ સાકાર થયો. પરમ પૂજ્ય સ્વામીશ્રીનો ઉત્સાહ અનેરો હતો. બે દિવસ પહેલાં તા. ૧૭-૭-૨૦૦૫ના તેઓએ રાત્રે આઠ વાગ્યે મને બોલાવ્યો. ૧૭ તારીખે આષાઢ સુદ દશમના દિવસે વિધિ થવાનો હતો એનો વિમર્શ ચાલુ કર્યો. એમણે કેવી રીતે અભિષેકવિધિ થવો જોઈએ તેનું વિગતે માર્ગદર્શન આપીને જણાવ્યું કે ગર્ભગૃહમાં સ્થાપિત થનાર ભગવાન શ્રી સ્વામિનારાયણની મુખ્ય મૂર્તિને પણ અભિષેકવિધિ કરીને સ્થાપિત કરવી છે. કળશની આરતી કરવી છે. મને વિશેષ સમજાવતાં કહે કે એક સ્થાને બેસીને શાંતિથી વિધિ કરવો. બે-ચાર સહાયકો રાખવા. સામગ્રી જ્યાં જેટલી જરૂર હોય ત્યાં તેટલી પહેલેથી જ ભેળી કરી લેવી. વારંવાર દોડવું ન પડે. ત્યાં જ બધી સામગ્રી મળી જાય.

આજના વિધિમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીનો ઉત્સાહ અનન્ય હતો. સૂક્ષ્મ-અતિ સૂક્ષ્મ બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા હતા. મને એ ક્ષણો બરાબર સાંભરે છે. આપણે વિચારી પણ ન શકીએ તેવી નવી નવી બાબતો ઉમેરતા જતા હતા. દેશ-વિદેશના હરિભક્તોને પણ ખાસ બોલાવ્યા હતા. નિશ્ચિત કરેલા સમયે સ્વામીશ્રી અભિષેકવિધિમાં પધાર્યા અને પુણ્યાહવાચન વિધિમાં જોડાયા. ત્યારબાદ જે પીઠિકા (ઓટલા) પર મૂર્તિ સ્થાપિત થવાની હતી તે પિંડિકાનું પૂજન થયું. પીઠિકા પર આઠ દિશા અને મધ્ય ગર્તમાં શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે મંત્ર સહિત દ્રવ્યો, ખનીજો, ધાતુઓ, રત્નો, યંત્ર વગેરે પધરાવ્યાં. બધા હરિભક્તોને બોલાવ્યા એમના દ્વારા ચોખા પધરાવ્યા.

ત્યારબાદ સ્વામીશ્રીએ અક્ષરધામના પોડિયમ પર પધારીને શાસ્ત્રીય વિધિ મુજબ બાર કળશ દ્વારા હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કર્યો, હરિકૃષ્ણ મહારાજની સોળ ઉપચારથી પૂજા કરી. પછી સંકલ્પ કરાવી ઔષધિઓ, કેસરજળ અને દૂધ તથા શુદ્ધ જળથી નવ ફૂટ મોટા કળશનો અપૂર્વ અભિષેકવિધિ કર્યો. સદ્‌ગુરુ સંતો તથા અગ્રણી હરિભક્તો પાસે પણ અભિષેક કરાવ્યો. ત્યારબાદ ગર્ભગૃહમાં સ્થપાઈ ગયેલી મુખ્ય મૂર્તિ પર પણ સ્વામીશ્રીએ અભિષેક કરાવ્યો. મૂર્તિની પાછળ મસ્તક પાસે પાટિયાં ગોઠવીને બંને બાજુ વિવેકસાગર સ્વામી અને ઈશ્વરચરણ સ્વામી મૂર્તિના સમગ્ર વિગ્રહ પર અભિષેક કરતા હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ ચરણારવિંદ અને હાથ ઉપર અભિષેક કર્યો. ત્યારબાદ સ્વામીશ્રીની ઇચ્છા મુજબ તમામ હરિભક્તોએ અભિષેક કર્યા. ૯:૧૫ ચાલુ થયેલો વિધિ ૧૨:૦૦ વાગે પૂરો થયો, પરંતુ સ્વામીશ્રી પ્રસન્નપણે સમગ્ર વિધિમાં જોડાયેલા રહ્યા.

આવું જ એક સ્મરણ અમેરિકામાં સ્વામીશ્રીના સંકલ્પે રચાનાર અક્ષરધામના શિલાપૂજન પ્રસંગનું છે. વાત સન ૨૦૧૧ની છે. નાદુરસ્ત તબિયત હોવાથી સ્વામીશ્રી મુંબઈ ખાતે સારવાર અને વિશ્રામ લઈ રહ્યા હતા. આથી મુંબઈ ખાતે તેમના સાંનિધ્યમાં જ, અમેરિકામાં રચાનાર અક્ષરધામની શિલાઓનું પૂજન થવાનું નિર્ધારિત થયું હતું.

તા. ૨૫-૮-૨૦૧૧ના રોજ ધર્મચરણદાસ સ્વામીનો મુંબઈથી ફોન આવ્યો કે સ્વામીશ્રી પૂછે છે કે ન્યૂજર્સી અક્ષરધામનો શિલાન્યાસ છે તે માટે કળશ વગેરે કોણ લાવવાનું છે? વિધિ માટે કોણ આવવાનું છે? જે વ્યવસ્થા હોય તે વાત કરો.

આ કાર્યનું સૂત્ર સંભાળી રહેલા પૂજ્ય ઈશ્વરચરણદાસ



**ય**જ્ઞ હોય કે મહાપૂજા, સ્વામીશ્રીને મન દરેક શાસ્ત્રીય વિધિ માત્ર કર્મકાંડ નહીં, પરંતુ પરમાત્માને અર્પણ થતી ભક્તિનું અનોખું માધ્યમ હતું.

સ્વામીએ સ્વામીશ્રીને વિશેષ તકલીફ ન પડે તે હેતુથી એવું વિચાર્યું હતું કે સ્વામીશ્રીના હાથે એકાદ શિલાનું પૂજન સંતો અને સ્થાનિક હરિભક્તોની હાજરીમાં થઈ જાય. બાકીનો વિધિ ન્યૂજર્સીમાં કરીશું.

સ્વામીશ્રીએ આ વાત સાંભળીને ઈશ્વરચરણદાસ સ્વામી તથા અક્ષરધામ નિર્માણમાં સેવા આપતા તમામ સંતોને મુંબઈ આવવા જણાવ્યું. અમેરિકાથી હરિભક્તોને બોલાવવા કહ્યું અને મને બે દિવસ પહેલાં આવી જવા જણાવ્યું.

હું ૨૯-૮-૨૦૧૧ના સવારે મુંબઈ પહોંચ્યો ત્યારે સ્વામીશ્રીએ શિલાપૂજન વિધિ કેવી રીતે કરવો તે અંગે સંતો સાથે મીટિંગ કરી. સ્વામીશ્રીએ ઝીણામાં ઝીણી વિગતોની ઊંડી ચર્ચા કરીઃ મુહૂર્ત કયું સારું છે? ભૂદેવો કોણ આવશે? કઈ કઈ શિલાઓનું પૂજન થશે? પૂજનવિધિ ક્યાં કરીશું? શિલા સાથે યંત્ર, કૂર્મ વગેરે કોણે બનાવ્યાં? કેટલાં બનાવ્યાં? વગેરે તમામ બાબતો તેમણે ચકાસી લીધી! વળી, કહેઃ 'બધું શાસ્ત્રોક્ત છે ને? આવું મોટું કામ થાય ત્યારે શાસ્ત્રોક્ત થાય, તો કોઈને કંઈ કહેવાનું ન રહે.' શિલાનું માપ પણ શાસ્ત્રોક્ત છે તે વાત બરાબર ચકાસી લીધી. વાર્તાલાપ દરમ્યાન શિલા ઉપર સિક્કો મૂકવાની વાત થતાં સ્વામીશ્રી કહેઃ 'એવી રીતે મૂકવો કે તે પડી ન જાય.'

૩૦ તારીખે ફરી રાત્રે સ્વામીશ્રીએ મીટિંગ કરીને સૌને બોલાવ્યા અને એમાં તેઓએ પોતાનો નિર્ણય જાહેર કર્યો કે તેઓ સવારે ૭:૦૦ વાગે આવી જશે.

૭:૦૦ વાગે વિધિમાં આવે તેને બદલે થોડા મોડા આવે તો સારું, તેમ બધાનાં મનમાં હતું. કારણ કે હજુ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું થયું ન હતું. અશક્તિ ઘણી હતી, પરંતુ તેમ

છતાં બે કલાક લાંબી વિધિમાં જોડાવા માટે તેઓ મક્કમ હતા. સંતોએ સમજાવવા ખૂબ પ્રયત્ન કર્યો કે સ્વામીશ્રી મોડા પધારે અને થોડો વિશ્રામ કરે. પરંતુ સ્વામીશ્રી પોતાના નિર્ણયમાં અડગ રહ્યા.

તા. ૩૧-૮-૨૦૧૧ સવારે સાત વાગ્યે સમયસર સ્વામીશ્રી પધારી ગયા. અક્ષરધામમાં સેવા આપતા સંતોને જાતે નાડાછડી બાંધી. ભૂદેવોને જોઈને ખૂબ પ્રસન્ન થયા, અને કહે સર્વોપરી મંત્ર બોલો. અક્ષરધામ સર્વોપરી થાય.

સ્વામીશ્રીની પૂજાની સમાંતર શિલાન્યાસ વિધિ ચાલતો હતો. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી તે વિધિ કરતા હતા. પુણ્યાહવાચનનો કળશ સહાયક સંતે બંને હાથે કોઠારી સ્વામીને આપ્યો. સ્વામીશ્રીને તેમનો ડાબો હાથ જ દેખાતો હતો તેથી પોતાના હાથથી સંતના હાથને સ્પર્શીને કહેઃ 'જમણા હાથે વિધિ કરો.'

સ્વામીશ્રીએ સ્થાનિક અક્ષરપુરુષોત્તમ મહારાજની સાથે પોતાની પૂજામાં બિરાજમાન હરિકૃષ્ણ મહારાજને પણ પંચામૃત સ્નાન-અભિષેક કરાવરાવ્યું. અભિષેક પછી ઠાકોરજીને પોતાની પાસે મંગાવ્યા. ચરણસ્પર્શ કર્યો. ચંદનનો ચાંદલો કર્યો. અક્ષત ચોડ્યા. હરિકૃષ્ણ મહારાજનાં ચરણમાં ૧૦૮ નામથી અભિષેક કર્યો. યંત્ર, વરાહ વગેરે દેવો તથા બાંધકામનાં સાધનોની પૂજા કરી. ખૂબ પ્રસન્ન હતા. બ્રાહ્મણોને પણ નાડાછડી બાંધી ચાંદલા કર્યા. આમ વિધિમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. છેલ્લાં બે મહિનાઓથી સ્વામીશ્રીની તબિયત નાજુક હતી, પરંતુ આ વિધિ માટે બીમારીને અળગી કરીને સ્વામીશ્રી સવારે ૭:૦૦ વાગ્યાથી ૯:૧૫ વાગ્યા સુધી પૂજનવિધિમાં તલ્લીન રહ્યા. એ પ્રસંગે શાસ્ત્રીય પૂજનવિધિ માટેનો તેમનો આગ્રહ અને તેઓની ભક્તિનાં દર્શન થયાં તે આજેય યાદ છે.

એવું જ એક સ્મરણ યુગાન્ડાના કંપાલા શહેરનું છે.

૧૯૯૯માં સ્વામીશ્રીનો કાર્યક્રમ પૂર્વ આફ્રિકામાં યુગાન્ડામાં કંપાલા ખાતે નિશ્ચિત થયો હતો. અહીં બી.એ.પી.એસ. મંદિરમાં આરસમાંથી નિર્મિત અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાનું સ્વામીશ્રીએ નિર્ધારિત કર્યું હતું. તા. ૨૬-૯-૧૯૯૯ના રોજ સાંજે મૂર્તિઓની નગરયાત્રા યોજાઈ હતી તેને નીરખવા માટે સ્વામીશ્રી મંદિરના પગથિયા પાસે સ્ટેજ પર બિરાજ્યા હતા. મૂર્તિઓનાં દર્શન કરતાં સ્વામીશ્રીએ મને બોલાવીને કહ્યું: 'આપણે કાલે આ મૂર્તિઓની પ્રતિષ્ઠા છે. તો યજ્ઞ કરીએ તો કેવું?'

જો કે થોડા દિવસો પહેલાં જ આ મૂર્તિઓને નૈરોબી ખાતે થયેલી મૂર્તિપ્રતિષ્ઠા દરમ્યાન યજ્ઞમાં પધરાવી હતી, પરંતુ સ્વામીશ્રીને અહીં પુનઃ યજ્ઞ કરીને મૂર્તિઓનું પૂજન કરવું હતું. તેથી સ્વયં જ મુહૂર્તની બાબત સ્પષ્ટ કરતાં કહેવા લાગ્યાઃ 'સવારે છ વાગ્યાથી સાડા સાત સુધી સારું મુહૂર્ત છે, તો તે સમયમાં યજ્ઞ કરો.' પછી જાતે જ વ્યવસ્થા અંગે માર્ગદર્શન આપતાં કહેવા લાગ્યાઃ 'અહીં યજ્ઞકુંડ મળશે? સનાતન મંદિરમાં પૂછી લેજો. ત્યાં ચોક્કસ હશે. યજ્ઞ કરવા માટે બ્રાહ્મણોની જરૂર પડશે કે તમને જ વિધિ કરાવતા આવડશે? વિધિ માટે શાસ્ત્રનું પુસ્તક ને બધું લાવ્યા છો?' આવી ઝીણી ઝીણી તમામ બાબતોનો સંતોષકારક ઉત્તર મળતાં પ્રસન્ન થયા.

તા. ૨૬-૯-૧૯૯૯ના સવારે ૬:૦૦ થી ૭:૩૦ સુધી યજ્ઞ કર્યો. ૯:૦૦ પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ થયો. પ્રતિષ્ઠા પણ ધામધૂમથી થઈ. મંદિરની પ્રદક્ષિણામાં જ પૂર્ણાહુતિનો હોમ મહંત સ્વામીજી કરી રહ્યા હતા. તેમાં જોડાઈને પૂર્ણાહુતિ વિધિ પણ તેમણે ખૂબ ભાવથી કર્યો. આમ કોઈપણ વિધિ શાસ્ત્રીય રીતે સંપૂર્ણ બને તેવી તેમની સહજ ચોક્સાઈ હતી.

તા. ૨૫-૬-૧૯૯૪ના રોજ ઓર્લાન્ડો(અમેરિકા) મૂર્તિપ્રતિષ્ઠા હતી. તે વખતે યજ્ઞ થઈ શકે તેવા સંજોગો નહોતા. ફક્ત મહાપૂજાની જ અનુકૂળતા હતી. એટલે સ્વામીશ્રીએ ખાસ ભારપૂર્વક કહેવડાવ્યું કે 'પંડિતને કહેજો કે યજ્ઞ અને નગરયાત્રા નથી તો મહાપૂજા ખૂબ શાંતિથી અને વ્યવસ્થિત કરે.'

તા. ૬-૧૦-૨૦૦૮ જામનગર શિલાન્યાસ વખતે આગલા દિવસે સ્વામીશ્રી વિધિ અંગે સૌ સાથે વિમર્શ કરતા હતા. તે સમયે એક વ્યક્તિએ કહ્યું કે 'વિધિમાં સમય ઘણો જાય છે.' તરત જ સ્વામીશ્રી બોલી ઊઠ્યાઃ 'આવા લોકોનું સાંભળવું નહીં. વિધિ જેટલો કરવાનો હોય તે તમામ વિધિ ખૂબ શાંતિથી કરવો.' પછી પુનઃ વિધિની ચોક્સાઈ કરતાં પૂછવા લાગ્યાઃ 'હરિભક્તોને અને મહાનુભાવોને ભાલમાં ચાંદલા કોણ કરવાનું છે? જેને વ્યવસ્થિત સ્વસ્તિતિલક કરતાં ફાવે તે જ કરે. રગેડા ન કરે.' સ્વામીશ્રીને મન જેટલું વિધિનું મહત્ત્વ હતું એટલું જ મહત્ત્વ વિધિમાં જોડાયેલા સૌ કોઈના કપાળમાં યોગ્ય રીતે સ્વસ્તિતિલક થાય અને યોગ્ય રીતે તેમને નાડાછડી-કંકણબંધન થાય તેનું હતું.

આવી શાસ્ત્રીય વિધિઓ આજની અને આવનારી

પેઢીઓ વ્યવસ્થિત રીતે કરે તે માટે સ્વામીશ્રીએ એક માર્ગદર્શક પુસ્તક પણ તૈયાર કરવાનું સૂચવ્યું હતું. તા. ૧૬-૧૨-૧૯૯૭ના રોજ સ્વામીશ્રી ભીમપોર-ડુમસ ખાતે બિરાજતા હતા. રાત્રે ભોજન બાદ આગામી મૂર્તિપ્રતિષ્ઠાના મુહૂર્તો અંગે બેઠા. વિદ્વાન શાસ્ત્રી પરમાનંદભાઈ દવેએ મુહૂર્તો આપ્યાં. જે તે ગામોમાં પ્રતિષ્ઠા હતી ત્યાં જણાવી પણ દીધું. પછી સ્વામીશ્રીએ પરમાનંદભાઈ શાસ્ત્રીજી અને અમને કહ્યું, 'ઉત્થાપન, શિલાન્યાસ, પાટોત્સવ-અભિષેક વગેરે વિધિઓનું પુસ્તક લખીને વિદ્યાર્થી સંતોને શીખવો. બધા વિધિઓ વ્યવસ્થિત થઈ ગયા છે તેમ આ પણ કરો.'

તાવ વગેરે બીમારી હોય, ડૉક્ટરે આરામ કરવા જણાવ્યું હોય તો પણ કોઈ વિધિ હોય તો બીમારીને અવગણીને પણ સ્વામીશ્રી અવશ્ય હાજર થઈ જ જાય.

તા. ૨૧-૫-૧૯૮૨માં બોચાસણ ખાતે સંસ્થાનો અમૃત મહોત્સવ ઊજવાઈ રહ્યો હતો. સ્વામીશ્રી તે પહેલાં એકાદ સપ્તાહથી બીમાર હતા. બોચાસણમાં પણ તાવ અને ઊલટીઓ થતી હતી. એવા અશક્ત શરીરે પણ રંગમંડપમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિપ્રતિષ્ઠામાં હાજર થઈને ઊભાં ઊભાં જ તમામ વિધિ કર્યો હતો.

૧૯૯૪માં વિદેશ વિચરણ દરમ્યાન જમણા હાથે 'ફ્રોઝન શોલ્ડર'ની તકલીફ થઈ હતી. મહાપૂજામાં વિધિના એક ભાગ રૂપે થતા પુણ્યાહવાચનનો કળશ તો ઉપાડી શકે તેમ ન જ હતા, પરંતુ શ્રીહરિના ૧૦૮ નામના પાઠ વખતે ચોખા પણ ભગવાન પાસે પધરાવી શકતા ન હતા, છતાં પણ તા. ૧૩-૮-૧૯૯૪ના રોજ આસ્ટન(માંચેસ્ટર) મૂર્તિપ્રતિષ્ઠા યજ્ઞમાં સવારે તમામ વિધિ સ્વામીશ્રીએ પ્રસન્નતાથી કર્યો અને પોતાની ભક્તિ અદા કરી.

## વિધિમાં સૂક્ષ્મતા અને ચોક્કસાઈ

સ્વામીશ્રીના સાંનિધ્યમાં કોઈપણ શાસ્ત્રીય વિધિ થાય એટલે તેમાં સહેજ પણ ઢીલું પોચું ન ચાલે. સ્વામીશ્રીને દરેક વિધિમાં ચોક્સાઈનો અને સૂક્ષ્મતાનો આગ્રહ.

દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામના શિલાન્યાસનો પ્રસંગ સ્મરણીય છે. શિલાન્યાસવિધિ પૂર્વે સ્વામીશ્રીનું વિદેશ વિચરણ ચાલી રહ્યું હતું. આ વિચરણ સંપન્ન કરીને તા. ૬-૧૧-૨૦૦૦ કારતક સુદ દશમના દિવસે સ્વામીશ્રી રાત્રે ૧૧:૪૫ વાગ્યે લંડનથી દિલ્હી પધાર્યા. લંડન અને દિલ્હીના સમયના તફાવતને કારણે શરીર આરામ માગે તે સ્વાભાવિક હોય, પરંતુ સ્વામીશ્રી બીજે દિવસે સવારે ૭:૩૦ પૂજામાં પધારી ગયા. બધાને હતું કે અલ્પાહાર બાદ સ્વામીશ્રી થોડોક આરામ કરશે, પરંતુ સ્વામીશ્રીને અક્ષરધામના શિલાન્યાસ-વિધિનો એટલો બધો ઉત્સાહ હતો કે આરામને બદલે તરત જ વિધિની ચોક્સાઈ માટે મીટિંગ માટે સૌ સંતોને બોલાવ્યા. આ એમની એક ખાસિયત હતી કે કોઈપણ ઉત્સવ હોય, કોઈપણ વિધિ હોય તો પૂર્વે સૂક્ષ્મ-અતિ સૂક્ષ્મ વિગતો જાણીને તેનું સંપૂર્ણ માર્ગદર્શન આપે. એ મુજબ, સવારે એક કલાકથી વધારે સમય આપીને ઉતારે મીટિંગ કરી સ્વામીશ્રી ૧૦:૩૦ વાગ્યે શિલાન્યાસ સ્થળે પહોંચી ગયા. બધું જ નિરીક્ષણ કર્યું. ચાલતાં ચાલતાં મહાપૂજા થવાની હતી તે સ્થળે પધાર્યા. જ્યાં હરિભક્ત-યજમાનો વિધિમાં બેસવાના હતા તે જમીન સમથળ ન હતી, તે અંગે વ્યવસ્થાપકોનું ધ્યાન દોર્યું અને કહ્યું કે 'આ જમીન સમથળ કરી નાંખજો. બે કલાક બેસવું હોય તો શું થાય?'

ત્યારબાદ, સ્ટેજ પર સ્વામીશ્રી કઈ દિશામાં બિરાજીને વિધિ કરશે અને સ્ટેજની સામે બેઠેલા યજમાન હરિભક્તો કઈ દિશામાં બેસીને વિધિ કરશે તેની ચર્ચા થઈ. અગાઉ અમે નક્કી કર્યું હતું કે સ્વામીશ્રી પૂર્વ તરફ મુખ રાખીને બેસે અને હરિભક્તો ઉત્તર તરફ મુખ રાખીને બેસે. પરંતુ તેમ કરવામાં શિલાન્યાસના ગર્તને ઠાકોરજીનો વાંસો આવે. એ સ્વામીશ્રીને પસંદ નહોતું. આથી, સહેજ ઠપકાના સ્વરમાં મને કહે: 'ખબર પડે છે? મંડપ કર્યો ત્યારે તમે અહીં નહોતા? ઠાકોરજીનું આસન ક્યાં રાખશો?' મેં કહ્યું, 'આટલી બાબતમાં દિશા ફેર થાય તો વાંધો નહીં.' સ્વામીશ્રી કહે: 'પંડિત! તમે સમજતા નથી. આ તો સાક્ષાત્ અક્ષરધામનું ખાત છે. આમાં ન ચાલે. વ્યવસ્થિત જોઈએ.' પછી નક્કી થયું કે સ્વામીશ્રી ઉત્તર મુખ રાખીને બેસે, જેથી ઠાકોરજીની જમણી તરફ શિલાન્યાસનો ગર્ત આવે અને હરિભક્તો સ્વામીશ્રીની પાછળ બેસે. આ વિચારથી તેમને થોડો સંતોષ થયો.

વિધિ દરમ્યાન ઉતાવળ ન થાય, કોઈ વિધિ બાકી રહી ન જાય, તેની પણ સ્વામીશ્રી ખૂબ ચોક્સાઈ રાખે. એ તો વિધિમાં રસ-રુચિ હોય અને હૃદયમાં પૂર્ણ ભક્તિ-મહિમા હોય તો જ સંભવિત થાય. સાધારણ રીતે તો લોકો આવાં ધાર્મિક વિધિ-વિધાનો જલદી પૂરાં થાય તેવું જ ઇચ્છતા હોય છે. પરંતુ સ્વામીશ્રી તેમાં સંપૂર્ણપણે અપવાદ હતા. સ્વામીશ્રીના તો આવા અનેક પ્રસંગો પણ બન્યા છે કે જેમાં વિધિમાં કંઈ બાકી રહી ગયું હોય તો ત્યારે અથવા પછીથી



મૂર્તિપ્રતિષ્ઠા વિધિ હોય કે ખાતમુહૂર્ત હોય, મૂર્તિનું પૂજન હોય કે યજમાનને ચાંદલો કરવાનો હોય વિધિ અને મુહૂર્તમાં સ્વામીશ્રી ખૂબ ચોક્સાઇ રાખે.

યાદ કરાવે.

તા. ૩૦-૧૧-૨૦૦૩ના રોજ કોલકાતા ખાતે શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસવિધિ હતો. સ્વામીશ્રી નિર્ધારિત સમયે પધારી ગયા અને ખૂબ ઉત્સાહપૂર્વક બધો જ વિધિ સંપન્ન કર્યો. વિધિ બાદ ગર્તમાં પધરાવવાના નિધિકુંભને જાતે ચકાસી જોયો. તે બરાબર બંધાયો છે કે નહીં તેની જાતે ખાતરી કરી. શિલાને અને કળશને સાથે બાંધવાના બોક્સ વગેરે અંગે પણ સૂક્ષ્મ સૂચનાઓ આપી. શિલાને નિધિકુંભ સાથે એક બોક્સરૂપે દોરીથી બાંધી ગર્તમાં ૫૦ ફૂટ ઊંડે પધરાવવાનો હતો. આ રીતે શિલાને બોક્સમાં બાંધતાં દસેક મિનિટ લાગે તેમ હોવાથી શ્રીહરિના ૧૦૮ નામનો પાઠ અને પ્રાર્થના-ધૂન તે સમયે જ રાખવા વિચાર્યું હતું, પરંતુ શિલા, કળશ-બોક્સ વગેરે બાંધતી વખતે ગર્ત પૂજનનો વિધિ લાંબો ચાલ્યો અને તે વિધિ દરમ્યાન જ પૂજિત શિલા બોક્સમાં બંધાઈ ગઈ. પરિણામે સમય રહ્યો નહીં અને શ્રીહરિનાં ૧૦૮ નામનો પાઠ રહી ગયો. સ્વામીશ્રીએ વિધિ બાદ યાદ કરાવ્યું કે શ્રીહરિનાં ૧૦૮ નામનો પાઠ રહી ગયો.

એવા સેંકડો પ્રસંગો યાદ છે કે સ્વામીશ્રી જ્યારે પણ વિધિ માટે આસન પર બેસે એટલે કઈ કઈ સામગ્રી છે? ક્યાં છે? કેટલી છે? વગેરે એક નજરમાં તેમણે જોઈ-માપી લીધું હોય. કોઈ સામગ્રી વાપરવાની રહી જાય તો યાદ કરાવે. તા. ૭-૧૧-૧૯૮૮ નૈરોબીમાં ધનતેરશના દિવસે સાંજે

ઠાકોરજીની પૂજા કરી ત્યારે સોળ ઉપચારથી વિધિ થયો, પરંતુ ઠાકોરજીને અત્તર છાંટવાનું રહી ગયું. સ્વામીશ્રીએ શાંતુભાઈ પૂજારી દ્વારા ઠાકોરજી પર અત્તર છંટાવરાવ્યું.

ક્યારેય પણ વિધિ દરમ્યાન શ્રીફળ વધેરવાનાં હોય તો તે સારાં આવે તેનો તો બરાબર ખટકો રાખે. તા. ૨-૧૨-૨૦૦૦ના રોજ કરમસદમાં બી.એ.પી.એસ. કન્યા નિવાસશાળાના ઉદ્‌ઘાટનમાં ભારતના ગૃહપ્રધાન લાલકૃષ્ણ અડવાણીજી પધારવાના હતા. સ્વામીશ્રીએ જાતે શ્રીફળ તપાસીને લાવવા મને જણાવ્યું. તેમ જ સારો પ્રસાદ, સારાં પુષ્પો લાવવા કહે. પૂજાવિધિ દરમ્યાન રાખવાનાં પુષ્પોમાં સ્વામીશ્રી ગુલાબ અને મોગરા પર વધારે પસંદગી ઉતારે અને તે જ રાખવા જણાવે.

તા. ૨-૨-૨૦૦૬ના રોજ અટલાદરા ખાતે મંદિરની પાર્શ્વભૂમાં ગુરુશિખરની પ્રતિષ્ઠા નિમિત્તે યજ્ઞ કરવામાં આવ્યો હતો. સ્વામીશ્રી નિર્ધારિત સમયે પધાર્યા અને ક્ષણભરમાં નિરીક્ષણ કરી લીધું. પુષ્પો ગલગોટાનાં હતાં. ગુલાબ હતાં નહીં. સ્વામીશ્રી કહેઃ 'ગુલાબ કેમ નથી?' એક સંતે હારમાંથી ગુલાબ છૂટાં કરીને થાળીમાં મૂકી દીધાં. ગુલાબ આવ્યાં હોવા છતાં સ્વામીશ્રીને સહાયક સંતે ગલગોટાનું પુષ્પ આપ્યું. સ્વામીશ્રી કહેઃ 'ગુલાબ છે તોય આ કેમ?' થોડીવાર પછી વિધિના એક ભાગ રૂપે પુષ્પ પાણીમાં બોળીને સામગ્રી ઉપર અને યજમાનના શરીર પર છંટકાવ કરવાનો હતો. તે માટે એક સંતે ગલગોટાનું પુષ્પ મહંત સ્વામીને આપ્યું. તે પણ સ્વામીશ્રીએ જોયું અને ગુલાબનું પુષ્પ આપવા કહ્યું. ઠાકોરજીને થાળ ધરાવવાના વિધિ બાદ મુખવાસના વિધિમાં ઈલાયચી ફોલ્યા વગરની હતી. સ્વામીશ્રી ધીમા સ્વરે ઠપકો આપતાં કહેઃ 'ફોલવી પડે, પંડિત થયા તો પણ આટલી ખબર નથી પડતી?' આવી રીતે વિધિમાં શુષ્કતા ન આવી જાય, વિધિ યંત્રવત્‌ ન થાય તેનો ખ્યાલ પણ સ્વામીશ્રી રાખીને આપણને ભક્તિની રીત શીખવતા હતા.

વિધિના ભાગ રૂપે મૂર્તિના ભાલ પર અથવા યજમાનને જો ભીના કંકુથી ચાંદલો કરવાનો હોય તો તે વ્યવસ્થિત થાય તેનો સ્વામીશ્રી ખાસ ખ્યાલ રખાવે.

તા. ૨૮-૮-૧૯૯૯ના રોજ નૈરોબી ખાતે નૂતન મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યજ્ઞ યોજાયો હતો. વિધિ દરમ્યાન સ્વામીશ્રીએ નિરીક્ષણ કરી લીધું કે રાધાજીને ભાલમાં ચાંદલો કરવાનો બાકી છે. સ્વામીશ્રી કહેઃ 'હું કરી દઈશ.' અને તેમણે નાજુક, ભાલને અનુરૂપ, માપસરનો કંકુનો ચાંદલો કરી દીધો.

તા. ૨૭-૫-૧૯૯૨ના રોજ મુંબઈમાં અગ્રણી હરિભક્ત શ્રી સાધુરામભાઈ પટેલને ઘેર નવા ઘરમંદિરની પ્રતિષ્ઠા વિધિ હતો. અલાયદા ઘરમંદિરમાં ત્રણ વ્યક્તિ બેસે તેટલી જ જગ્યા હોવાથી સ્વામીશ્રી અને સાધુરામભાઈ બે બેઠા. મેં વિધિ કરાવી. સ્વામીશ્રીએ ચાંદલા કર્યા બાદ એક મૂર્તિને મેં ચાંદલો કર્યો, પરંતુ થોડીવારમાં તેનો રગેડો મૂર્તિની છાતી સુધી પહોંચી ગયો. સ્વામીશ્રી હળવી ટકોર કરતાં કહેઃ 'કેવા રગેડા ઊતરે છે! મેં કર્યા તેમ ચાંદલા કરાય!' આમ ચાંદલા કરવાની બાબતમાં પણ ચોક્સાઈ રાખવાનું સમજાવ્યું.

## મુહૂર્તનો અતિશય ખટકો

ધાર્મિક વિધિમાં એક મહત્ત્વનું અંગ છે મુહૂર્ત. શુભ મુહૂર્તમાં વિધિ કરવા સનાતનધર્મી ઇચ્છે અને વૈજ્ઞાનિક રીતે પણ તે સત્ય છે. સ્વામીશ્રીને પણ શુભ મુહૂર્તનો ખટકો ઘણો રહે. તે માટે આગ્રહ રાખે. શુભ મુહૂર્તમાં વિધિમાં પહોંચવા માટે ક્યારેક પોતાની દૈનિક ક્રિયામાં કાપ મૂકે અથવા સમાધાન કરે.

સ્વામીશ્રીને ગુજરાતમાં શુભ મુહૂર્ત માટે મહત્ત્વનાં ગણાતાં ચોઘડિયાં પહેલેથી જ આંગળીના વેઢે. તમે વાર કહો એટલે ગણીને તરત જણાવે. આવું કોષ્ટક તેમણે યાદ રાખ્યું છે. તેથી તેમની પાસે મુહૂર્ત માટે જવાનું થાય ત્યારે પૂર્વ તૈયારી બરાબર જોઈએ. નહીં તો તેઓ એક પ્રશ્ન કરે અને મુહૂર્તનો જાણનાર પણ મૂંઝાઈ જાય. ચાલો આપણે સ્વામીશ્રીના જીવનમાં જણાતા મુહૂર્તના ખટકાને અને મુહૂર્ત માટે તેમણે રાખેલા આગ્રહને જાણીએ.

તા. ૩-૨-૨૦૦૩ મહાસુદ બીજ, સોમવાર, દિલ્હી, આજે ગુજરાત વિહાર વિસ્તારમાં આવેલા મંદિરમાં પધરાવવાની ચિત્ર-પ્રતિમાનું પૂજન પ્રતિષ્ઠા અને શિખરબદ્ધ મંદિરના કળશની પૂજા સ્વામીશ્રી કરવાના હતા. અમારા મનમાં હતું કે સ્વામીશ્રી ૭:૩૦ વાગે પૂજામાં પધારે પછી બે-ત્રણ કીર્તન ગવાય, ત્યારબાદ થોડો વિધિ કરીએ. પછી સ્વામીશ્રી મૂર્તિઓનું તથા કળશનું પૂજન કરે.

પરંતુ ૬:૦૦ વાગે એક સંતે જણાવ્યું કે સ્વામીશ્રીએ જણાવ્યું છે, '૭:૦૦ વાગે મહાપૂજા શરૂ કરી દો.'

પછી જાણ થઈ કે સ્વામીશ્રીએ તે જ સમયે આત્મસ્વરૂપ સ્વામીને બોલાવીને વિગતે બધી સૂચનાઓ આપી દીધી હતી અને તમામ હરિભક્તોને મહાપૂજામાં ૭:૦૦ વાગ્યે હાજર

રહેવા જણાવી દીધું હતું. આદેશ થતાં સત્વરે ૬:૩૦ સુધીના સમયમાં મહાપૂજાનો સામાન એકત્રિત કરીને ૭:૦૦ વાગ્યે મહાપૂજા શરૂ થઈ ગઈ. સ્વામીશ્રી ૭:૧૦ વાગે પધાર્યા. તેમની પૂજા દરમ્યાન સમાંતરપણે મહાપૂજા થઈ. ત્યારપછી સ્વામીશ્રીએ કળશ પૂજન અને અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા અન્ય મૂર્તિઓનું પૂજન કર્યું અને સમગ્ર વિધિ ખૂબ પ્રસન્નતાપૂર્વક કર્યો.

વહેલા વિધિ કરવાનો આગ્રહ શા માટે હતો? તેઓ ૭:૧૦ પૂજામાં કેમ આવી ગયા? આ પ્રશ્ન અમારા મનમાં ઘોળાતો હતો, વિચારતાં ખબર પડી કે સોમવાર એટલે પહેલું ચોઘડિયું સારું હોય. તે દિવસે દિલ્હીમાં સૂર્યોદય ૭:૦૯ વાગે હતો. તેથી પહેલા ચોઘડિયામાં સમગ્ર વિધિ પૂર્ણ થઈ જાય તેવો સ્વામીશ્રીનો આગ્રહ હતો.

તા. ૨૧-૮-૧૯૯૯ના દિને નૈરોબીમાં મંદિરમાં નવા સંતનિવાસમાં મહાપૂજા કરવાની હતી. સ્વામીશ્રી સાંજે ૬:૦૦ વાગે પધારવાના હતા તેથી સવારમાં આ વિધિ પૂર્ણ થઈ જાય તેવો તેમનો આદેશ હતો. સ્થાનિક વ્યવસ્થાપકોના કહેવા મુજબ સવારે ૯:૦૦ વાગ્યા પહેલાં કોઈ હરિભક્ત પહોંચી શકશે નહીં, તેથી ૯:૦૦ વાગ્યા પછી મહાપૂજા કરવી. એમ નક્કી થયું હતું. સ્વામીશ્રી તે સમયે હરારે (ઝિમ્બાબ્વે) હતા. આગલે દિવસે તેમને આ વાતના સમાચાર મળી ગયા હતા

તેમણે વિશ્વવિહારીદાસ સ્વામીને ફોન કરીને મારો સંપર્ક કર્યો. સ્વામીશ્રીએ કહ્યું: 'આજે કયા મુહૂર્તમાં મહાપૂજા કરવાના છો?' મેં કહ્યું: 'કંઈ જોયું નથી પણ હરિભક્તોની ઈચ્છા છે કે નવ વાગે શરૂ કરીએ.' સ્વામીશ્રી કહે, 'પંડિત! આજે શનિવાર છે. બીજું ચોઘડિયું સારું હોય. તેથી ૯:૦૦ પહેલા વિધિ પૂર્ણ થઈ જવો જોઈએ. સારા મુહૂર્તમાં જ વિધિ થાય.' સ્વામીશ્રીની આજ્ઞા મુજબ ૭:૩૦ મહાપૂજા શરૂ થઈ ગઈ અને ૯:૦૦ વાગ્યા પહેલા વિધિ પૂર્ણ થઈ ગયો. હરિભક્તોને જાણ કરતાં તેઓ પણ વહેલા આવી ગયા. ખૂબ ધામધૂમથી વિધિ થયો. સ્વામીશ્રી સાંજે પધાર્યા ત્યારે તેમણે પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા.

ગુરુવારને દિવસે કોઈ વિધિ કરવાનો હોય તો પ્રથમ ચોઘડિયામાં અથવા ચોથા ચોઘડિયામાં કરાવે. તા. ૧૬-૫-૧૯૯૧ના રોજ તીથલમાં શિખરબદ્ધ મંદિરનો, તથા ૮-૪-૧૯૯૯ના રોજ નવસારી સભાગૃહનો શિલાન્યાસ ગુરુવારે હતો, તો સ્વામીશ્રીએ પ્રથમ ચોઘડિયામાં સદ્ગુરુ સંતો પાસે વિધિ કરાવી દીધો, અને તેઓએ ચોથા ચોઘડિયામાં મુખ્યવિધિ કર્યો.

આવા તો અનેક પ્રસંગો છે કે જેમાં સ્વામીશ્રીએ મુહૂર્ત સાચવવા માટે અતિ ખટકો રાખ્યો હોય. નાનો વિધિ હોય કે મોટો વિધિ હોય!

## વિધિ કરાવનાર ભૂદેવોની સંભાવના

વિધિ કરાવનાર ભૂદેવ પણ સ્વામીશ્રીની પ્રસન્નતાના સદાય અધિકારી રહ્યા છે. તેમનો ખાસ ખ્યાલ રખાવે. દિલ્હીમાં અક્ષરધામના શિલાન્યાસ વખતે અને અક્ષરધામ ઉદ્ઘાટન વખતે સ્વામીશ્રીએ ખાસ ધ્યાન આપીને સારી દક્ષિણા તો અપાવી, પરંતુ સુવર્ણનું અને ઘીનું દાન પણ કર્યું.

૨૦૦૦ની સાલમાં ભૂદેવો દક્ષિણ ભારતમાં પ્રતિષ્ઠાવિધિ માટે આવ્યા હતા. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે તેમને ટ્રેનમાં જરૂર હોય તેટલી રોકડ રકમ આપજો. બાકી ચેક લખીને આપજો. કારણ કે ટ્રેનમાં જવાના છે. કંઈ મુશ્કેલી ન થાય.

૨૦૦૪ની સાલમાં ન્યૂઝીલેન્ડ પ્રતિષ્ઠા માટે સ્વામીશ્રી પધાર્યા હતા. ભૂદેવને સાંજે જોયા નહીં એટલે સવારે પૂછ્યું કે 'સાંજે કેમ દેખાતા નથી?' તેમણે કહ્યું કે 'ઉતારો દૂર છે અને જેમને ઘેર ઉતારો છે તેમને બે વખત આવવું અનુકૂળ પડતું નથી. તેથી તેમને ઘેર રાત્રી ભોજન કરી લઈએ છીએ.' સ્વામીશ્રીએ આગ્રહપૂર્વક મંદિરની નજીક ઉતારો કરાવડાવ્યો.

મુંબઈમાં ન્યૂજર્સી અક્ષરધામના શિલાન્યાસ વખતે ખાસ પ્રકારનાં ધોતિયાં મંગાવીને ભૂદેવોને ભેટમાં અપાવ્યાં હતાં.

મોટા ઉત્સવમાં ભૂદેવો મોટી સંખ્યામાં હોય ત્યારે પણ સ્વામીશ્રી જાતે તેમની સંભાવના અને દક્ષિણાનો ખટકો રખાવે.

બ્રાહ્મણોને જમાડવાનો પણ તેમને એટલો જ ઉત્સાહ. ઉત્સવ પૂરો થાય એટલે સંતોને અવશ્ય પૂછી લે, ભૂદેવોને જમાડ્યા? જમાડીને મોકલજો.

## ઉપસંહાર

આવી રીતે સત્પુરુષ શાસ્ત્રોમાં જણાવેલા વિધિવિધાનને પ્રોત્સાહન આપે છે. મૂર્તિમાં અથવા તો કાર્યમાં દૈવત તો ભગવાન અથવા સત્પુરુષને કારણે આવે છે તેમ શાસ્ત્રો જણાવે છે. વળી, શાસ્ત્રમાં કહ્યા મુજબ ભગવાન અને સંતના નામસ્મરણ માત્રથી જ ચોઘડિયાં, ગ્રહો, નક્ષત્રો અનુકૂળ થઈ જાય છે. તેથી ભગવાન અને ભગવત્સ્વરૂપ સંતને કોઈ વિધિવિધાનની આવશ્યકતા નથી છતાં આપણા અને સમાજના હિત માટે આ પ્રકારે ઉત્સાહ દર્શાવે છે. વિધિવિધાનરૂપ માધ્યમને સનાતન ધર્મના શાસ્ત્રની મર્યાદા સમજીને પાળે છે અને પળાવવાનો ખટકો રાખે છે. સ્વયં સનાતન ધર્મના એવા મહાન વિધિ-વિધાનોના પ્રખર પુરસ્કર્તા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને કોટિ કોટિ વંદન.◆



## શાસ્ત્રોક્ત વિધિ-વિધાનોના વિરલ પુરસ્કર્તા

# પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે હજારો પ્રસંગોએ શાસ્ત્રીય વિધિ-વિધાનોનો એક આગવો ઉપક્રમ રચ્યો હતો. મહાપૂજાઓ, વિશ્વશાંતિ મહાયજ્ઞો, શિલાન્યાસ વિધિઓ, કળશ-સ્થાપન વિધિઓ, મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાઓ, દીક્ષા વિધિઓ, સત્સંગ પારાયણો કે ભવ્ય મહાલયો, ઉત્સવો અને કાર્યક્રમોના વિધિવત્ શુભારંભો - આવી અનેક ધાર્મિક વિધિઓ કરનારા પ્રમુખસ્વામી મહારાજ એક અનોખી ભક્તિથી છલકાતા હતા. સ્વામીશ્રી સાથે જેમણે જેમણે એક વિદ્વાન પુરોહિત તરીકે એ વિધિઓ કરાવવાનો લહાવો લીધો છે, તેઓ ક્યારેય સ્વામીશ્રીની એ ભક્તિમય છબિને વીસરી શકે તેમ નથી.

હૃદયમાં સાચી ભક્તિ ન હોય તો આવાં વિધિ-વિધાનો ક્યારેક માત્ર એક યાંત્રિક કર્મકાંડ બની રહે છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ક્યારેય એવી યાંત્રિકતા આ વિદ્વાન ભૂદેવોએ જોઈ નથી. હજારો વિધિઓ કરતાં હોવા છતાં સ્વામીશ્રીને હંમેશાં નવા ઉમંગ અને નવા ઉત્સાહથી કે નવતર ભક્તિથી આ વિધિ-વિધાનોમાં પ્રવૃત્ત થયેલા તેઓએ નીરખ્યા છે.

અહીં એવા ત્રણ વિદ્વાન પુરોહિતોના સ્વાનુભવો પ્રસ્તુત છે, જેમાં સ્વામીશ્રીની એક અનોખી પ્રતિભાનું દર્શન થાય છે.

**પ્રાચીન શાસ્ત્રીય પરંપરા મુજબ વિધિ-વિધાનનો વિરલ ઉપક્રમ રચનાર પરમ પૂજ્ય**

# પ્રમુખસ્વામી મહારાજ



■ શ્રી વામનનાથ શાસ્ત્રી,
યજુર્વેદી કર્મકાંડ નિષ્ણાત, ખંભાત(નડિયાદ)

સિદ્ધપુરના પૂજ્ય નરહરિ શાસ્ત્રીજી, વડોદરાના પંડિત શ્રી લક્ષ્મીશંકર શુક્લ (ગુરુજી), શુકદેવપ્રસાદ અગ્નિહોત્રી, ઋગ્વેદી ઘનશ્યામભાઈ શુક્લ, યજુર્વેદી ઘનશ્યામભાઈ ગોર વગેરે વિદ્વાનો સાથે મારે ઘણા બધા પ્રસંગોએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા અનેકવિધ ધાર્મિક વિધિ-વિધાનોના પ્રસંગોમાં જવાનું થયું છે, જે મારું સદ્‌ભાગ્ય છે.

સન ૨૦૦૫માં મને દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામના મૂર્તિપ્રતિષ્ઠાના વિધિ-વિધાન માટે આમંત્રણ પ્રાપ્ત થયું ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થશે અને આવા મોટા પ્રસંગમાં સેવાનો લાભ મળશે એ હેતુથી મેં આમંત્રણ સ્વીકાર્યું. અમે તા. ૩-૧૧-૨૦૦૫ના રોજ દિલ્હી પહોંચ્યા. બીજા દિવસથી આરંભીને ત્રણ દિવસનો પ્રતિષ્ઠા કાર્યક્રમ હતો. પ્રાણપ્રતિષ્ઠા વિધિ અંગે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે વિમર્શ થયો ત્યારે સંતોને આદેશ આપીને પ્રતિષ્ઠાના એક પણ વિધિમાં ક્ષતિ ન રહે એનો ખ્યાલ રખાવ્યો હતો, તે મને યાદ છે. આપણી પ્રાચીન પરંપરા મુજબ શાસ્ત્રીય રીતે જ મૂર્તિપ્રતિષ્ઠા વિધિ થાય એવો તેમનો આગ્રહ મને સ્પર્શી ગયો હતો.

હાલ સામાન્ય રીતે યજ્ઞનો પ્રારંભ મંડપમાં જ થાય છે. પરંતુ પ્રાચીન શાસ્ત્રીય પદ્ધતિ એવી છે કે યજ્ઞમંડપની બહાર પુણ્યાહવાચન વગેરે પંચાંગ કર્મ થાય. બ્રાહ્મણોનું વરણ, મધુપર્ક, વર્ધિની કળશપૂજન વગેરે પણ યજ્ઞમંડપની બહાર થાય અને ત્યારપછી વર્ધિની કળશને લઈને મંડપની પ્રદક્ષિણા કરીને દ્વારશાખનું પૂજન થાય. પછી મંડપમાતૃકા તથા મંડપ-ગણપતિનું પૂજન થાય. ત્યારબાદ મંડપમાં પ્રવેશ થાય. દિલ્હીમાં અક્ષરધામના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજે તે જ રીતે આ પ્રત્યેક વિધિ પ્રાચીન પદ્ધતિ મુજબ શાસ્ત્રીય રીતે જ પૂર્ણપણે કરાવ્યો હતો. એ એક એક વિધિનું મને બરાબર સ્મરણ છે. જેમાં, અગ્નિ સ્થાપન ગ્રહહોમ વગેરે તો હોય જ. સત્સંગી બહેનો જળયાત્રા કરીને તીર્થજળ પણ લાવ્યાં હતાં. અક્ષરધામ મંદિરમાં વાસ્તુહોમ થયો હતો. મૂર્તિઓનો અધિવાસ વિધિ પણ પૂર્ણપણે કર્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ અને અન્ય મૂર્તિઓ ઘણા મોટા કદની હોવાથી શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે તેના પ્રતીકરૂપે નાની મૂર્તિઓનો જલાધિવાસ થયો, ધાન્યાધિવાસ થયો, અરે! ઘૃતાધિવાસ અર્થાત્ મૂર્તિઓને ઘીમાં પધરાવવી તે વિધિ પણ પ્રમુખસ્વામી મહારાજે કરાવ્યો હતો. સામાન્ય રીતે લોકો ઘૃતાધિવાસને પ્રતીક રૂપે જ કરતા હોય છે કારણ કે આ ઘૃત પછી દક્ષિણાના રૂપમાં આપવામાં આવતું હોય છે. પ્રમુખસ્વામી મહારાજે આ વિધિ પણ કરાવ્યો અને ભૂદેવોને ઘી દક્ષિણામાં આપ્યું પણ ખરું.

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી થયેલા મૂર્તિઓના ઉત્તમોત્તમ સ્નપન વિધિમાં, આગમ શાસ્ત્રોમાં વર્ણવ્યા મુજબ, ૪૯ કળશથી ભવ્ય અભિષેક થયો હતો. એ વખતે મેં સ્નપન વિષયક એક વિશેષ સૂચન કર્યું હતું તેથી પણ સ્વામીશ્રી અને સૌ પ્રસન્ન થયા હતા. શિખર, કળશ અને દંડનો અભિષેક પણ સંતોએ કર્યો હતો. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તત્ત્વોના સમગ્ર ન્યાસ, તથા નિદ્રાધિવાસ થયો.

તેઓની આજ્ઞાથી અક્ષરધામમાં પ્રતિષ્ઠાની સવારે આઠ દિશામાં દીક્ષુ હોમ થયો, એ વિશિષ્ટ બાબત હતી. આમ, શાસ્ત્રોમાં જે રીતે વર્ણવવામાં આવ્યું છે તે રીતે તેઓની પ્રેરણાથી સમગ્ર વિધિ કરવામાં આવ્યો હતો તે મને બરાબર સ્મૃતિમાં છે.

પ્રમુખસ્વામી મહારાજને યજ્ઞના વિદ્વાન બ્રાહ્મણોમાં અને શાસ્ત્રોમાં તથા શાસ્ત્રોએ સૂચવેલા વિધિ-વિધાનોમાં અતૂટ શ્રદ્ધા હતી. જ્યારે અક્ષરધામની પ્રતિષ્ઠા પૂર્વે યજ્ઞમંડપમાં પધાર્યા ત્યારે તેમણે અમને ભૂદેવોને કહ્યું હતું 'એવો વિધિ કરો, એવા મંત્રો બોલો કે લાખો-કરોડો વર્ષ સુધી અક્ષરધામને વિઘ્ન ન આવે. તમે બધા ભૂમિના દેવતાઓ છો. તમે પ્રસન્ન થાવ તો ઉપર રહેલા દેવતાઓ પ્રસન્ન થાય.'

આમ, આવા અનેક વિધિ-વિધાનોના શાસ્ત્રીય અવસરો યોજીને સ્વામીશ્રીએ, ભારતવર્ષ અને વિશ્વના અનેક દેશોમાં રહેતા ભારતીય તેમજ અન્ય લોકોના જીવનમાં આપણી સાંસ્કૃતિક પદ્ધતિઓની ખૂબ મોટી અસર ઉપજાવી છે. લોકોને આધ્યાત્મિકતા તરફ અભિમુખ કર્યા છે. જેને નીરખવાનો મને પણ લાભ મળ્યો છે.

એવા અલૌકિક લોકોત્તર પુરુષને તેમની જન્મ શતાબ્દીએ મારા શત શત પ્રણામ. ◆

### વિધિ-વિધાનોમાં આદર્શ ભક્તિભાવનું દર્શન કરાવતા પરમ પૂજ્ય

## પ્રમુખસ્વામી મહારાજ



■ શ્રી ઘનશ્યામભાઈ શાસ્ત્રી,
ઋગ્વેદી કર્મકાંડ નિષ્ણાત, ઉમરેઠ (આણંદ)

મારા દાદા કેશવલાલ ગંગાદત્ત શુક્લ ઉમરેઠના પ્રસિદ્ધ ઋગ્વેદી પંડિત. તેઓ વડતાલના સ્વામિનારાયણ મંદિરમાં મહાપૂજાઓ, યજ્ઞો, એકાદશી ઉદ્યાપન વગેરે ધાર્મિક વિધિઓ કુળપરંપરાથી કરાવતા હતા. સન ૧૯૦૭માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં પ્રથમ શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિર બાંધ્યું ત્યારે એ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરાવવા માટે તેઓએ મારા દાદાને આજ્ઞા કરી હતી. તે સમયે ઘણા દ્વેષી લોકોએ મારા દાદાને આ પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરાવવા ન જવા ઘણું દબાણ કર્યું હતું. પરંતુ શૂરવીરતા અને પક્ષ રાખીને તેઓએ બોચાસણમાં મંદિરની પ્રતિષ્ઠાનો સમગ્ર વિધિ કરાવ્યો હતો. એ પ્રસંગનાં પ્રાસાદિક વસ્ત્રો, કળશો વગેરે પૂજાસામગ્રી પણ અમારા દાદા લાવ્યા હતા. ત્યારથી વૈદિક વિદ્વાનોમાં અમારા પરિવારની છાપ અક્ષરપુરુષોત્તમના ઉપાસક તરીકેની પડી ગયેલી અને બીજા લોકો ત્યાર પછી અમને કોઈ વિધિમાં બોલાવતા નહોતા.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે રચેલાં તમામ મંદિરોમાં પ્રતિષ્ઠા માટે મારા દાદાને આજ્ઞા કરી હતી. તેથી તેઓએ તમામ મંદિરોમાં પ્રતિષ્ઠાવિધિ કરાવેલો. મારા પિતા કરુણાશંકર શાસ્ત્રીજી પણ એ જ રીતે આ સંસ્થાના વિધિ-વિધાનોમાં જોડાયેલા. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સમયમાં મારા પિતાશ્રી તમામ વિધિઓ કરાવતા અને તેઓ અક્ષરનિવાસી થયા પછી સન ૧૯૮૧થી અક્ષરનિવાસી ચીમનલાલ શાસ્ત્રીની સાથે પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી મને અનેક મંદિરોની પ્રાણપ્રતિષ્ઠાની વિધિઓ તેમજ અન્ય સેવાનો લાભ મળેલો અને હાલ પણ મળે છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં વિધિવિધાન કરવાનો પણ એક આગવો લહાવો છે. વિધિવિધાનોમાં તેઓની આગવી સૂઝ અને દૃઢ શ્રદ્ધા હંમેશાં મને પ્રભાવિત કરતી રહી છે. મારા સ્મરણમાંથી થોડા પ્રસંગો અહીં રજૂ કરું છું.

૧૯૯૫માં લંડનમાં સ્વામીશ્રીએ રચેલા ભવ્ય મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા પૂર્વે મંદિરના પ્રાસાદનો પ્રારંભિક વાસ્તુયજ્ઞ કરવામાં આવ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ એ સમયે અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત હતા. આથી, નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે, તેઓની અનુપસ્થિતિમાં આ વાસ્તુયજ્ઞની વિધિમાં મહંત સ્વામીજી અને અન્ય વરિષ્ઠ સંતો પધારવાના હતા. એ મુજબ મહંત સ્વામીજીની ઉપસ્થિતિમાં અમોએ વાસ્તુયજ્ઞ શરૂ કર્યો. પરંતુ વિધિ શરૂ થયો અને થોડીવારમાં જ પ્રમુખસ્વામી મહારાજ વિધિમાં પધાર્યા. બધાને ખૂબ આશ્ચર્ય થયું. બીજા બધા કાર્યક્રમોને ટૂંકાવીને સ્વામીશ્રીએ આ વિધિને વિશેષ પ્રાધાન્ય આપ્યું. અને પૂર્ણ પણે વિધિમાં ખૂબ આનંદથી જોડાઈ ગયા. આવા તો અનેક અનુભવો છે કે સ્વામીશ્રી દરેક વિધિમાં ખાસ ઉત્સાહ, ભક્તિ અને શ્રદ્ધાથી ઉપસ્થિત રહેતા.

લંડનમાં મંદિરના પ્રતિષ્ઠા વિધિ પૂર્વે એક-બે દિવસ પહેલાં સ્વામીશ્રીએ અમને પૂછ્યું હતું કે મૂર્તિઓનું ગર્ભગૃહમાં સ્થાપન થાય તે પૂર્વે સિંહાસનમાં નીચે કઈ કઈ વસ્તુઓ મૂકો છો? અમે સ્વામીશ્રીને વાત કરી કે મૂર્તિની નીચે ધાતુમાંથી બનાવેલું યંત્ર સ્થાપિત કરવાનું હોય છે. સ્વામીશ્રીએ પ્રશ્ન કર્યો કે યંત્ર ન હોય તો શું કરો છો? અમે કહ્યું કે ભોજપત્ર પર ચંદન વડે યંત્ર દોરીને, યંત્રની પ્રતિષ્ઠા કરીને તેને મૂર્તિની નીચે મૂકીએ છીએ. ભારતમાં પણ બધા આચાર્યો-પંડિતો આ પ્રમાણે કરે છે. સ્વામીશ્રીએ મને કાગળમાં દોરીને યંત્ર આપવાનું કહ્યું. તેઓની આજ્ઞા પ્રમાણે મેં કાગળ પર યંત્રની આકૃતિ દોરી આપી. અને અમારા આશ્ચર્ય વચ્ચે પ્રતિષ્ઠાના આગલા દિવસે ધાતુમાંથી બનાવેલા એ સુંદર સુવર્ણરસિત યંત્ર બનીને આવી પણ ગયાં! સ્વામીશ્રીની આ ચોક્સાઈ અમને દરેક પ્રસંગે જોવા મળી છે. પછી તો સ્વામીશ્રીએ શ્રુતિપ્રકાશદાસ સ્વામી વગેરે સંતોને શાસ્ત્રીય રીતે સ્વામિનારાયણીય પરંપરાનાં યંત્રો બનાવવાની આજ્ઞા કરી. સ્વામિનારાયણીય વિધિવિધાનમાં પ્રમુખસ્વામી મહારાજનું આ અનોખું યોગદાન છે.

વિધિ-વિધાનોના શાસ્ત્રીય મુહૂર્તની બાબતમાં પણ સ્વામીશ્રી ખાસ ચોક્સાઈ રખાવતા હતા. તેઓ દૃઢતાપૂર્વક માનતા કે મુહૂર્ત વિજ્ઞાન પાછળ ઋષિઓનો ઊંડો મર્મ છે, માટે તેને ચોક્સાઈપૂર્વક અનુસરવું. એકવાર ચરોતર પ્રદેશમાં સળંગ સાતથી આઠ પ્રતિષ્ઠાઓ નક્કી થઈ. અમે એવું આયોજન કર્યું હતું કે કર્મકાંડી બ્રાહ્મણોનાં બે વૃંદ હોય, એક યજ્ઞ કરીને આગળ જાય અને બીજું વૃંદ સ્વામીશ્રી દ્વારા પ્રતિષ્ઠા કરાવે. પરંતુ તે વખતે સ્વામીશ્રીએ મને જણાવ્યું: 'ઘનશ્યામ! આ તો ધનારક ચાલી રહ્યા છે. આવા મુહૂર્તમાં

પ્રતિષ્ઠા કેમ?' મેં કબૂલ કર્યું કે આપની વાત સાચી છે, આ અંગે ચોક્કસ ધ્યાન રાખીશું. ત્યારબાદ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આખા વર્ષનાં પ્રતિષ્ઠાના મુહૂર્તો કાઢવાની અમદાવાદના વિદ્વાન શાસ્ત્રી ઇન્દ્રવદનભાઈ ત્રિવેદીને આજ્ઞા કરી હતી, જે પરંપરા આજે પણ શ્રુતિપ્રકાશદાસ સ્વામી દ્વારા ચાલે છે. આ પણ પ્રમુખસ્વામી મહારાજનું મોટું યોગદાન.

આ વિષયમાં સંસ્થાના એક મુખ્ય મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠા યોજાયો એ સમય દરમિયાન ગુરુ-શુક્ર ગ્રહોનો અસ્ત હતો. સ્વામીશ્રીએ શાસ્ત્રીય પદ્ધતિ મુજબ ગુરુ-શુક્રના ઉદય બાદ જ આ વિધિ થાય એ માટે ખૂબ ઠપકાપૂર્વક માર્ગદર્શન આપ્યું. પરંતુ મોટો ઉત્સવ હોવાથી તે જ સમયે પ્રતિષ્ઠા કરવી તેવું તમામનું સૂચન હતું. સ્વામીશ્રીએ આ બાબતમાં પંડિતોને અને સંતોને પૂછ્યું. સંતોએ અને પંડિતોએ ગુરુ-શુક્રના અસ્ત દરમ્યાન આ વિધિ થતો હોવાથી સહસ્રકળશથી ભગવાનનો અભિષેક કરવાનું સૂચન કર્યું. સ્વામીશ્રીએ તે માન્ય કર્યું અને આ વિધિ ખૂબ ધામધૂમથી કરવામાં આવ્યો.

આમ, એક મહાન ગુરુ અને સ્વયં બ્રહ્મસ્વરૂપ પદે બિરાજતા હોવા છતાં તેમણે શાસ્ત્રીય પરંપરાઓનું જતન અને સંવર્ધન કર્યું છે.

ક્યારેક તેમણે મીઠી ટકોરો કરી છે તે પણ મારા સ્મરણમાં એક પ્રાસાદિક સ્મૃતિ રૂપે સચવાઈ છે.

મારો ઋગ્વેદનો અભ્યાસ કુળ પરંપરા પ્રમાણે મારા પિતાશ્રી પાસે થયો હતો તેથી તેઓ જ મારા વિદ્યાગુરુ હતા. અમારે અન્ય ભણતર સાથે આ વૈદિક પરંપરાનું સસ્વર ઊંચા સ્વરે ગાન દરરોજ બે કલાક કરવાનું રહેતું. તેથી અમારી પદ્ધતિ સદાય ઊંચા સાદે ગાન કરવાની રહી. સ્વામીશ્રી હંમેશાં મને ઊંચા સ્વરને બદલે મધુર સ્વરે ગાન કરવાની સૂચના આપતા. સન ૨૦૦૪માં હ્યુસ્ટન અને શિકાગોની પ્રતિષ્ઠા વખતે હું મારી સ્વાભાવિક શૈલીમાં ઊંચા સ્વરે વેદમંત્રો બોલતો હતો. વળી, આગળ માઇક્રોફોન હોય એટલે અવાજ વધુ ઊંચો લાગે. સ્વામીશ્રી મારી સામે જોઈ રહ્યા. વિધિ પૂર્ણ થયા બાદ સ્વામીશ્રીએ જણાવ્યું: 'ઘનશ્યામ! અહીં ધીમેથી બોલવાનું, આ તો વિદેશ છે.' મેં કહ્યું કે સ્વામી હું પ્રયત્ન કરીશ, પરંતુ ભણ્યો ત્યારથી અમારી પરંપરા ઊંચા સાદે બોલવાની છે એટલે બોલાઈ જાય છે. ત્યારે મધુર સ્મિત કરીને સ્વામીશ્રીએ મને એક દિવ્ય સ્મૃતિ આપેલી.

એક વખત એક મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે સ્વામીશ્રી યજ્ઞમાં પધાર્યા હતા. જયનાદ સાથે યજ્ઞનો પ્રારંભ થયો. મેં સ્વામીશ્રીને તિલક કર્યું અને નાડાછડી બાંધી. નાડાછડી લાંબી હતી એટલે ગાંઠ માર્યા પછી પણ થોડી લટકતી હતી. સ્વામીશ્રીએ મને કહ્યું: 'આમ કેમ? ધ્યાન રાખવાનું, આટલી લટકતી નાડાછડી ૨૦૦૦ યજમાનોને આપી હોય તો કેટલો બગાડ થાય, ધ્યાન રાખવું!' આમ કહીને સ્વામીશ્રીએ મને એક સુંદર શીખ આપી. સ્વામીશ્રીએ વિધિવિધાન દરમિયાન વસ્તુ-દ્રવ્યોનો વપરાશ પણ વ્યવસ્થિત થાય તેનો ખ્યાલ રાખવાનું જણાવ્યું હતું.

વળી, કઈ વિધિ કેવી રીતે થાય તે તમામ બાબતોનો એમને સંપૂર્ણ ખ્યાલ, એટલે ક્યારેક અમારાથી કોઈક ચૂક રહી જાય તો અવશ્ય તેઓ અમને જણાવતા.

આમ પ્રમુખસ્વામી મહારાજ શાસ્ત્રીય પદ્ધતિઓને ઓપ આપતા. શાસ્ત્રીય પદ્ધતિઓ સંપ્રદાયમાં સચવાય તે માટે ખટકો રાખતા. તેવા અનુભવો ઘણી વખત થયા છે. અહીં થોડું જણાવ્યું છે. ◆

## વિધિ-વિધાનોના સર્વજ્ઞાતા હોવા છતાં વિરલ જિજ્ઞાસુવૃત્તિ ધરાવતા પરમ પૂજ્ય

# પ્રમુખસ્વામી મહારાજ



■ શ્રી મૂકેશભાઈ શાસ્ત્રી,
યજુર્વેદી કર્મકાંડ નિષ્ણાત, અમદાવાદ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એટલે શાસ્ત્રોક્ત વિધિ-વિધાનોનું મૂર્તિમાન સ્વરૂપ.

તમામ વિધિ-વિધાન શાસ્ત્ર પ્રમાણે જ થાય તેવો પ્રમુખસ્વામી મહારાજનો અતિશય આગ્રહ અને તેવી જ તેમની ચોક્સાઈ. સ્વામીશ્રીના સાંનિધ્યમાં વર્ષો સુધી વિધિ-વિધાનો કરાવવાનો લાભ મને મળ્યો છે, એ દરમ્યાન અનેક વખત વિધિ-વિધાનોમાં પ્રગટ થતી તેમની ભક્તિ, તેમની શ્રદ્ધા અને તેમનો ઉત્સાહ મેં જોયો છે અને મારા હૃદય પર તેની કાયમી ઊંડી અસર પડી છે. અહીં એવા કેટલાક પ્રસંગોનું સ્મરણ કરું છું.

સન ૨૦૦૭માં લોસ એન્જલસમાં સ્વામીશ્રીનું આગમન થયું હતું. અહીં નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનું બાંધકામ ચાલુ હતું, આમ છતાં સ્વામીશ્રીની ઇચ્છા હતી કે અહીંના રોકાણ દરમ્યાન જ મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવી છે. મંદિરનું નિર્માણ પૂરું નહોતું થયું તેથી મંદિર પરિસરના એક ભાગરૂપે રચાયેલ સભામંડપ-હવેલીમાં મૂર્તિઓનું

સ્થાપન કરીને પ્રાણપ્રતિષ્ઠા કરી દેવાનો સ્વામીશ્રીનો સંકલ્પ હતો. એ સમયે સ્વામીશ્રીની તબિયત નરમ હતી તેથી સૌએ નક્કી કરેલું કે સ્વામીશ્રી મૂર્તિઓનું પ્રાથમિક પૂજન કરી લે પછી વરિષ્ઠ સંતો પ્રતિષ્ઠા કરશે. સ્વામીશ્રીને આ વાતનો ખ્યાલ આવ્યો તેથી તેમણે અમને બોલાવ્યા. અમે તેઓના ખંડમાં ગયા ત્યારે તેઓ પલંગ પર સૂતા હતા. તેઓ તરત બેઠા થઈ ગયા અને કહે: 'સવારમાં મારી પૂજા દરમ્યાન પ્રતિષ્ઠા કરીએ પછી તરત જ હવેલીમાં મૂર્તિઓનું સ્થાપન કરવું છે, તો શાસ્ત્રીય રીતે એ થઈ શકે?'

જોકે સ્વામીશ્રીને સર્વ વિધિ-વિધાનોનું જ્ઞાન હતું જ, પરંતુ તેમ છતાં ચોક્સાઈ કરવા માટે તેઓએ અમને પૂછ્યું ત્યારે મેં જણાવ્યું કે આપની પૂજા દરમિયાન ચલ પ્રતિષ્ઠા કરી લઈએ, ત્યારબાદ એને હોલમાં પધરાવી સ્થિર પ્રતિષ્ઠા કરી શકીએ. સ્વામીશ્રીએ આ રીતે બધી વાત ચોક્સાઈપૂર્વક તપાસીને પછી તે પ્રમાણે વિધિ કર્યો.

નાની-મોટી તમામ વિધિઓમાં એ વિધિ પાછળનો મર્મ શું હોય કે એ વિધિ શું છે તેવી જિજ્ઞાસા દર્શાવીને સ્વામીશ્રી અમને વિધિ અંગેનું પ્રોત્સાહન પણ ખૂબ આપે. આણંદ જિલ્લામાં એક ગામમાં મૂર્તિની પ્રતિષ્ઠા દરમિયાન સ્વામીશ્રી સાંજના યજ્ઞશાળામાં પધાર્યા હતા. મારા વિદ્યાગુરુ શ્રી પરમાનંદભાઈ દવે તથા અમે યજ્ઞની પૂર્વ તૈયારી રૂપે સ્થાપન ગોઠવતા હતા. સ્વામીશ્રીએ એ જોઈને તરત પૂછ્યું કે આ બધાં સ્થાપનો કોનાં છે? એટલે અમે ગણેશ, માતૃકા, નવગ્રહ, વર્ધિની કળશ, અગ્નિ, બ્રહ્મા વગેરે દેવોની વાત જણાવી. અમારી વાત સાંભળીને સ્વામીશ્રી પ્રસન્ન થયા અને અમને કહ્યું: 'બરાબર શાસ્ત્ર પ્રમાણે કરજો. તમામ દેવોની પૂજા કરજો. શાસ્ત્ર પ્રમાણે કરીએ તો દેવો રાજી રહે.'

સકલ જ્ઞાનના જ્ઞાતા હોવા છતાં સ્વામીશ્રીની જિજ્ઞાસાનો એવો કંઈક અનુભવ અમને થયો છે.

એક વખત વાતવાતમાં તેઓએ અમને પૂછેલું કે ખાતમુહૂર્તમાં પાંચ ઈંટો કેમ રાખીએ છીએ? એટલે અમે જણાવ્યું કે દિશા પ્રમાણે ઈંટો મૂકવાની હોય છે માટે. એક વખત શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસમાં તેમણે એ પણ પૂછેલું કે દરેક શિલા ઉપરનાં વસ્ત્રોનો રંગ જુદો જુદો કેમ છે? અમે દેવતાઓનાં નામો, આયુધો, વસ્ત્ર વગેરેની વાત જણાવી. તેઓ રાજી થયા.



વિધિ પરિપૂર્ણ થાય એનો તેઓ ખાસ ખટકો રાખતા. એક વખત પરમાનંદભાઈ દવેની સાથે અમે એક મંદિરની પ્રતિષ્ઠા માટે ગયેલા. સ્વામીશ્રી પધારતાં પહેલાં વિધિનો આરંભ કરી દીધેલો. વિધિ દરમ્યાન સ્વામીશ્રીનું આગમન થયું ત્યારે જનમંગલ નામાવલીનો પાઠ ચાલુ હતો. પરમાનંદભાઈએ સ્વામીશ્રીનું આગમન થયું એટલે નામાવલીનું છેલ્લું નામ બોલી વિધિ પૂર્ણ કર્યો. સ્વામીશ્રીએ તરત જ કહ્યું કે 'ચાલુ પાઠ અધૂરો કેમ મૂક્યો? સમગ્ર જનમંગલ નામાવલીનો પાઠ પૂરો કરો, પછી આગળનો વિધિ કરજો.'

અન્ય ઘણાં સ્થળોએ અમારો અનુભવ છે કે ક્યારેક સમયના અભાવે શાસ્ત્રીય વિધિઓ ઝડપથી પતાવી દેવાની ઉતાવળ કરાવાતી હોય છે, પરંતુ સ્વામીશ્રી એવું ક્યારેય થવા ન દે. એ માટે સ્વામીશ્રી અમને વારંવાર સૂચનાઓ પણ આપતા.

ઓકલેન્ડ ન્યુઝીલેન્ડમાં પ્રાણપ્રતિષ્ઠા વિધિ હતો ત્યારે મને અને ઘનશ્યામભાઈને તેઓએ ખાસ કહેલું કે 'જોર જોરથી બોલી વિધિ જલદી પતાવી દેતા નહીં. શાંતિથી વિધિ કરજો. એટલું જ નહીં, દરેકને સમજાય તે રીતે એક એક વિધિ સૌને સમજાવીને કરજો. સમય ભલે વધુ જાય, પરંતુ વિધિ ચોક્સાઈપૂર્વક કરજો.'

સ્વામીશ્રીને વિધિ માટે આવવાનું હોય ત્યારે સમયે પહોંચવાનો પણ એટલો જ આગ્રહ. ગઢડામાં ઉતારાનું ખાતમુહૂર્ત હતું. સંતો સાથે અમે સ્વામીશ્રી પાસે ગયા અને કહ્યું, 'સ્વામી! આપ શાંતિથી પધારજો. અમે આગળનો વિધિ કરી લઈશું.' પરંતુ પ્રમુખસ્વામી મહારાજ વિધિના પ્રારંભમાં જ આવી ગયા અને સમગ્ર વિધિ એમણે જાતે જ કર્યો.

સ્વામીશ્રીને મન ભૂદેવોનો મહિમા પણ એટલો જ. સન ૨૦૦૭માં સ્વામીશ્રીના હસ્તે લોસ એન્જલસ મંદિરના સ્તંભપૂજનનો કાર્યક્રમ રાખ્યો હતો, પરંતુ તે સમયે સ્વામીશ્રીની તબિયત નરમ હોવાથી, તેમને શ્રમ ન પડે તે

હેતુથી તેઓ સ્તંભ પર માત્ર પુષ્પ પધરાવી દે તેવું વિચાર્યું હતું. સ્વામીશ્રી પધાર્યા. નવા સ્તંભ પર પુષ્પ છાંટીને સ્વામીશ્રી આરામમાં જશે એવી ધારણા સાથે અમે પુરુષસૂક્તનો પ્રારંભ કર્યો. બે મંત્ર બોલાયા તે દરમિયાન પુષ્પ પધરાવવાનું કાર્ય પૂર્ણ થયું. એટલે સેવકે કહ્યું, બસ રાખો. પરંતુ સ્વામીશ્રીએ તો સમગ્ર પુરુષસૂક્તનો પાઠ કરાવડાવ્યો. પાઠ પૂર્ણ થયો ત્યાં સુધી વિધિમાં બેસવાનો આગ્રહ રાખ્યો. અંતે સૌને આશીર્વાદ આપ્યા. આશીર્વાદના અંતે મારી અને ઘનશ્યામભાઈની સામે નજર રાખીને બધા હરિભક્તોને કહેવા માંડ્યાઃ 'ભૂદેવોને પણ આશીર્વાદ છે. બેય સત્સંગી છે, ચુસ્ત છે. બોચાસણ પ્રતિષ્ઠા એના દાદાએ કરાવી હતી ને આ ત્રીજી જ પેઢી છે. બેય સંતોષી છે ને વિદ્વાન છે ને સારી રીતે વિધિ બધી કરાવી છે તો એમને પણ મહારાજ સુખિયા રાખે, એમના કુટુંબમાં પણ આવો ને આવો સત્સંગ રહે ને આવી ને આવી પ્રતિષ્ઠાઓ કરતા રહે, એમને પણ આશીર્વાદ છે.'

પછી કહેઃ 'આ ભૂદેવો ત્રણ મહિનાથી આપણી સાથે અહીં પ્રતિષ્ઠાવિધિઓ માટે આવ્યા છે. તેમનો વ્યવસાય, કર્મકાંડ બધું છોડીને આવ્યા છે. તો તેમને કંઈ તકલીફ પડી હોય, ઉતારા ભોજનમાં તકલીફ પડી હોય, કાંઈ ભૂલચૂક થઈ હોય તો હું માફી માગું છું.' અમે પણ ગળગળા થઈ શરમાઈ ગયા કે ક્યાં અમે અને ક્યાં પ્રમુખસ્વામી મહારાજ! અમે કહ્યુંઃ 'બાપા ! આપે તો અમને બહુ જ સાચવ્યા છે. અમારાથી કંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.'

અમારા માટે એક લોક-કહેવત છે કે <u>દક્ષિણાન્તાઃ બ્રાહ્મણાઃ</u> દક્ષિણા મળે એટલે બ્રાહ્મણ રાજી. પરંતુ સ્વામીશ્રી આવા દૃષ્ટિકોણથી નહીં, પરંતુ મહિમાપૂર્વક અમને ભૂદેવોને રાજી કરતા અને અમારા પરિવારની અને અમારા ભવિષ્યની ચિંતા પણ કરતા, એવો અનેક વખત અનુભવ થયો છે. ૨૦૦૪માં અમે અમેરિકાથી પરત આવતા હતા, પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અમને દક્ષિણામાં તો વિશેષ અપાવ્યું હતું, પરંતુ અમારે અમારા પરિવાર માટે કંઈ ભેટ લઈ જવી હોય તો તે માટે પણ વ્યવસ્થા કરી હતી. સ્વામીશ્રીએ સંતોને કહ્યું હતું કે 'આ ભૂદેવો માટે ત્યાં બધા રાહ જોતા હશે કે પરદેશથી આવે છે તો આપણા માટે ભેટ લાવશે. માટે તેમને ખરીદી કરવા માટે અન્ય વ્યવસ્થા કરી આપજો અને દક્ષિણા સીધી બેંકમાં જમા થાય તેવું કરજો.'

એક વખત વિદેશમાં મૂર્તિપ્રતિષ્ઠાની દક્ષિણા-સેવા મને આપ્યા પછી કહ્યું, 'આ સેવા બેંકમાં મૂકી દેજે. કોઈને આપતો નહીં. પરિવાર-કુટુંબના સભ્યો તું વિદેશ જઈને આવે છે એટલે કંઈક ઇચ્છા રાખશે, પરંતુ આમાંથી આપતો નહીં. આ તો ભગવાને આપેલી સેવા છે. કરોડ ગણો ફાયદો કરાવશે. બીજાને ભેટ આપવા માટે તારે કંઈ જોઈતું હોય તો બીજી વ્યવસ્થા કરી દઈશું.' અને એનો પણ મને અનુભવ થયો કે આ સેવાને કારણે મારે વ્યાવહારિક રીતે ઘણો ફાયદો થયો છે.

ન્યુઝીલેન્ડમાં પ્રતિષ્ઠાવિધિ હતો ત્યારે અમારો ઉતારો મંદિરથી દૂર હતો અને આવવાજવામાં તકલીફ પડતી હોવાથી એક વખત ભોજન કરવા માટે મંદિરે આવી શકાતું હતું. સ્વામીશ્રીને આ વાતનો ખ્યાલ આવ્યો એટલે વ્યવસ્થાપકને કહીને અમારો ઉતારો નજીક કરાવડાવ્યો, અને અમારા ભોજનની વ્યવસ્થા કરી.


સન ૨૦૦૪માં હ્યુસ્ટન અને શિકાગો પ્રતિષ્ઠા વખતે છેલ્લા દિવસોમાં સ્વામીશ્રીએ પરમાનંદભાઈની પણ સ્મૃતિ કરી. તેમની તબિયત સારી ન હતી અને તેમના પ્રતિનિધિ તરીકે મને મોકલ્યો હતો એટલે સ્વામીશ્રીએ કહ્યું કે પરમાનંદભાઈ વતી મૂકેશભાઈ આવ્યા છે. મહારાજ પણ રાજી રહે એવો સારો વિધિ કરાવે છે. એમ કહીને સ્વામીશ્રીએ પરમાનંદભાઈ માટે પણ સેવા મોકલાવી હતી. ન્યુજર્સીમાં મને તાવ આવ્યો હતો તો પાંચ દિવસ દરમિયાન સ્વામીશ્રીએ દરરોજ મારા ખબર અંતર પૂછ્યા હતા.

સ્વામીશ્રીને વિધિ-વિધાનો અને અન્ય અનેક બાબતોનો ખ્યાલ છે અને બધું જ જિહ્વાગ્રે હોવા છતાં ઇષ્ટદેવની ભક્તિ પ્રત્યે ક્યારેય ઊણા ઊતરતા નથી. ભગવાનની ભક્તિ કરનાર ભક્તો પ્રત્યે ભગવાનની કેવી લાગણી હોય છે એ પણ તેઓ જાણે છે. તેથી સન ૨૦૧૦માં લીંબડીમાં મૂર્તિપ્રતિષ્ઠા બાદ આશીર્વચન ઉચ્ચારતાં સ્વામીશ્રીએ હરિભક્તોની સેવાને બિરદાવવા કહ્યું, 'એક ગણું દાન અને?...' એટલું બોલતાં મારી સામે વાક્ય પૂર્ણ કરવા જોયું. એટલે મેં કહ્યું કે 'સહસ્ર ગણું પુણ્ય.' આ સાંભળીને હસી પડતાં પ્રમુખસ્વામી મહારાજ કહેઃ 'સહસ્ર ગણું નહીં, ભગવાનને આપવું છે અનંતગણું. એક ગણું દાન અને અનંત ગણું પુણ્ય.'

આમ પ્રત્યેક વિધિમાં એમનો મધ્યવર્તી વિચાર ભગવાનની ભક્તિ ભગવાનની સેવા એ પણ ભુલાયો નથી. પ્રમુખસ્વામી મહારાજની સાથે લગભગ ૨૫ વર્ષ સુધી વિધિવિધાનની સેવા કરવાનો લહાવો મને મળ્યો છે, એમની સર્વતોમુખી સૂક્ષ્મ અવલોકન-દૃષ્ટિ, ભક્તિ, શાસ્ત્રો પ્રત્યેની શ્રદ્ધા તથા મહિમાની દૃષ્ટિથી અમે અભિભૂત થઈ ગયા છીએ. ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## નેનપુરમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજનો આધ્યાત્મિક લાભ...


પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ લોકકલ્યાણ અર્થે દેશ-વિદેશમાં વિચરતા રહે છે, પરંતુ છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહેલી કોરોના મહામારીના વિકટ સમયમાં તા. ૧૮-૩-૨૦૨૦ થી તા. ૧૫-૭-૨૦૨૧ સુધી સ્વામીશ્રીએ પ્રાસાદિક ધામ નેનપુર ખાતે નિવાસ કર્યો હતો. સતત ૪૮૪ દિવસ સુધી સ્વામીશ્રીએ અહીં સૌને દર્શન લાભ આપતાં સત્સંગ-ભક્તિનો અખાડો જમાવ્યો હતો. એક તરફ કોરોનાની મહામારી અને બીજી તરફ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાતા ઉત્સવ-પ્રસંગોની અવિરત વહેતી અધ્યાત્મગંગામાં પ્રસાર માધ્યમો દ્વારા ઘરે બેઠાં લાભ લેતા હરિભક્તોમાં ઉત્સાહ, ઉમંગ, ઉજ્જવળ આશાઓ અને આધ્યાત્મિક બળનાં જાણે પૂર ઊમટ્યાં હતાં. સ્વામીશ્રીની છત્રછાયામાં નવીન પ્રેરણા વહાવતા કાર્યક્રમોનો ઘરે બેઠાં આસ્વાદ માણતા સૌ અધ્યાત્મમય બન્યાં હતાં. પ્રાણપ્યારા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ભક્તિમાં રત રહેતા સ્વામીશ્રીની ઇષ્ટદેવ પ્રત્યેની નિ:સ્વાર્થ ભક્તિ સૌ માટે પ્રેરણારૂપ બની રહી હતી. સપ્તાહમાં બે વાર પ્રસારિત થતી સ્વામીશ્રીની પ્રાત:પૂજામાં સંગીતજ્ઞ સંતો-યુવકોએ જમાવેલી ભક્તિસંગીતની રમઝટ વચ્ચે

સ્વામીશ્રીનાં દર્શન સૌને અવિસ્મરણીય આનંદમાં ગરકાવ કરતા હતા. દેશ-પરદેશના નૂતન હરિમંદિરની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કરી સ્વામીશ્રીએ તે ગામને અધ્યાત્મનો શાશ્વત માર્ગ ચીંધ્યો હતો. સંતો-ભક્તો સાથે યોજાયેલી આધ્યાત્મિક ગોષ્ઠિઓમાં સ્વામીશ્રીએ અધ્યાત્મનાં ગૂઢ રહસ્યો ઉકેલી સૌને અધ્યાત્મનું ભાથું બાંધી આપ્યું હતું. સાંપ્રદાયિક ગ્રંથોનું વાંચન અને તેના પર નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ સૌને કથાવાર્તાનું અમૃત પીરસ્યું હતું. મહામારીના આ સમયમાં સંસ્થા દ્વારા યોજાતા વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોમાં ભાગ લેનાર બાળકો-કિશોરો-યુવકો પર સ્વામીશ્રીએ અપાર પ્રસન્નતા વરસાવી હતી.

તા. ૧૫-૭-૨૦૨૧ના રોજ નેનપુરથી વિદાય લઈને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અમદાવાદ પધાર્યા હતા. પ્રથમ એપેક્સ હોસ્પિટલમાં પ્રાથમિક તપાસ બાદ યોગીજી મહારાજ હોસ્પિટલમાં પધારેલા સ્વામીશ્રીનું સંતોએ વાક્પુષ્પાંજલિ દ્વારા ભાવભર્યું સ્વાગત કર્યું હતું. છેલ્લા ઘણા સમયથી શાહીબાગ મંદિરે કોઈ વિશેષ આધ્યાત્મિક કાર્યક્રમ યોજાયો ન હોવાથી આજે ગુરુહરિનાં દર્શન કરવા માટે, સ્વામીશ્રી જ્યાં જ્યાંથી પસાર થવાના હતા ત્યાં ત્યાં મોટી સંખ્યામાં ભક્તો ઊમટ્યા હતા. ગુરુહરિનાં દર્શનની તાલાવેલી સૌમાં અનુભવાતી હતી. સૌનો ઉત્સાહ અનન્ય હતો. શાહીબાગના મુખ્ય માર્ગ પર તેમજ હોસ્પિટલમાં ભક્તોનું પૂર ઊમટ્યું હતું. દૂરથી સ્વામીશ્રીનાં દર્શન કરી સૌ ભક્તજનો પરિતૃપ્ત થયા હતા. ત્યારબાદ જરૂરી સારવાર માટે સ્વામીશ્રી કેટલાક દિવસ યોગીજી મહારાજ હોસ્પિટલમાં રોકાયા હતા. સ્વામીશ્રીના નેનપુર નિવાસ દરમ્યાનના કેટલાક વિશેષ પ્રસંગોનો અહેવાલ અહીં માણીએ...

## મોરબીના નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રથમ સ્તંભનું પૂજન કરતા સ્વામીશ્રી...

સૌરાષ્ટ્રની ઉદ્યોગનગરી મોરબીની ધરા પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીંના ભક્તોને સત્સંગ-ભક્તિનું સુખ મળે તે માટે શિખરબદ્ધ મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો. તેમના સંકલ્પની પરિપૂર્તિ કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મોરબીની ધરા પર કલામંડિત શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરી રહ્યા છે. તા. ૧૨-૬-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસવિધિ કરી મંદિર નિર્માણકાર્યનો મંગલ આરંભ કર્યો હતો.




તા. ૮-૬-૨૦૨૧ના રોજ નેનપુરમાં બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આ ભવ્ય શિખરબદ્ધ મંદિરના પ્રથમ સ્તંભનો પૂજનવિધિ યોજાયો હતો. સ્વામીશ્રી વડ ચોકમાં પધાર્યા ત્યારે અહીં મોરબી મંદિરનો સ્તંભ શોભી રહ્યો હતો. ગાંધીનગરથી શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ કરાવેલી વિધિને અનુસરતાં સ્વામીશ્રીએ સૌપ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું, નૈવેદ્ય ધર્યું. પછી જલપ્રોક્ષણ અક્ષત અને પુષ્પાદિથી સ્તંભનું પૂજન કર્યું. ચંદનનો સ્વસ્તિક કર્યો અને પાંચ ચાંદલા કર્યા. ત્યારબાદ સ્વામીશ્રીએ આગામી દિવસોમાં મોરબી ખાતે ઉપયોગમાં લેવાનાર નાડાછડી, અક્ષત, સિમેન્ટ પાત્ર

વગેરે પ્રસાદીભૂત કર્યાં. અક્ષરપુરુષોત્તમ મહારાજની તથા સ્તંભની આરતી ઉતારી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી. અંતે, આશીર્વાદરૂપે સૌ હરિભક્તો પર અહીંથી જ અક્ષતવર્ષા કરી.

આજના અવસરે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ મંદિર થશે ને બધા સત્સંગીઓ લાભ લેશે. સંદીપભાઈ અને બધાં કુટુંબીજનોએ મંદિર પૂરું કરવાનું મનમાં ધાર્યું છે, એટલે પૂરું થશે. દિવ્ય મંદિર થશે. આ મંદિરનો પ્રથમ થાંભલો મુકાવાનો છે, તો સુંદર મંદિર થઈ જશે.''

આ પ્રસંગે ઈશ્વરચરણદાસ સ્વામીએ અમદાવાદથી સ્વામીશ્રીને હાર પહેરાવી વધાવ્યા. રાજકોટ તથા મોરબી સ્થિત સંતો-ભક્તો વતી અહીં પ્રત્યક્ષપણે સંતોએ હાર પહેરાવી સ્વામીશ્રીના આશિષ પ્રાપ્ત કર્યા હતા.

આમ, મોરબી મંદિરના પ્રથમ સ્તંભનો પૂજનવિધિ સંપન્ન થયો હતો.

## નેનપુર ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં રથયાત્રા ઉત્સવની ઉજવણી...



તા. ૧૨-૭-૨૦૨૧, અષાઢી બીજ એટલે રથયાત્રાનો પરમ પવિત્ર દિન. ભારતવર્ષની અતિ પ્રાચીન ઉત્સવ પરંપરાનો ઐતિહાસિક દિન. રથમાં વિરાજમાન ભગવાનનાં દર્શન કરી ભક્તિભાવ પ્રગટ કરવાનો અતિ દુર્લભ અને મહિમાવંતો દિન. દર વર્ષે અષાઢી બીજના દિવસે ઊજવાતો આ ઉત્સવ લાખો ભક્તોને આદર્શ ભક્ત બનવાની પ્રેરણા આપે છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં વર્ષો સુધી હજારો હરિભક્તોની હાજરીમાં રથયાત્રા ઉત્સવ હર્ષોલ્લાસભેર ઊજવવામાં આવતો હતો. એ જ પરંપરામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં આ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે કોરોના મહામારીને કારણે નેનપુર ખાતે સ્વામીશ્રીની નિશ્રામાં નાના પાયે રથયાત્રા ઉત્સવ ઊજવી ભગવાન પ્રત્યે અનોખો ભક્તિભાવ પ્રગટ કરવામાં આવ્યો હતો.

ઉત્સવની શરૂઆત સ્વામીશ્રીની પ્રાત:પૂજાથી થઈ. પાર્શ્વભૂમાં રથોત્સવનું કલાત્મક આસન સોહી રહ્યું હતું. અક્ષરપુરુષોત્તમ મહારાજ પણ કલાત્મક રથમાં વિરાજી દર્શનસુખ આપી રહ્યા હતા. ઉત્સવને અનુરૂપ સંગીતજ્ઞ સંતોએ ગાન કરેલાં ઉત્સવિયાં કીર્તનોની વચ્ચે સ્વામીશ્રીએ પ્રાતઃ પૂજા સંપન્ન કરી. ત્યારબાદ સૌને

સત્સંગનું યથાર્થ સુખ આવે અને કોરોના મહામારીનો વહેલી તકે અંત આવે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. પ્રાર્થના બાદ સ્ક્રીન પર સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતોએ અરસપરસ દર્શન કર્યાં.

રથયાત્રાના મંગલે અવસરે સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે



પૂજન કરી થાળ ધરાવ્યો અને આરતી કરી. આ પ્રસંગે સત્સંગ સમુદાય વતી આત્મસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રીનું પૂજન તેમજ હારતોરા કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આજના ઉત્સવનો મર્મ સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ‘‘આપણા રથી ભગવાન અને સંત છે. માટે આપણે આપણો જીવનરથ ભગવાન અને સંતને સોંપી દેવો. અર્જુને પોતાના રથની લગામ ભગવાનને સોંપી દીધી તો વિજય થયો. એમ આપણે પણ ભગવાનને જીવનરથની દોરી સોંપી દઈએ તો આપણી રક્ષા થાય. તેઓ બધું કરી શકે છે. દોરી સોંપી દઈએ તો ઇંદ્રિયો-અંતઃકરણ નડે છે તે બધું પાર પડે. દાદા ખાચરનો રથ શ્રીજીમહારાજે ચલાવ્યો અને રક્ષા કરી, આ લોક અને પરલોક બંનેમાં પાર પાડ્યા. રક્ષા એટલે સ્થૂળદેહની રક્ષા નહીં, પણ ઇંદ્રિયો-અંતઃકરણ, અહં-મમત્વ થકી રક્ષા થાય એ છે.

ભક્ત પ્રહ્‌લાદે ભગવાનને પ્રાર્થના કરી કે મારી ઇન્દ્રિયો-અંતઃકરણ થકી રક્ષા કરજો. સ્થૂળ દેહની રક્ષા માગી જ નહોતી છતાં ભગવાને કરી. એ જ રીતે જગામેડીના ડાહ્યા નામના બાળકની ભગવાને સ્થૂળ દેહની રક્ષા ના કરી, પણ શ્રીજીમહારાજની નોંધમાં આવી ગયો. કેટલી મોટી વાત છે! દેહની રક્ષા ભગવાન કરે કે ના કરે પણ ઇન્દ્રિયો-અંતઃકરણ થકી રક્ષા થાય એ મુદ્દો છે.’

સ્વામીશ્રીએ લંડન અને ગોંડલ ખાતેની યોગીબાપાની રથયાત્રા ઉત્સવની સ્મૃતિઓ કરી વિશેષમાં કહ્યું, ‘આપણને પ્રગટ ભગવાન અને સંત મળ્યા છે એટલે મોક્ષની ગેરંટી છે. ભગવાન અને સંતની નિષ્ઠા કરી તો માયાપર થઈ ગયા. અને શ્રીજીમહારાજ એટલા માટે જ આવ્યા છે. આત્યંતિક કલ્યાણ માટે, મોક્ષ માટે. એ આપણે પામી ગયા છીએ. આપણો તો મોક્ષ થઈ ગયો છે, પણ આપણા સંબંધે બીજાનો મોક્ષ થાય. ભગવાનનો સંબંધ થયો એટલે સંબંધે સંબંધે કલ્યાણ.

રથયાત્રાના દિવસે ભગવાનને પ્રાર્થના કરીએ કે કોરોના મહામારીનો વહેલામાં વહેલી તકે અંત આવે, તેનું નામોનિશાન રહે નહીં. સર્વત્ર વરસાદ થાય, બત્રીસ આના પાક થાય અને

બધાના દેશકાળ સુધરે એ પ્રાર્થના.''

આશીર્વચનની પૂર્ણાહુતિ બાદ વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં આજના ઉત્સવનો મહિમા વર્ણવ્યો હતો.

હવે, ઉત્સવની મુખ્ય ઘડી આવી પહોંચી. સુંદર કલાત્મક મયૂરાકાર રથમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે સ્વામીશ્રી વિરાજમાન થયા. કંઠમાં સુંદર હાર ધારણ કર્યો હતો. દર્શન અદ્‌ભુત હતાં. ઊપડતી લયના ઉત્સવિયાં કીર્તનોથી શાંતિવનનું પરિસર થનગની ઊઠ્યું. સહેજ નતમસ્તક રહી મરક મરક હસતા સ્વામીશ્રી હળવા હાથે તાળી પાડતાં કીર્તનોને તાલ આપી રહ્યા હતા. સંતો કંઠમાં હાર ધારણ કરી રથનું વહન કરી રહ્યા હતા. રથની પાર્શ્વભૂમાં સાધકો-પાર્ષદો બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવતા રથને અનુસરતા હતા. પરિસરની લીલીછમ વનરાજીની વચ્ચે પ્રદક્ષિણા કરતા ભક્તે સહિત



ભગવાનનાં દર્શન કરતાં સૌનાં અંતરેથી નાદ ગુંજતો હતો :

*એની શોભા મુખે વર્ણવી ન જાય રે,*
*જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે...*

## નેનપુર ખાતે અક્ષરપુરુષોત્તમ મહારાજનો પ્રથમ તુલાવિધિ યોજાયો...

ભગવાન ભક્તિભાવના ભૂખ્યા છે. તેઓ ક્યારેય કોઈ બળ, કળ, છળથી વશ થતા નથી પરંતુ શુદ્ધ ભક્તિભાવથી વશ થઈ જાય છે.

અબજોપતિઓના જરઝવેરાતથી ન તોળાય એવા પરમાત્મા ભક્તોના એક તુલસીના એક પાનથી તોળાઈ જાય છે. આવો જ એક ભક્તોની ભક્તિનો અવસર નેનપુર ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાઈ ગયો.

એ હતો – શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની તુલાવિધિના ઘણા અવસરો યોજાઈ ગયા. દરેક અવસરે પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં એ જ વાત દૃઢાવતા રહ્યા કે ભગવાન અને ભક્તની સરખી સેવા કરીએ તો શ્રીજીમહારાજે વરદાન આપ્યું છે કે આ ને આ જન્મે સો જન્મની કસર ટળી જાય.

નેનપુર ખાતે એવું સહજતાથી યોજાઈ ગયું. ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની પણ તુલાવિધિ થઈ.

તા. ૧૩-૭-૨૦૨૧ના રોજ અક્ષરપુરુષોત્તમ મહારાજનો આ તુલા-ઉત્સવ ઊજવાયો હતો. ભગવાન સ્વામિનારાયણની જોડે ગુણાતીતાનંદ સ્વામી વિરાજ્યા, અર્થાત્ પુરુષોત્તમની જોડમાં અક્ષર વિરાજ્યા ત્યારપછીનો આ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ હતો.

વળી, આજે અટલાદરા મંદિરનો પાટોત્સવ હતો. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અટલાદરા ખાતે શિખરબદ્ધ મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવ્યા તેને આજે ૭૬ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હતાં. આ બંને ઉત્સવ નિમિત્તે આજે નેનપુર ખાતે સ્વામીશ્રીની નિશ્રામાં ઉત્સવની રંગત જામી હતી.

પ્રાતઃ પૂજા બાદ તુલાવિધિનો કાર્યક્રમ આરંભાયો. સૌપ્રથમ

સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું વૈદિક મંત્રોચ્ચારની વચ્ચે પૂજન કર્યું હતું. ત્યારબાદ સૌ વતી આત્મસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રીનું પૂજન કરી આશિષ મેળવ્યા હતા. સ્વામીશ્રીએ તુલાવિધિનો સંકલ્પ કર્યો. ત્યારપછી તુલાવિધિની સેવા કરનાર સેવાભાવી ભક્તોનું સ્મરણ કરવામાં આવ્યું હતું. આ સૌ હરિભક્તો વતી સ્વામીશ્રીએ તુલાવિધિ કર્યો હતો. અક્ષરપુરુષોત્તમ મહારાજ સૌના ભક્તિભાવથી તોળાઈ ગયા.

આ પ્રસંગે આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આજે અટલાદરા મંદિરનો ૭૬મો પાટોત્સવ અને અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રથમ તુલા છે. શ્રીજીમહારાજની તો આપણે સેવાભક્તિ કરતા આવ્યા છીએ પણ તેમની જોડ મળી ત્યારપછી આ પ્રથમવાર જ તુલાવિધિ થયો છે. પ્રત્યક્ષપણે મહારાજ-સ્વામીની જોડ મળી એટલે આનંદ આનંદ થાય છે. મહારાજની જોડે ગુણાતીતાનંદ સ્વામી બેઠા. અને આપણી તો ઉપાસના છે - મહારાજ-સ્વામીની.

સત્સંગીને તો ભગવાન અને સંત રાજી થાય એવા સંકલ્પો જ થતા હોય છે. માટે ભાવથી પોતાની વહાલી વસ્તુ અર્પણ કરે છે. ખરેખર આવી મહામારીમાં બધાએ પોતપોતાની શક્તિ પ્રમાણે ભાવથી, પ્રેમથી સેવા કરી છે.


નેનપુરમાં મહારાજ-સ્વામી ભેગા થયા અને અહીં તુલા પણ થઈ. ભગવાન તો ભાવના ભૂખ્યા છે. બધાના ભાવથી ભગવાન તોળાયા છે. બધાએ ખૂબ મહિમાથી અને ભગવાનના રાજીપા માટે આ સેવા કરી છે. આ સેવા મોક્ષકારી છે. સૌને મોક્ષ અર્થે મહાસુખિયા કરશે.

આ ઐતિહાસિક પ્રસંગે પ્રાર્થના કે સત્વરે કોરોનાનો અંત આવે. વરસાદ સારો થાય, સૌના દેશકાળ સારા થાય અને બધું સરભર થાય. સર્વે હરિભક્તો તને-મને-ધને સુખી થાય અને આવી ને આવી સેવા થાય, ચડતો ને ચડતો રંગ રહે અને ખૂબ સેવા થાય. જેણે આ ઉત્સવનાં દર્શન કર્યાં છે તે પણ સુખિયા થશે. સત્સંગમાં સંપ-સુહૃદભાવ-એકતા રહે. મહારાજના વખતથી આ વાત ચાલી આવે છે. આપણા સૌમાં દાસભાવ, દિવ્યભાવ, નિષ્ઠા, નિયમ-ધર્મ દૃઢ રહે એ આશીર્વાદ છે.'' અંતે સેવા કરનાર તમામ સેવાભાવી ભક્તોના આભારની સાથે જયજયકારોથી આજના ઉત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.



# પ્રસંગ-પરિમલ...

નેનપુર ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિત્ય વિચરણ-નોંધમાંથી કેટલાક પ્રેરક પ્રસંગોના દિવ્ય પરિમલને માણીએ...



**તા. ૧૬-૩-૨૦૨૧, નેનપુર**

સત્સંગદીક્ષા ગ્રંથના મુખપાઠના મહિમાની ગોષ્ઠિ આરંભાઈ.

સ્વામીશ્રી સમક્ષ ઉત્તમયોગીદાસ સ્વામીએ શામિલભાઈ સાધકનો પ્રશ્ન રજૂ કર્યોઃ ‘‘સ્વામી! આપે સ્વામીની વાતોના નિરૂપણમાં વાત કરી હતી કે ‘દેહને પોતાનું રૂપ માનવું નહીં. આનો અભ્યાસ કરવો.’ તો ‘આનો અભ્યાસ કરવો’ એટલે શું? અને કેવી રીતે કરવો?’’

સ્વામીશ્રી કહેઃ ‘‘એકાંતિક સંત હોય એમના સમાગમે આ અભ્યાસ કરવો... એમનેમ ના થાય. જુઓ, સૌભરિ આદિકે ૬૦,૦૦૦ વર્ષ તપ કર્યું, પાણીમાં!..’’

‘‘...પણ બધું પાણીમાં ગયું... એટલે અભ્યાસ એકાંતિક સંતના સમાગમ અને વચન થકી કરવો!’’ ઉત્તમયોગીદાસ સ્વામીએ સમજ્યા હતા તે પ્રમાણે કહ્યું.

અનુમોદન આપતાં સ્વામીશ્રી કહેઃ ‘‘એકાંતિક સંતે મ્યાન ને તલવારની જેમ દેહ અને આત્મા જુદાં પાડેલાં છે, એટલે એમને સાક્ષાત્કાર હોય તો એમના વચને, એ કહે એમ કરે તો દેહ ને આત્મા જુદા પડે. નહીં તો એમનેમ ‘હું આત્મા છું, હું આત્મા છું’ ૬૦,૦૦૦ વર્ષ તપ કર્યું પણ કાંઈ વળ્યું નહીં... એટલે આપણે તો બધાં ઘી-કેળાં છે. આ બધી વાત આપણને સમજાઈ ગઈ - શાસ્ત્રીજી મહારાજના પ્રસંગથી. હવે બધી લીલાલહેર છે... કાળ, કર્મ, માયાથી પર થઈ ગયા. વર્તમાન ધરાવીએ ત્યારે જ આ વાત આપણે બોલીએ છીએ. બ્રહ્મની કોટિમાં - મુક્તની કોટિમાં આપણે આવી ગયા.’’

•

**તા. ૧૭-૩-૨૦૨૧, નેનપુર**

સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કરનાર બાળકોનો મહિમા સાંભળી સ્વામીશ્રી બધા બાળકોને જે પ્રતિભાવ આપતા હતા તેની વાત નીકળી...

આત્મસ્વરૂપદાસ સ્વામી કહેઃ ‘‘સ્વામી! આપ દરેક બાળકને ઓછામાં ઓછું બે વાર તો નમો જ છો... તે હાર પહેરાવે ત્યારે અને તેનો

મહિમા ગવાય ત્યારે.''

''નમી જ જવાય... કેવા મુક્તો!'' સ્વામીશ્રી ખૂબ મહિમાથી બોલ્યા.

ગુરુમનનદાસ સ્વામીએ કલ્પના રજૂ કરતાં પૂછ્યુંઃ ''સ્વામી! યોગીબાપાને મુખપાઠ બહુ ગમતો તો યોગીબાપા આજે હાજર હોત, અહીંયાં...''

''ઓહોહો...'' ખૂબ આનંદથી બે હાથ પહોળા કરતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા, પ્રશ્ન પૂરો થાય તે પહેલાં જ!

સત્સંગદીક્ષા ગ્રંથ મુખપાઠ કરનાર બાળમુક્તોને સ્વામીશ્રીએ સ્ક્રીન દ્વારા પાંચ દિવસ વ્યક્તિગત દર્શનનો લાભ આપ્યો હતો. ખૂબ પ્રેમથી એક-એક બાળમુક્તને તેની ઇચ્છા પ્રમાણે સ્વામીશ્રી મળ્યા હતા, પરંતુ અત્યારે તો સ્ક્રીન બંધ હતી. એકપણ બાળમુક્ત સ્ક્રીન પર દૃશ્યમાન નહોતો, છતાં સ્વામીશ્રી ખૂબ ભાવથી સ્ક્રીનની પ્રદક્ષિણા કરવા ચાલ્યા... ચાલતાં-ચાલતાં ઊભા રહી ગયા. બાળકોનું માહાત્મ્ય ગાવા લાગ્યા. કહેઃ ''આ લોકોએ આપણી શ્રદ્ધાના કૂચા બોલાવી દીધા. ગજબ શ્રદ્ધા! સાંભળી-સાંભળીને મુખપાઠ!! પાંચ-પાંચ વર્ષના બાળકો, જેમને કાંઈ લખતાં-વાંચતાં પણ આવડે નહીં... અને કેટલું ટોપ લલકારે, સંસ્કૃત ભાષામાં! એકદમ, આમ મોટા પંડિત હોય ને, એની જેમ!''

એક પ્રદક્ષિણા પૂર્ણ કરી સ્વામીશ્રી ભોજન માટે વિરાજ્યા. ભોજન શરૂ તો કર્યું પણ મહિમાના વિચારો એટલા ઊભરાતા હતા કે ચાલુ ભોજને પણ બોલ્યા વિના ન રહી શક્યા. કહેઃ ''બધા મુક્તો છે!''

ભોજન બાદ સ્વામીશ્રી હરિભક્તોને ફોન પર આશિષ અર્પવા વિરાજ્યા. સંતોએ ઑસ્ટ્રેલિયાના પ્રજ્ઞાચક્ષુ યુવક કુશલ સોલંકીની વાત કરી કે ''તેણે પણ સત્સંગદીક્ષાનો મુખપાઠ શરૂ કર્યો છે. ત્યાં તબક્કાવાર મુખપાઠનું આયોજન છે. બે ફેઝ થયા. કુશલને તો બ્રેઇલ લિપિમાં વાંચીને અથવા સાંભળી-સાંભળીને મુખપાઠ કરવાનો હોય, છતાં એટલો સારો મુખપાઠ કર્યો કે બંને ફેઝમાં તેણે પ્રથમ શ્રેણી પ્રાપ્ત કરી. જેને ત્યાં ગોલ્ડ સર્ટિફિકેટ કહે છે. સ્વામી! એને આશીર્વાદ આપી દો...''

સ્વામીશ્રીએ ખૂબ રાજી થતાં આશીર્વાદ ઉચ્ચાર્યાઃ ''હા બસ, શાબાશ! તમે આવી રીતે તૈયાર કર્યું ને ગોલ્ડ સર્ટિફિકેટ આવ્યું એ મોટી સિદ્ધિ કહેવાય.''

કેવો અંતરનો રાજીપો!!

•

**તા. ૧૮-૩-૨૦૨૧, નેનપુર**

આજે આફ્રિકાના સંતોના પ્રતિનિધિરૂપે પરમકીર્તિદાસ સ્વામીએ સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી.

**પ્રશ્નઃ** ''આપ માનસી પૂજામાં કોને યાદ કરો છો? યોગીબાપાને? પ્રમુખસ્વામી મહારાજને? કે બંનેને?''

**સ્વામીશ્રીઃ** ''બંનેને યાદ કરું છું. યોગીબાપાનેય સંભારું છું... ને પ્રમુખસ્વામી મહારાજને પૂજામાં (જળ પ્રસાદીનું કરતાં) ખેંચી લઉં છું. એટલે એ રીતે બંનેની માનસી પૂજા થાય છે.''

**પ્રશ્નઃ** ''આપ આરતીની ત્રીજી કડીમાં વ્યવસ્થિત નીચા કેમ નમો છો? તેમાં સર્વોપરી શ્રીજીમહારાજનું નામ આવે છે એટલે? અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું નામ આવે છે એટલે? અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી શ્રીહરિના દાસ છે એટલે? કે ત્રણેય?''

**સ્વામીશ્રીઃ** ''ત્રણેય.''

**પ્રશ્નઃ** ''આપની પાસે પંદર મિનિટનો સમય હોય તો આપ કઈ ભક્તિમય વિધિમાં જોડાવાનું વિશેષ પસંદ કરશો? કથા કરવી? કથા શ્રવણ કરવું? ધ્યાન કરવું? કે વાંચન કરવું?''

**સ્વામીશ્રીઃ** ''કથા કરવી... કેમ કે, ગુણાતીતાનંદ સ્વામીનો પણ પ્રસંગ છે. પોતાને તો નિષ્ઠા છે, પણ બીજાને કરાવવી. એ કથાથી થાય... પણ આમ તો કથાશ્રવણ પણ મને ખૂબ ગમે છે.''

**પ્રશ્નઃ** ''શ્રીહરિના કયા જીવન-કાળના ચરિત્ર પર વાંચન-મનન વગેરે કરવું આપ વિશેષ પસંદ કરો છો? ઘનશ્યામ ચરિત્ર? નીલકંઠ ચરિત્ર? સહજાનંદ ચરિત્ર? કે બધાં?''

**સ્વામીશ્રીઃ** ''બધાં જ. બધાં, ભગવાનનાં જ ચરિત્ર છે, પણ નીલકંઠ ચરિત્ર ઉપર વધારે મન બેસે છે. કારણ કે એમની મૂર્તિ અલૌકિક છે અને ત્યાગ-વૈરાગ્યયુક્ત છે.''

**પ્રશ્નઃ** ''પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી વખતે આપે તેઓને સત્સંગદીક્ષા ગ્રંથની ભેટ આપી. તો બાપાની શતાબ્દી નિમિત્તે અમારા પ્રત્યે આપને કઈ અપેક્ષા છે? નિયમ-ધર્મ? અક્ષરપુરુષોત્તમ અને પ્રગટ સત્પુરુષની નિષ્ઠા કરવી અને કરાવવી? વિશેષ તપ કરવું? કે અન્ય?''

**સ્વામીશ્રીઃ** ''અક્ષરપુરુષોત્તમ અને પ્રગટ સત્પુરુષની નિષ્ઠા કરવી ને કરાવવી... આપણે પ્રગટનો સંપ્રદાય છે. શ્રીજીમહારાજ સર્વોપરી, સાકાર, કર્તા અને પ્રગટ છે, તે નિષ્ઠા. આ આપણે પણ કરવાનું છે ને બીજાને પણ કરાવવાનું છે. અને એમાંથી ઘણી પુષ્ટિ બધાને મળે.''

•

સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ

કરનાર બાળકો પર અત્યંત રાજીપો દર્શાવતા સ્વામીશ્રી બે દિવસથી બાળમુક્તોને ઉદ્દેશીને સુદીર્ઘ પત્ર લખી રહ્યા હતા તે તેઓએ અત્યારે પૂર્ણ કર્યો. ખાસ તો તેને શીર્ષક આપ્યું: 'નો'તી દીઠી, નો'તી સાંભળી...'

સંતોએ આ મહિમાસભર પત્ર વાંચી અહોભાવ દર્શાવ્યો ત્યારે બાળસહજ શૈલીમાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા: ''રહેવાયું જ નહીં.''

સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા, પરંતુ મન બાળકોના મહિમાના વિચારમાં જ હતું. તે વિચારો તેઓ રોકી ન શક્યા, જમતાં-જમતાં સંતો સાથે ગોષ્ઠિ કરવા લાગ્યા.

સૌ પ્રથમ નાનકડો પ્રવક્તા પ્રયાગ વાઘેલા યાદ આવ્યો. સાત વર્ષનો આ શિશુ અમદાવાદનો છે. ખાસ તો એ યાદ આવ્યું કે 'આજે કોઈ પણ કાગળ રાખ્યા વિના, કાંઈ પણ જોયા વગર તે પ્રવક્તા તરીકે ખૂબ સારું બોલ્યો.'

મુંબઈનો ચાર વર્ષનો અક્ષર કેકરે યાદ આવ્યો કે ''તે વિદ્વાનની જેમ જ બેઠો હતો ને બોલતો હતો... નિધડક બોલતો હતો.''

પીપળાવના આઠ વર્ષના બાળક દેવાંશ પટેલને યાદ કર્યો કે તેણે સત્સંગદીક્ષાના શ્લોકના આધારે વાત કરીને તેના પિતા સાથે કામ કરતી એક વ્યક્તિને આપઘાત કરતાં અટકાવી. બહુ કહેવાય...''

સ્વામીશ્રી કહે: ''આપઘાત કરવાવાળા હોય એ કેટલા મહિનાથી વિચાર કરતા હોય, અને એ કરે જ, પાછા ન વળે.''

ત્યારબાદ નાનો શિશુ અક્ષર, સુરતનો સાત વર્ષનો વિનીત ડોડિયા, વડોદરાનો જિજ્ઞાસુ તથા અન્ય બાળકો વગેરેની વાત યાદ કરાવી સ્વામીશ્રી બોલી ઊઠ્યા: ''નો'તી દીઠી, નો'તી સાંભળી...''

પછી કહે: ''લાખ ફિલમ આની તોલે ના આવે.... એકદમ લાઇવ અને પ્રૅક્ટિકલ અને સાક્ષાત્... ફિલ્મોમાં તો કેટલી બનાવટ હોય! અને આ, જબ્બર, નક્કર! આની તોલે જ ના આવે... અક્ષરપુરુષોત્તમના વિદ્વાન કેવા હોય? તો આવા હોય!! સત્સંગ તેમના જીવનમાં છે... પહેલાં હાડે ભક્ત અને પછી પંડિત.''

આ વાક્ય પરથી સંતો એવા પ્રસંગો યાદ કરાવવા લાગ્યા...

•

**તા. ૧૯-૩-૨૦૨૧, નેનપુર**

સ્વામીશ્રી અલ્પાહાર કરવા પધાર્યા. બાદ સ્વતઃ પ્રેમોપદેશ આપવા લાગ્યા, કહે: ''કીડી... રેતીનો ઢગલો હોય પણ એને અડે જ નહીં, ઉપર ચાર-પાંચ ખાંડના દાણા વેરાયેલા હોય એ વીણી લે, એમ આપણે ગુણગ્રહણ જ કરવું. બીજું બધું બીજાને મુબારક.''

સ્વામીશ્રીએ પૂછ્યું: ''સમજાયું?''

''હા'' સૌએ કહ્યું.

સ્વામીશ્રીએ કહ્યું: ''આપણો સંપ્રદાય જ ગુણગ્રહણનો છે.''

•

**તા. ૨૩-૩-૨૦૨૧, નેનપુર**

સન ૧૯૭૭માં પ્રમુખસ્વામી મહારાજ સાથે સ્વામીશ્રી વિદેશ યાત્રાએ પધારેલા તે સમયે થયેલા ખૂબ ભીડા ભરેલા વિચરણની વાત નીકળી.

સ્વામીશ્રી હસતાં હસતાં તે વખતની સ્મૃતિ કરતાં કહે: ''પ્રમુખસ્વામી મહારાજને અને મને તો ઊંઘ જ ના મળે, કારણ કે એમની જોડમાં જવાનું હોય ને!''

સંતો કહે: ''એટલે પ્રમુખસ્વામી મહારાજને જેટલો ભીડો એટલો આપને પણ...''

સ્વામીશ્રી કહે: ''પણ પ્રમુખસ્વામી મહારાજ બધાને મળે, તેમના પ્રૉબ્લેમ સૉલ્વ કરે, એ વિશેષમાં.''

બ્રહ્મવત્સલદાસ સ્વામીએ પૂછ્યું: ''આપ અને બાપા બે જ પધરામણીમાં નીકળી જતા કે બીજા સંતો હોય જોડે?''

સ્વામીશ્રી કહે: ''બીજા હોય, પણ મુખ્ય અમે બે. બીજા તો બદલાયા કરે.''

''બરાબર! પણ આપને તો હંમેશાં જોડે રહેવાનું જ?'' સંતોએ પૂછ્યું.

સ્વામીશ્રીએ સસ્મિત અને નમ્રતાસભર ''હા'' કહી, પછી શય્યા પર દિવ્યવિગ્રહ લંબાવ્યો...

•

નોટિસ બૉર્ડ ઉપર શાનભાઈ સાધકે 'The Miller of the river Dee.' (ડી નામની નદી પરનો ઘંટીવાળો) કવિતાની પંક્તિઓના આધારે ચિત્ર રચીને એક પંક્તિ લખી હતી કે

I envy nobody - no, not I -
And nobody envies me!

(હું કોઈની ઈર્ષ્યા નથી કરતો, ખરેખર નથી કરતો, અને કોઈ મારી ઈર્ષ્યા નથી કરતું.)

આ પંક્તિઓ દર્શાવતાં શાનભાઈએ કહ્યું: ''સ્વામી! સારંગપુરમાં આપ આ પંક્તિઓ બોલ્યા હતા અને શાસ્ત્રીજી મહારાજ સાથે સરખાવી હતી કે 'શાસ્ત્રીજી મહારાજ આવા પુરુષ હતા.' ''

સ્વામીશ્રી વિશેષ વાત કરતાં કહે: ''એ તો બરાબર છે કે ''I envy nobody - no, not I (હું કોઈની ઈર્ષ્યા નથી કરતો, ખરેખર નથી કરતો), પણ nobody envies me (કોઈ મારી ઈર્ષ્યા નથી કરતું) એ

વાતમાં લોચો પડે. 'બધા મારા પર ઈર્ષ્યા કરે છે' એવો ભાવ રહે તો તે મારી નાખે, Killer (ઘાતક)... બધાને રહે છે કે 'મારા પર આ ઈર્ષ્યા કરે છે...' That is killer (તે ઘાતક છે) - self pity (આત્મદયા)!''

આટલા સૂક્ષ્મ અર્થો તો કદાચ કવિએ પણ નહીં વિચાર્યા હોય!

●

**તા. ૨૬-૩-૨૦૨૧, નેનપુર**

સભામંડપમાં આસનસ્થ થઈ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'નાં વચનો પર કથાવાર્તાનો લાભ આપતાં સ્વામીશ્રી કહે, ''અંતરમાં સુખશાંતિ રહે તે મુદ્દો છે. અંતરે શાંતિ હોય તો જગ જીત્યા... દેહની ઉપાધિ ગમે તે હોય પણ સમજણે કરીને અંતરે સુખ રહે, શાંતિ રહે, તે અગત્યનું છે. તે માટે બધાને નિર્દોષ જ સમજવા. ક્યાં હિસાબ કાઢવા જવો કે 'આટલા ગુણ છે અને આટલા દોષ છે? નિર્દોષ જ જોવા, એટલે આપણે છૂટા ને એય છૂટા... ભગવાનનો, સંતનો સંબંધ હોય ને તેને મનુષ્ય કહેવાય? એ પારસમણિ, ચિંતામણિથી અધિક થઈ ગયો.''

કથાની ઇતિશ્રી થઈ પછી ''કોણ કહેશે?'' કહી સ્વામીશ્રી પુનરાવર્તન કરાવવા લાગ્યા. સ્વામીશ્રી મિશન લઈને પ્રયાસ કરે છે - યોગમાં આવે તે બધાને બ્રહ્મરૂપ કરવાનો, બ્રહ્મવિદ્યામાં પારંગત કરવાનો.

●

**તા. ૨૭-૩-૨૦૨૧, નેનપુર**

ભોજન પછી વૉકિંગ દરમ્યાન સ્વામીશ્રીએ સંતો-સાધકોના મહિમાનું ગાન કર્યું. અંતે કહેઃ ''બ્રહ્મવિદ્યા જેવી કોઈ વિદ્યા નહીં, અને તમે બધા બ્રહ્મવિદ્યા ભણી રહ્યા છો.'' બ્રહ્મવિદ્યાનો વર્ગ લેતા સંતોને પૂછ્યુંઃ ''માન, ઈર્ષ્યા, અદેખાઈ એ બ્રહ્મવિદ્યામાં આવે?''

''ના સ્વામી, ક્યાંથી આવે?'' સંતોએ કહ્યું.

સ્વામીશ્રી કહેઃ ''તો બસ!''

ગુરુમનનદાસ સ્વામી કહેઃ ''શ્રદ્ધા, ખપ અને સમાગમ આવે.''

સ્વામીશ્રી હકાર ભણતાં કહેઃ ''હા. અને હઠ, માન ને ઈર્ષ્યાનો ત્યાગ... સવળી જ વાત, એ બ્રહ્મવિદ્યા.''

સહજમાં બ્રહ્મગુરુવરે પ્રેમોપદેશ આપી દીધો.

●

આજે શાસ્ત્રીજી મહારાજનાં ચાર મહાવાક્યો સાધકભાઈએ અર્થ સાથે ઉચ્ચાર્યાં. તેના પરથી મનુષ્ય જન્મનો હેતુ સમજાવતાં સ્વામીશ્રી કહેઃ ''આપણે અનેક જન્મ, અનેક માટે મુંડાવ્યું છે - સગાંવહાલાં માટે. એમના માટે ખપી ગયા છીએ. આ વખતે અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવવું, બીજી બધી તો થઈ ગઈ બધી ધામધૂમ ને કાંઈ વળ્યું નહીં, હવે આ અક્ષર-પુરુષોત્તમ માટે મુંડાવ્યું છે એટલે બધું પ્રાપ્ત થશે... અને 'મુંડાવ્યું છે' એટલે સમર્પિત. બધું જ એમને માટે. બીજા અનેક જન્મ બધા માટે મુંડાવ્યું છે, પણ કોરા ધાકોર રહ્યા છીએ; હવે આ અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવ્યું છે તો બધું જ મળશે, બધું જ પ્રાપ્ત થશે, અક્ષરધામ મળશે.''

●

ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડમાં યોજાનાર બાળ-બાલિકાઓની શિબિરમાં પ્રશ્નોત્તરીના માધ્યમથી શિબિરાર્થીઓને સ્વામીશ્રીનો દિવ્ય લાભ પ્રાપ્ત થયો હતો. તેની એક ઝાંખી પ્રશ્નોત્તરીને સાર રૂપે માણીએઃ

**પ્રશ્નઃ** અમે માળા કરીએ છીએ તો તે વખતે ભગવાન સિવાય બીજું બધું જ યાદ આવે છે, પણ ભગવાનમાં ધ્યાન રહેતું નથી. તો અમે શું કરીએ તો અમારી એકાગ્રતા ભગવાનમાં વિશેષ દૃઢ થાય?

**સ્વામીશ્રીઃ** હજુ તમે બાળક છો, બધું ક્રમ બાય ક્રમ આવશે. પહેલાં તો બધું અંધારું જ દેખાશે ને માળામાં પણ તમને કાંઈ નહીં ફાવે, પણ આ માર્ગ સાચો છે, દિશા સાચી છે એટલે થોડા વખત પછી બધું આવશે.

**પ્રશ્નઃ** આરતી દરમ્યાન અમારે શું વિચાર કરવો જોઈએ?

**સ્વામીશ્રીઃ** ટેવ પાડી નથી એટલે તેમાં તૃતીયમ્ જ વિચારો ચાલ્યા કરે છે. પણ તે દરમ્યાન મહારાજ-સ્વામીનું ધ્યાન ધરવું. પ્રગટ ગુરુ હોય એ મહારાજ-સ્વામીને ધારણ કરે છે, એ રીતે આપણે તેમનું ધ્યાન ધરવું.


**પ્રશ્નઃ** અમે થાળ ધરાવીએ તો ભગવાન ખરેખર જમે છે?

**સ્વામીશ્રીઃ** હા. જેવો તમારો ભાવ. ભાવ ન હોય ને ધરાવીએ તો એળે જાય, પણ ભાવ હોય તો ભગવાન જરૂર જમે. પૂર્વેનો ઇતિહાસ છે - જીવુબા, લાડુબા વગેરેનો થાળ ભગવાન જમી જતા. એટલે તમે ભાવપૂર્વક ધરો તો મહારાજ જરૂર અંગીકાર કરે.

**પ્રશ્નઃ** ''અને અમે થાળ ધરાવીએ ત્યારે વાનગી ઓછી થાય તો જ સમજવું કે 'ભગવાન જમ્યા છે!'?''

**સ્વામીશ્રીઃ** ''ના, એવું નહીં. એ તો લાખો હરિભક્તો ધરાવે છે તો ભગવાન ઓછું જમી જાય છે? યોગીબાપા ને પ્રમુખસ્વામી મહારાજ પણ ધરાવે છે તો ઓછું જમી જાય છે? પણ તમારો ભાવ હોય એ ભગવાન જરૂર અંગીકાર કરે છે.''

# પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની દિવ્ય સંનિધિમાં ઊજવાયો ગુરુપૂર્ણિમા ઉત્સવ



ગુરુપૂર્ણિમા એટલે ભારતીય સંસ્કૃતિનો એક અનોખો અવસર. ગુરુ દ્વારા ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ પમાય છે. એટલે મહાપુરુષો કહે છે: *'ગુરુ બિન જ્ઞાન નહીં, ગુરુ બિન ધ્યાન નહીં...'* પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે એવા ગુણાતીત ગુરુનો મહિમા અપરંપાર ગાયો છે. એમના આધ્યાત્મિક અનુગામી ગુણાતીત ગુરુઓની પરંપરા આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ દ્વારા વહી રહી છે. તાજેતરમાં તા. ૨૩-૭-૨૦૨૧ના રોજ ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસરે તેઓનાં ચરણે ગુરુવંદના કરવાનો અવસર દેશ-વિદેશના લાખો હરિભક્તોએ ઓનલાઈન માધ્યમ દ્વારા માણ્યો હતો.

વહેલી સવારે પરમ પૂજ્ય સ્વામીશ્રીની પ્રાતઃપૂજા બાદ સવારે ૭:૦૦ વાગ્યાથી ૭:૪૫ દરમ્યાન આ ગુરુપૂર્ણિમાની સભા યોજાઈ હતી.

સભાના પ્રારંભે પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ ગુરુમહિમા સાથે પ્રાર્થનાત્મક પ્રસ્તુતિ કરી હતી.

ત્યારબાદ ગુરુમહિમા વર્ણવતાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ડૉક્ટર સ્વામી વગેરેએ પ્રેરક સંબોધનો કર્યાં હતાં.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ જણાવ્યું હતું કે 'આપણે સૌ ગુણાતીત બાગના ભક્તો છીએ. આપણા માટે ગુણાતીત ગુરુનું પૂજન કરવું એ શ્રેષ્ઠ અવસર છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત કૃપા કરી આ પૃથ્વી પર અવતર્યા અને પોતાની સાથે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને લઈને આવ્યા. યોગીજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામી માટે 'આપણા આદિ ગુરુ' એમ સંબોધન કરતા. એ ભેટ સ્વામિનારાયણ ભગવાને આપણને આપી. આપણે ખરેખર ભાગ્યશાળી છીએ કે એ આદિ ગુરુની પરંપરાનો આપણને લાભ મળ્યો છે. યોગીજી મહારાજ અનેકવાર કહેતાઃ 'ગુરુપૂર્ણિમા એટલે નિર્દોષબુદ્ધિ અને દિવ્યભાવનો ઉત્સવ'. એટલે આજે ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પાસે એ જ માંગવાનું છે કે આપના સ્વરૂપમાં અખંડ નિર્દોષબુદ્ધિ અને

દિવ્યભાવ રહે. અને સાથે સાથે આ ગુણાતીત સમાજ વિશે પણ નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ રહે એ જ આજના શુભ પ્રસંગે ગુરુનાં ચરણે પ્રાર્થના.'

ત્યારબાદ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ ગુરુમહિમા વર્ણવીને જણાવ્યું હતું, 'ગુણાતીત ગુરુ એ સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે. ભગવાન તેમનામાં અખંડ બિરાજમાન રહેલા છે. આવો ગુરુનો જે મહિમા છે એવા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ આપણને મળ્યા છે. તો આપણે આજના શુભ દિવસે એટલું જ માગીએ કે હે સ્વામી! આપના હૃદયમાં અખંડ ભગવાન વિરાજમાન છે. આપને ભગવાનનું વિશેષ મનન ચિંતવન છે તો આપ અમારા પર કૃપા કરો કે અમને પણ ભગવાનનું અખંડ સ્મરણ રહે, ભગવાનનો સંબંધ રહે.'

ત્યારબાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ જણાવ્યું હતું, 'ગુરુપૂર્ણિમા એટલે ભગવાન વેદવ્યાસનો પ્રાગટ્ય દિન. વિશ્વભરના તમામ હિન્દુઓ વ્યાસજીને આદિ આચાર્ય તરીકે માને છે. વ્યાસજીએ બધાં શાસ્ત્રોના સારરૂપે વાત કરીઃ

*આલોડ્ય સર્વ શાસ્ત્રાણિ,*
*વિચાર્ય ચ પુનઃ પુનઃ*
*ઈદં એકં સુનિષ્પન્નં*
*ધ્યેયો નારાયણો હરિઃ*

વ્યાસજીએ બધાં શાસ્ત્રોનો સાર કહ્યો કે જીવનનું અંતિમ લક્ષ્ય એ ભગવાન છે. અને એ ભગવાનને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન ગુરુ છે.

સ્વામિનારાયણ ભગવાને એ વાત પોતાના ઉપદેશ ગ્રંથ વચનામૃતમાં સંતનો-ગુરુનો મહિમા કહ્યો છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪મા વચનામૃતમાં સંતને મોક્ષનું દ્વાર કહ્યા છે. એક શ્લોકમાં કહ્યું, *'યસ્ય દેવે પરાભક્તિ...'* એટલે કે જેવી ભગવાનને વિશે ભક્તિ છે એવી ગુરુને વિશે કરવી.

ગુણાતીતાનંદ સ્વામીએ ગુરુનો મહિમા કહેતાં પોતાની વાતમાં જણાવ્યું છે કે આ ગિરનાર પર્વત છે એમાં જેટલાં ઝાડ છે એ બધાં ઝાડ કલ્પવૃક્ષ હોય અને આપણે એના માલિક હોઈએ અને એનો ત્યાગ કરવો પડે તો એ ત્યાગ કરીને પણ આવા સંતનો સત્સંગ કરવો. આ ગિરનાર પર્વત છે એમાં જેટલા પથ્થર છે તે બધા જ પથ્થર ચિંતામણિ હોય અને તેના માલિક આપણે હોઈએ તો તેનો ત્યાગ કરવો પડે તો એ ત્યાગ કરીને પણ આવા ગુરુનો સત્સંગ કરવો. સત્સંગ કરવો એટલે આપણે મન-કર્મ-વચને ગુરુનું સ્મરણ કરવું. વચનથી ભગવાન અને ગુરુ તથા તેના ભક્તોના ગુણ ગાવવા અને સાંભળવા. કર્મથી ભગવાન અને સંત રાજી થાય એવી રીતે કાર્ય કરવું. અને આપણું ધન ભગવાનના કાર્યમાં વપરાય એ રીતે વિચાર રાખીને એ કાર્ય કરવું અને ધનનું અભિમાન ન રાખવું. આ રીતે કરીશું તો રોજ ગુરુપૂર્ણિમા થશે.'

ત્યારબાદ પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામીએ પરમ પૂજ્ય સ્વામીશ્રીના સ્વાસ્થ્ય અંગે સમાચાર આપ્યા હતા. તા. ૨૦ જુલાઈ ૨૦૨૧ની સવારે અમદાવાદ ખાતે બી.એ.પી.એસ. યોગીજી મહારાજ હૉસ્પિટલમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીની પ્રોસ્ટેટ પ્રોસિજર કરવામાં આવી હતી.

જેમણે આ પ્રોસિજર કરી હતી તે પ્રસિદ્ધ તબીબ ડૉ. મહેશભાઈ દેસાઈ સાથે થયેલા વાર્તાલાપના અંશો પણ સૌએ માણ્યા હતા. ડૉ. મહેશભાઈ દેસાઈ ઇંગ્લૅન્ડમાં MS FRCSની ડિગ્રી મેળવીને છેલ્લાં કેટલાંય વર્ષોથી નડિયાદની પ્રસિદ્ધ મૂળજીભાઈ પટેલ યુરોલોજિકલ હોસ્પિટલના મૅનેજિંગ ટ્રસ્ટી, ડિરેક્ટર અને સિનિયર કન્સલ્ટન્ટ યુરોલોજિસ્ટ તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમને ભારતનો પ્રસિદ્ધ 'ડૉ. બી.સી.રોય નેશનલ એવોર્ડ' સન ૨૦૦૦માં પ્રાપ્ત થયો હતો. તેઓ 'ઇન્ટરનેશનલ સોસાયટી ઓફ યુરોલોજી'ના પ્રમુખ તરીકે પણ રહી ચૂક્યા છે. ગુજરાતમાં રોબોટિક યુરોલોજિકલ સર્જરીના તેઓ પાયોનિયર છે. સ્વામીશ્રીની સારવાર દરમ્યાન તેમણે કરેલી દિવ્ય અનુભૂતિ વર્ણવીને ગુરુપૂર્ણિમાએ ગુરુવંદના કરી હતી.

અંતે, યોગીજી મહારાજ હૉસ્પિટલમાંથી પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આશીર્વચન ઉચ્ચારતાં જણાવ્યું હતું કે 'તમે બધા ચિંતા કરતા હતા, પણ મારી તબિયત બહુ સારી છે. કારણ કે તમે બધા ધૂન-ભજનમાં મંડી પડ્યા તેથી મહારાજ-સ્વામી ખૂબ રાજી થયા છે. આપ સૌએ સંપ-સુહૃદભાવ-એકતાની ભાવના દાખવી છે. આજે વળી ગુરુપૂનમ છે, બધાને આશીર્વાદ છે કે બધા તને, મને, ધને સુખી થાય, બાળકો અભ્યાસમાં મંડી પડે, વડીલો વ્યવસાયમાં આળસ રાખ્યા વગર બધું કરે અને સત્સંગ પણ કરે. આ વરસે વરસાદ પણ સારો થાય. બધાને સુખ શાંતિ રહે. એ જ પ્રાર્થના.'

ત્યારબાદ ઘરેબેઠાં લાખો ભક્તોએ મંત્રપુષ્પાંજલિ દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુપરંપરાને વંદના કરી હતી. અંતે, *'ગુરુદેવ તુમ્હારે ચરણકમલ મેં, શ્રદ્ધા સુમન*

ધરું...' કીર્તનગાન સાથે સૌએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય સ્મૃતિઓ માણી હતી.

આ જ રીતે તા. ૨૫ જુલાઈના રોજ રવિવારની સભામાં સાંજે ૫:૩૦થી ૮:૦૦ દરમ્યાન *'ગુરુદેવ મેરો ઘાટ દૂસરો બનાયો હૈ...'* કેન્દ્રીય વિષય સાથે લાખો હરિભક્તોએ ઓનલાઈન માધ્યમ દ્વારા પ્રમુખસ્વામી મહારાજ ને મહંત સ્વામી મહારાજનાં ચરણે ગુરુવંદના કરી હતી. ◆



## આનંદથી પણ પરની દિવ્ય અનુભૂતિ...

### પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સારવાર આપનાર પ્રસિદ્ધ યુરોલોજિસ્ટ ડો. મહેશભાઈ દેસાઈ સાથે થયેલો વાર્તાલાપ

મંગળવારે સવારે અમે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રોસ્ટેટ પ્રોસિજર કરી. સ્વાભાવિક છે કે જેમની પાછળ આખો સમાજ જોડાયેલો હોય એવા સ્વામીજીની આવી સારવાર કરવાની હોય તેથી થોડુંક ટેન્શન તો હોય. આથી ભગવાનને મારી પ્રાર્થના હતી કે એમને જલદી સારું થઈ જાય. પરંતુ એક વાર ઑપરેશન થિયેટરમાં ગયા પછી મને કશું જ યાદ નથી કે મને કોઈ ટેન્શન જેવું હતું. એમને ટ્રીટમેન્ટ પણ એકદમ યોગ્ય અપાઈ ગઈ. ટ્રીટમેન્ટ કરતા હતા એમાં કોઈ ક્ષણે એવું લાગ્યું નહીં કે અહીં અઘરું છે. ૨૨-૨૫ મિનિટમાં બધું પતી પણ ગયું અને કશા જ કોમ્પ્લીકેશન થયા નહીં.

સ્વામીજીને પૂછ્યું કે તમને કેવું છે? તો કહે, ' થઈ ગયું ઓપરેશન?' તેઓ એકદમ શાંત હતા. કોઈપણ પ્રકારનું બ્લડપ્રેશર કે અન્ય કોઈ તકલીફ નહીં! પલ્સ પરફેક્ટ રહી, ઑક્સિજન પરફેક્ટ રહ્યો.

આજે સવારે એકદમ ફ્રેશ હતા, પૂજા કરી, માળા કરી, એટલે એમની રીકવરી એકદમ અદ્‌ભુત લાગી. ૮૮ વર્ષની ઉંમર હોવાથી કંઈક ને કંઈક તો પ્રોબ્લેમ થઈ શકે એવી ધારણાથી હું મનમાં ને મનમાં વિચારતો હતો કે આ થાય તો શું કરવું? આ થાય તો શું કરવું? પણ કશું જ થયું નહીં.

સ્વામીજીને હું મળવા જાઉં તો બે-ચાર મિનિટથી વધારે કદાચિત ન મળે, પણ આ બે દિવસમાં કલાકોના કલાકો હું એમની સાથે બેસી રહ્યો. આ મારું સદ્‌ભાગ્ય છે. એટલે મને તો એવું લાગે છે કે હું ધન્ય થઈ ગયો.

સામાન્ય રીતે અમે દર્દીના ચહેરા ઉપર જોતા હોઈએ છીએ, દર્દીના ચહેરા ઉપર ટેન્શન દેખાય. પણ મહંત સ્વામીજીના ચહેરા ઉપર મેં જોયું, કોઈ જ ટેન્શન નહોતું. એમના ચહેરા ઉપર શાંત ભાવ હતો, તેજ હતું. હું તો અંજાઈ ગયો.

હું બે દિવસ અહીં રહ્યો છું આવો મોકો તો કોઈ દિવસ મળ્યો નથી.

હું ઘણીવાર બધે ઠેકાણે મંદિરોમાં દર્શને ગયો છું. અક્ષરધામનાં દર્શને ગયો છું, પણ આ જે અનુભવ થયો છે તે આનંદની પણ ઉપર છે. ખરેખર હું ધન્ય થઈ ગયો છું.

જ્યારે હું તેમની સાથે રૂમમાં બેસતો હતો ત્યારે ઊઠવાનું મન થતું નહોતું. એવું લાગે છે કે એમની પ્રસન્નતા છે એ કદાચિત ઈન્ફેક્સિયસ (એટલે કે ચેપી) હોય તો કેવું સારું! આપણને એમની પ્રસન્નતાનો ચેપ લાગે. ભગવાનને પ્રાર્થના કરું કે એ મળી જાય.

એમની આ ઉંમર સુધી જે રીતે તેઓ કામ કરે છે, એમણે સત્સંગદીક્ષા ગ્રંથ આપ્યો, એ પણ અતિશય સુંદર છે. તેની તુલના ગીતા સાથે પણ થઈ શકે. ભગવાનને પ્રાર્થના કરું કે મને પણ આવું શાસ્ત્ર આપે, જેથી છેલ્લી ઘડી હું લોકોની સેવા કરી શકું, એજ્યુકેશન કરી શકું. મારો ધર્મ મેડિકલનો છે, લોકોને સારા કરવાનો છે, ફિઝિકલી સારા કરવાનો છે. એ કરી શકું એ પ્રાર્થના.

છેલ્લે કહું છું કે મહંત સ્વામીજી તદ્દન સારા છે. એમને કોઈ રોગ નહોતો, એમને ઉંમરની તકલીફ હતી, અને બધું સરસ પતી ગયું છે. અહીં બધી ઉત્તમ સગવડ છે. પ્રમુખસ્વામીજી અને મહંત સ્વામીજી બંનેએ મને એમનાં ચરણોમાં આશીર્વાદ આપ્યા છે. હું એમનો ઘણો ઋણી છું. ◆

# લંડનના વિખ્યાત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ૮૦,૦૦૦ સ્થાનિકોને કોવિડ વેક્સિનેશનના ડોઝ અપાયા



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં પ્રેરણા અને આશીર્વાદથી તાજેતરમાં, લંડનના વિખ્યાત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સ્કૂલમાં તાજેતરમાં કોવિડ-૧૯ મહામારીમાં રાષ્ટ્રને સહાયરૂપ થવા માટે NHS વેક્સિનેશન સેન્ટર ખોલવામાં આવ્યું છે. તેમાં લંડનના ૮૦,૦૦૦ સ્થાનિક રહીશોને વેક્સિનેશનના ડોઝ આપવામાં આવ્યા હતા.

સ્થાનિક સરકારની નિઃશુલ્ક વેક્સિનેશન કરવાની ઝુંબેશના એક ભાગ રૂપે બી.એ.પી.એસ. મંદિરમાં આવી પહેલ કરવામાં આવી હતી અને મંદિરની આ સેવાભાવનાનો સ્થાનિક રહીશોએ સારી રીતે લાભ લીધો હતો. મંદિરમાં ૧૨ કેન્દ્રો ઉપર ૧૨૦૦ રહીશને રસી મૂકવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો, જે આજની તારીખ સુધી જળવાઈ રહ્યો છે. નિર્ધારિત લક્ષ્યને પહોંચી વળવા માટે પસંદગીના શનિવારે પણ રસી કેન્દ્ર ચાલુ રખાયાં હતાં.

રસી મુકાવવા આવતા લોકો માટે એન્ટિજેન ટેસ્ટિંગ માટે મંદિર તરફથી જૂન, ૨૦૨૦થી કરવામાં આવી છે. મે, ૨૦૨૧ સુધીમાં સુરક્ષાકર્મીઓની દેખરેખ હેઠળ ૧૯,૦૦૦ વ્યક્તિઓ આ ટેસ્ટ કરાવી ચૂક્યા છે. કોવિડ-૧૯ના ટેસ્ટિંગ માટે મંદિર તરફથી ડિસેમ્બર ૨૦૨૦થી મોબાઈલ ક્લિનિકલ લેબોરેટરીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

યુ.કે.ના ગૃહમંત્રી શ્રી પ્રીતિ પટેલે તા. ૩ ફેબ્રુઆરીના રોજ રસી કેન્દ્રની મુલાકાત લઈને જણાવ્યું હતું, 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ઉદાત, ગૌરવપૂર્ણ અને સાહસિક સેવાથી હું પ્રભાવિત થઈ છું. હેલ્થ કેર સેન્ટરની દરેક વ્યક્તિ, NHSના દરેક પ્રતિનિધિ અને સેવા આપતા સુરક્ષાકર્મી અધિકારીઓને મળી છું અને સૌ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્વયંસેવકોની સેવાથી પ્રભાવિત થયા છે. રાષ્ટ્રીય મહામારીમાં કાર્યને સરળ બનાવવા માટે તેઓ અભિનંદનના અધિકારી છે. સૌની જિંદગી બચાવવાનું કામ વીરતાનું કામ છે. તમે રસી મુકાવીને તમારું જીવન બચાવવાની સાથે બીજાનું જીવન






પણ બચાવશો.'

તબીબ તરીકે સેવાઓ આપતા અને બી.એ.પી.એસ. મંદિરના અગ્રણી સ્વયંસેવક ડૉ. મયંક શાહે જણાવ્યું કે કોવિડ-૧૯ની રાષ્ટ્રીય આપત્તિમાં સહાય કરવાની પ્રેરણા અમને ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આપી છે. વેક્સિનેશન અને ટેસ્ટિંગ ઝુંબેશમાં અમને સેવા કરવાની જે તક મળી તેને અમે ભગવાનની કૃપા સમજીએ છીએ. ૫૦,૦૦૦ના નિર્ધારિત લક્ષ્યને અમે આંબી શક્યા તે અમારા માટે આનંદિત બાબત છે.

વેક્સિનેશન સેન્ટર ખાતે કામગીરીની દેખરેખ રાખતાં હસ્મિતા પટેલે જણાવ્યું હતું કે અમારા ૧૫-૨૦ સ્વયંસેવકોએ તેમના કીંમતી સમયનો ભોગ આપીને સેવા સેવા કરી છે. તેઓએ ૮૦,૦૦૦ સ્થાનિક રહીશોને સાવચેતી અને સાવધાની રાખીને રસી મૂકવાનું અદ્‌ભુત કાર્ય કર્યું છે. તેના કારણે જ અમે સરકારના નિર્ધારિત આંકને પહોંચી વળ્યા છીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ કોરોના મહામારી દરમ્યાન સંક્રમિત નાગરિકોની સેવા અને જાગૃતિનું પ્રસંશનીય કાર્ય કરવા બદલ બી.એ.પી.એસ. મંદિર, લંડનને લંડનના વિખ્યાત 'ફેઈથ એન્ડ બિલીફ ફોરમ' દ્વારા કૉમ્યુનિટી ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. ◆


નૂતન પ્રકાશન


₹ ૨૦૦/-

**પ્રકાશિત થઈ ચૂક્યો છે વિસ્તૃત જીવનચરિત્ર શૃંખલાનો પાંચમો ભાગ**

# બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

## વિસ્તૃત જીવનચરિત્ર ભાગ-૫

**લેખકઃ સાધુ આદર્શજીવનદાસ**




ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનો પાંચમો ગ્રંથ પ્રકાશિત થઈ ચૂક્યો છે. સન ૧૯૮૩ થી સન ૧૯૮૬ સુધીનાં તેમનાં જીવનવર્ષોનું ચરિત્રલેખન આ પાંચમા ભાગમાં માણવા મળે છે.

અવિરત વિચરણ, ગામોગામ પધરામણીઓ, અસંખ્ય લોકોનાં સુખ-દુઃખના ભાગીદાર બનીને તેમની સાથેની આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાતો અને લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર... પરંતુ સ્વામીશ્રીની ચેતના એવી ને એવી ચેતનવંતી રહી હતી. તેથી હૃદયરોગના હુમલા બાદ પૃથ્વીની પરિક્રમા કરીને, લંડનમાં ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવ ઊજવીને અને ભારતમાં ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવના ડંકા વગાડીને તેમણે લાખો લોકોને પ્રેરણાથી ચેતનવંતા કર્યા. ગામડાંઓમાં અવિરત વિચરણની એમની વણથંભી યાત્રા વચ્ચે એક પછી એક નવા વિક્રમો સર્જાતા જતા હતા. પરંતુ સૌથી વિક્રમજનક બાબત હતી – આવી ક્ષણેક્ષણની વ્યસ્તતા વચ્ચે પ્રગટતું એમનું શાંત અને નિઃસ્પૃહ વ્યક્તિત્વ. જીવનચરિત્ર શ્રેણીના પાંચમા ભાગમાં તેની પ્રસ્તુતિ માણીએ...

**આવો, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ વર્ષે તેઓશ્રીનાં અવિરત સત્સંગ વિચરણ અને વિરલ કાર્યોનું શ્રવણ કરીને કૃતાર્થ થઈએ...**

'અક્ષર અમૃત' એપ પર આ પાંચમા ભાગની ઓડિયો બુકનું શ્રવણ કરવાનો આનંદ પણ નિઃશુલ્ક માણો...

# ન્યૂઝીલેન્ડની રાજધાની વેલિંગ્ટન ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસ વિધિ





પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી એશિયા પેસિફિક દેશોમાં સત્સંગની સતત અભિવૃદ્ધિ થઈ રહી છે. ન્યુઝીલેન્ડ સ્થિત વેલિંગ્ટન નગર ખાતે પણ બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્ર ગતિમાન છે. અહીં સ્થિત બી.એ.પી.એસ. હરિમંદિરમાં ઘણાં વર્ષોથી સત્સંગકેન્દ્ર ચાલી રહ્યું છે. ધીમે ધીમે સત્સંગકેન્દ્રમાં આવનારા ભક્તો-ભાવિકોની વૃદ્ધિ થતાં અહીં સુવિધાસજ્જ નૂતન બી.એ.પી.એસ. મંદિરની આવશ્યકતા જણાઈ. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી અહીં નૂતન બી.એ.પી.એસ. મંદિર માટે ભૂમિ સંપાદિત કરવામાં આવી. આ ભૂમિ પર નૂતન મંદિરનિર્માણ પ્રારંભે શિલાન્યાસ વિધિ તા. ૨૦ જૂન, ૨૦૨૧ના રોજ યોજાઈ ગયો.


આ પ્રસંગે વેલિંગ્ટનના લોવર હટ ઈવેન્ટ સેન્ટર ખાતે મંદિરમાં, સ્થાપિત થનાર શિલાઓના મહાપૂજાવિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી મુક્તેશ પરદેશી (હાઈકમિશનર ઓફ ઈન્ડિયા, ન્યુઝીલેન્ડ), શ્રી ક્રાઈસ હિપ્કિન્સ (શિક્ષણમંત્રી) સાથે સાથે કોવિડ-૧૯ વ્યવસ્થાપક મંત્રીશ્રીઓ તેમજ ૧૨૦૦ કરતાં વધારે ભક્તો-ભાવિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઓકલેન્ડ બી.એ.પી.એસ. મંદિર ખાતેથી ૨૦૦ કરતાં વધારે ભક્તોએ તથા ૩૫ ભક્તોએ હેમિલ્ટન હરિમંદિર ખાતેથી લાઈવ વેબકાસ્ટ દ્વારા આ મહાપૂજાવિધિનો લાભ લીધો હતો.

મહાપૂજાવિધિ બાદ પૂજ્ય પરમચિંતનદાસ સ્વામી વગેરે સંતોએ મંદિરનિર્માણ સ્થળે પધારીને શિલા સ્થાપનવિધિ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મંદિરના પાયામાં સ્થાપિત થનાર શિલાઓનું પૂજન તા. ૩૧-૫-૨૦૨૧ના રોજ મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે થયું હતું. મંદિર શિલાન્યાસ ઉત્સવ નિમિત્તે તા. ૧૯ જૂન, ૨૦૨૧ના રોજ બાળ-યુવા વૃંદ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેનો ૮૦૦ કરતાં વધુ ભક્તો-ભાવિકોએ લાભ લીધો હતો. આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને સંતો-ભક્તોના ભક્તિમય પુરુષાર્થ દ્વારા અહીં અલ્પ સમયાવધિમાં જ નૂતન મંદિરનું નિર્માણ થઈ જશે. ◆



# સત્સંગદીક્ષા અને સત્સંગજ્ઞાન અંતર્ગત યોજાયેલી ઓનલાઈન પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ૪૧૦૦૦ કરતાં વધુ ભક્તો જોડાયા





પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે 'ગાગરમાં સાગર' સમાન સત્સંગદીક્ષા ગ્રંથની ભેટ આપીને સત્સંગસમાજ પર વિશેષ ઉપકાર કર્યો છે. સત્સંગદીક્ષા ગ્રંથનું સૌ ભક્તો ઊંડાણપૂર્વક વાંચન-મનન કરે, તે હેતુસર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા હરિભક્તો માટે સત્સંગદીક્ષા ઓનલાઇન પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન તા. ૧૧-૭-૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાની સૌ હરિભક્તો સારી પૂર્વતૈયારી કરી શકે તે માટે સ્પર્ધા પૂર્વે ૪૦ દિવસ દરમ્યાન ૨૬ દૈનિક પ્રશ્નોત્તરી તથા બે પ્રિ-ટેસ્ટ લેવામાં આવી હતી. આ તમામ પ્રશ્નોત્તરીમાં ૨૮ વર્ષથી લઈને ૯૩ વર્ષની ઉંમર સુધીના હરિભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રશ્નોત્તરીની ફાઈનલ સ્પર્ધામાં ૧૪,૫૭૫ પુરુષ હરિભક્તો અને ૧૨૮૯૬ મહિલા ભક્તોએ ઉમંગપૂર્વક ભાગ લઈ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

આ ઉપરાંત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં યુવક-યુવતીઓ માટે પણ સત્સંગજ્ઞાન ઓનલાઇન પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન તા. ૧૮-૭-૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે આ યુવક-યુવતીઓમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવન-પરિમલની સુવાસ ફેલાય તે હેતુથી આ સ્પર્ધાના અભ્યાસક્રમમાં 'શતદલ પ્રમુખ પરિમલ' પુસ્તક રાખવામાં આવ્યું હતું. સાથે સાથે મહંત સ્વામી મહારાજની સાધુતાની પ્રતીતિ કરાવતી પુસ્તિકા 'સાધુતાનું શિખર મહંત સ્વામી મહારાજ' પણ અભ્યાસક્રમમાં રાખવામાં આવી હતી. આ બંને પુસ્તિકાઓનું યુવક-યુવતીઓએ હર્ષભેર વાંચન અને મનન કરીને આત્મસાત્ કરી હતી. મધ્યસ્થ કાર્યાલય દ્વારા સ્પર્ધકો સ્પર્ધાની તૈયારી વધુ સરળતાથી કરી શકે તે માટે ઓડિયો બુક તૈયાર કરવામાં આવી હતી. તદુપરાંત સ્પર્ધા પૂર્વેના ૨૧ દિવસ દરમ્યાન ૪ પ્રેક્ટીસ ટેસ્ટ (૪૦ પ્રશ્નો) તથા બે પ્રિ-ટેસ્ટ લેવામાં આવી હતી. આ તમામ પ્રશ્નોત્તરીમાં યુવાઓ ઉત્સાહપૂર્વક જોડાયાં હતાં.

ફાઈનલ સ્પર્ધામાં ૭,૮૭૨ યુવકો અને ૫,૬૬૧ યુવતીઓએ ઉમંગપૂર્વક ભાગ લીધો હતો. આમ, કુલ ૪૧,૦૦૦ કરતાં વધુ હરિભક્તો અને યુવક-યુવતીઓએ આધુનિક માધ્યમ દ્વારા સત્સંગજ્ઞાનની દૃઢતા કેળવીને ગુરુહરિ મહંતસ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ◆

# દક્ષિણ ગુજરાતના લોકપ્રિય તીર્થધામ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સાંકરીનો સુવર્ણ વર્ષ પ્રારંભ



દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના બારડોલી તાલુકાના નાનકડા સાંકરી ગામમાં તા. ૩-૬-૧૯૭૧ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શ્રી લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓની ભવ્યતાપૂર્વક પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. આજથી ૫૦ વર્ષ પૂર્વે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સૂત્રધાર તરીકે ગુરુપદે બિરાજ્યા પછી તેઓના હસ્તે આ પ્રથમ શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. માત્ર મંદિર સ્થાપ્યું એટલું જ નહીં, પરંતુ સ્વામીશ્રીએ આ પ્રદેશમાં ગામડે ગામડે હળપતિઓ-આદિવાસીઓથી લઈને અનેકનાં ઝૂંપડાં પાવન કર્યાં, અનેકનાં જીવન-પરિવર્તન કર્યાં, અનેકને અંધારામાંથી અજવાળાં તરફ લઈ ગયા, અનેકને સત્સંગાભિમુખ કર્યા. વળી, અહીં સ્વામીશ્રીએ મૂર્તિઓમાં એવું તો દિવ્ય ઐશ્વર્ય મૂક્યું હતું કે મંદિરમાં આવનારના અંતરમાં શાંતિનો અનુભવ થવા લાગ્યો. તેમની મનોકામનાઓ ફળવા લાગી. દુઃખ-દર્દ દૂર થવાં લાગ્યાં. સુખમય જીવન ઘડવાની પ્રેરણા પ્રાપ્ત થવા લાગી. મૂર્તિઓના અનેરા આકર્ષણથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી લોકો પૂનમ ભરવા અને માનતા પૂરી કરવા સાંકરી ઊમટવા લાગ્યા.

જે વનવાસી લોકો કહેતા હતા કે સત્સંગ શા માટે? મંદિરથી શો લાભ? તે વનવાસી ભાઈઓ આજે ખુમારીથી કહે છેઃ 'આમણે ભગવાન મીલી ગયો હા..', 'આમણે સદગુરુ મીલી ગયો હા...', 'આમે તે ખાટી ગયા, આમે તે ફાવી ગયા...', 'આમણે અક્ષરધામના વાસી મીલી હા...'

આ મંદિરમાંથી દક્ષિણ ગુજરાતમાં સત્સંગની ભાગીરથી વહેવા લાગી. બી.એ.પી.એસ. સંસ્થાના આ સત્સંગવ્યાપનું ગંગોત્રી-કેન્દ્ર સાંકરી મંદિર બન્યું. અહીં સત્સંગના વધતા જતા વ્યાપને લક્ષમાં લઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય પંચ-શિખરબદ્ધ કલાત્મક મંદિરનું સન



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૭૧માં સાંકરીના પ્રથમ શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા કરી તેની છબિસ્મૃતિ...

૨૦૦૧માં નિર્માણ કર્યું હતું. આ મંદિરનો પ્રથમ સ્તંભ મુકાયો તે વખતે સ્વામીશ્રીએ આશીર્વાદમાં કહેલું કે 'સાંકરી ભવ્ય તીર્થધામ થશે, દરરોજ હજારો યાત્રાળુઓ આવશે, દક્ષિણ ગુજરાતનું આ ગોંડળ થશે.'

આજે પણ આ શિખરબદ્ધ મંદિર સત્સંગ ભક્તિનાં આંદોલનો પ્રસરાવી રહ્યું છે. અહીં ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સમાજ-ઉત્કર્ષની વિવિધ પ્રવૃત્તિઓથી મંદિર ધમધમે છે.

અહીં વર્ષ દરમ્યાન આવતા ઉત્સવો ધામધૂમથી ઊજવાય છે. તેમાં પણ અન્નકૂટ ઉત્સવનું તો અનેરું આકર્ષણ સૌને રહે છે. કારણ, દર અન્નકૂટ ઉત્સવે ઠાકોરજી અન્નકૂટની કોઈ ને કોઈ વાનગી સાક્ષાત્ અંગીકાર કરીને ભક્તોના પ્રેમ-ભક્તિના મનોરથ પૂર્ણ કરે છે. હજારો ભક્તો આ દિવ્ય ઘટનાના સાક્ષી બન્યા છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી અહીં રહેતા સંતો દક્ષિણ ગુજરાતનાં ગામડાંઓમાં સતત વિચરણ કરી ગ્રામ્ય પ્રજામાં જાગૃતિનો ઉદ્‌ઘોષ કરી રહ્યા છે. આ સંતોના પ્રસંગથી અનેક લોકો નિર્વ્યસની બની ઊર્ધ્વગામી જીવન જીવતા થયા છે. જીવતાં મરઘાંની ડોક મરડીને કાચાં જ ખાનારા માણસો, હવે પગ નીચે કીડી દબાઈ જાય તો પણ ગળગળા થઈ જાય તેવા અહિંસક બનીને બીજાને સારું જીવન જીવવાની પ્રેરણા આપી રહ્યા છે! કતલખાનાં કે દારૂના અડ્ડા ચલાવનારા માણસો તેનો ત્યાગ કરીને બીજાને નિર્વ્યસની બનાવી સુખી થવાની ચાવી બતાવી રહ્યા છે! કેટલાંય ગામો એવાં છે કે જેમાંથી બહુધા લોકો વ્યસનમુક્ત બન્યા છે!! દર પૂનમે હજારો લોકો અહીં મંદિરમાં દર્શનાર્થે ઊમટે છે. દૂર અંતરિયાળ વનવાસી વિસ્તાર સુધી આ મંદિર દ્વારા સંતોએ વ્યસનમુક્તિ આંદોલન સતત ચાલુ જ રાખ્યું છે. ૫૦ હજારથી વધારે લોકો વ્યસનમુક્ત થયા છે. અનેકનાં અંતર શુદ્ધ અને નિર્મળ થયાં છે.

સાથે સાથે, સામાજિક સેવાઓનો યજ્ઞ પણ સ્વામીશ્રીની પ્રેરણાથી અવિરત પ્રજ્વલ્લિત રહ્યો છે. જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને પુસ્તકસહાય, શિષ્યવૃત્તિ, છાત્રાલય સગવડ (ઉકાઈ), અભ્યાસ વર્ગો, જીવન ઉપયોગી શિબિરો વગેરે શૈક્ષણિક સેવાઓ અવિરતપણે ચાલુ છે. આદિવાસીઓને વસ્ત્રો, ગરમ કપડાં, દવા, ઍમ્બ્યુલન્સ સેવા, મૅડિકલ કેમ્પ દ્વારા સહાય, અનાજ તથા અન્ય જરૂરિયાતો પણ આ મંદિર દ્વારા પહોંચાડવામાં આવે છે. વર્ષોથી મંદિરમાં નેત્રયજ્ઞો થતા રહ્યા છે. સન ૧૯૮૭માં સૌરાષ્ટ્રમાં દુષ્કાળ પડતાં અહીં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી હજારો અબોલ પશુઓને માટે અહીં મંદિરમાં જ કેટલ કેમ્પ ખડો કરીને તેની સંભાળ લેવામાં આવી હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજે પણ સાંકરી વિસ્તારમાં ઉપાસનાનું કાર્ય ઝડપભેર આગળ ધપાવ્યું છે. પોતાની બાયપાસ સર્જરી પછી પણ ગામડે ગામડે ઘૂમીને તેમણે અનેકને દિવ્ય પ્રેરણાઓ આપી છે.

તાજેતરમાં તા. ૩-૬-૨૦૨૧ના રોજ પ્રમુખસ્વામી મહારાજે સ્થાપિત કરેલા સાંકરી મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં ઓનલાઈન માધ્યમ દ્વારા 'સાંકરી મંદિર સુવર્ણ ગાથા' રજૂ કરીને ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું અને સુવર્ણ ઉત્સવનો વિધિવત્ પ્રારંભ કર્યો હતો. આ સમગ્ર વર્ષ દરમ્યાન સાંકરી ક્ષેત્રમાં પ્રેરણાત્મક અને ભક્તિસભર કાર્યક્રમોની હારમાળા રચાતી રહેશે. ◆

# વીરસદ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોના ચરણરજથી પ્રાસાદિક બનેલી ભૂમિ એટલે વીરસદ ગામ. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે વીરસદમાં અનેક વખત પધરામણીઓ અને પારાયણો કરીને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં પડઘમ ગુંજાવ્યાં હતાં. આ શુદ્ધ ઉપાસના પ્રવર્તનમાં જેમનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો હતો તેવા નારાયણજી મહારાજનું પણ આ પ્રાસાદિક ગામ છે. અહીંના હરિભક્તોએ ગોંડલ અને સારંગપુર વગેરે મંદિરની ભૂમિ સંપાદનમાં સિંહફાળો આપ્યો હતો. આ પ્રાસાદિક ગામમાં યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે પણ અનેક વખત પધારીને સત્સંગને પોષણ આપીને નવપલ્લવિત રાખ્યો છે. વીરસદ તીર્થધામ બોચાસણથી નજીક આવેલું હોવાથી પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને સંતો અહીં નિયમિત સત્સંગ વિચરણ કરીને કથાવાર્તાનો લાભ આપે છે.

વીરસદમાં સત્સંગવિકાસમાં નોંધપાત્ર પ્રદાન આપનાર મહિલા મંડળ વર્ષોથી બોચાસણ ખાતે ઊજવાતા ઉત્સવોમાં રસોડા વિભાગની સેવામાં નિયમિત જોડાય છે. સંતો અને હરિભક્તોના પુરુષાર્થથી સત્સંગની ઉત્તરોત્તર પ્રગતિ થતાં મંદિરની આવશ્યકતા જણાઈ. કેનેડા સ્થાયી થયેલા અ.નિ. પૂનમભાઈ અમીનના સુપુત્ર શ્રી હેમેન્દ્રભાઈ અને શ્રી દીપેનભાઈએ ગામની મધ્યમાં આવેલું પોતાનું નિવાસસ્થાન મંદિર નિર્માણ માટે અર્પણ કર્યું અને વિશેષ સેવા પણ કરી. તે ભૂમિ પર તા. ૭-૨-૨૦૧૭ના રોજ સંતોની ઉપસ્થિતિમાં ખાતવિધિ યોજાયો અને મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ.

પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામી, યજ્ઞચરણદાસ સ્વામી તેમજ નરેન્દ્રભાઈ રાઠોડ, હેતલભાઈ પટેલ, પરાગભાઈ બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ મંદિર નિર્માણકાર્ય આરંભાયું. હરિભક્તોએ ખૂબ જ ભક્તિભાવપૂર્વક મંદિરના પાયાનું કાર્ય શ્રમયજ્ઞ રૂપે કર્યું. શ્રી અરવિંદભાઈ પટેલ(લંડન), હસુમતીબહેન અમીન (કેનેડા), શાંતાબહેન અમીન(લંડન), પલ્લવીબહેન પટેલ (લંડન), મનિષભાઈ અમીન (અમેરિકા), તેમજ સ્થાનિક હરિભક્તો - સરોજબહેન અમીન, અંશુલભાઈ પટેલ, અર્પિતભાઈ પટેલ, ગિરીશભાઈ અમીન, ભરતભાઈ સુથાર, મનુભાઈ સોલંકી, અશોકભાઈ પટેલ, આકાશભાઈ પટેલ, મેહુલભાઈ અમીન, ઉર્વેશભાઈ પટેલ, રમેશભાઈ પટેલ(ધર્મજ), ગાયત્રીબહેન પ્રજાપતિ વગેરે ભક્તોએ સેવાની સરવાણી વહાવી.

આમ, સૌની સેવા-સમર્પણ ભક્તિથી મંદિર નિર્માણ પામ્યું. આ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૧૪-૨-૨૦૨૦ના રોજ મહિલા સંમેલન યોજાયું, જેમાં

૭૦૦થી વધારે મહિલાઓએ પ્રેરણાત્મક અને ભક્તિસભર કાર્યક્રમનો લાભ લીધો. બીજા દિવસે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં ૩૫૦ કરતાં વધુ યજમાનોએ વેદોક્ત યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી. મધ્યાહ્ન બાદ સુશોભિત રથમાં મંદિરમાં સ્થાપિત થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુણાતીત ગુરુવર્યોની મૂર્તિઓની શોભાયાત્રા ગામમાં વિહરી હતી. તેમાં ગ્રામજનો અનન્ય ઉત્સાહ સાથે સંમિલિત થઈને શેરીએ-શેરીએ જયનાદો સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાને પુષ્પ-અક્ષતથી હરખે વધાવ્યા હતા.

બોચાસણમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપન વિધિ વીરસદમાં તા. ૧૬-૨-૨૦૨૦ના રોજ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે આણંદ, નડિયાદ, મહેળાવ બી.એ.પી.એસ. મંદિરના સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિષ્ઠા વિધિ બાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચન પાઠવીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

આ ક્ષેત્રમાં વિચરણ કરતા યોગીરાજદાસ સ્વામી અને બ્રહ્મસાગરદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ભરતસિંહ ગરાસિયા, સુરેશભાઈ પ્રજાપતિ, દીપકભાઈ, કેયૂરભાઈ, વિપુલભાઈ, કમલેશભાઈ પંચાલ, કાછિયા જયેશભાઈ પટેલ વગેરે ભક્તોની ઉત્સાહસભર સેવા તેમજ સંયુક્તમંડળ, મહિલામંડળ અને યુવતીમંડળના સહકારથી પ્રતિષ્ઠાવિધિ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. ◆

## અક્ષરવાસ

**બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### ભક્તરાજ શ્રી શંકરભાઈ હીરાભાઈ પટેલ, ભરૂચ (સીમલિયા), ઉં.વ. ૯૪, અક્ષરવાસ તા. ૮-૧-૨૦૨૧




ભરૂચ બી.એ.પી.એસ. સત્સંગમંડળના નિષ્ઠાવાન હરિભક્ત શ્રી શંકરભાઈ પટેલ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના યોગમાં આવ્યા ત્યારથી સત્સંગમય જીવનશૈલી અપનાવી લીધી હતી. અભ્યાસ પૂર્ણ કરી સરકારી નોકરીમાં પ્રથમ મામલતદાર અને ત્યારબાદ ઉત્તરોઉત્તર પ્રગતિ કરી સુરત જિલ્લાના ડેપ્યુટી કલેક્ટર તરીકે ફરજ બજાવી. ત્યારબાદ બોરસદ, માતર, વ્યારા તથા સુરતમાં જવાબદારી બજાવી હતી. નિવૃત્ત થયા બાદ તેઓ ભરૂચ સ્થાયી થયા અને ભરૂચની રવિ સત્સંગસભામાં હાજરી વધે તે માટે અન્ય બે ત્રણ હરિભક્તો સાથે મળી ઘરોઘર સંપર્કની ઝુંબેશ ઉપાડીને સત્સંગની ઉત્તમ સેવા કરી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ૬૯મી જન્મજયંતી ભરૂચ મુકામે ઊજવાય તથા ભરૂચના આંગણે શિખરબદ્ધ મંદિર બને તે માટે પણ તેઓએ પુરુષાર્થ અને નોંધપાત્ર સેવા કરી હતી. તેઓને અભ્યાસ તથા વાંચનનું વિશેષ અંગ હતું. તેથી સાંપ્રદાયિક ગ્રંથો તથા જીવનચરિત્રો વાંચી અંગત ડાયરી તૈયાર કરી જીવનના અંત સુધી તેનું વાંચન અને શ્રવણ કરતા રહ્યા. પરિવારમાં પુત્ર-પુત્રીને વારસામાં સત્સંગ દૃઢ કરાવી તથા પારિવારિક એકતા રાખી આદર્શ વાલી તથા આદર્શ નિવૃત્ત જીવનશૈલીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વતન સીમલિયામાં પોતાનું મકાન તેઓએ સંસ્થાને સુંદર હરિમંદિર બાંધવા માટે સમર્પિત કર્યું અને જીવનપર્યંત સંપૂર્ણ સમર્પણ સાથે સેવા કરતા રહ્યા. આવા સંનિષ્ઠ હરિભક્તના ધામગમનથી ભરૂચ સત્સંગમંડળને સેવાનિષ્ઠ ભક્તની ખોટ પડી છે. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર અદના હરિભક્તને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી ભાનુભાઈ પુરુષોત્તમભાઈ નાનાણી, કોલકાતા, ઉં.વ. ૮૩, અક્ષરવાસ તા. ૧૦-૧૧-૨૦૨૦



કોલકાતા સત્સંગમંડળના સંનિષ્ઠ કાર્યકર અને અગ્રણી હરિભક્ત શ્રી ભાનુભાઈ નાનાણીને વારસાગત સત્સંગ મળ્યો હોવાથી તેમણે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞા અને રુચિ પ્રમાણે સેવા, સમર્પણ, સત્સંગ કરીને ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. એક અદના મૂક સેવક તરીકે તેમણે કોલકાતા ખાતે મંદિરના જુદા જુદા વિભાગોમાં ખૂબ ખંતપૂર્વક સેવા કરી હતી. સત્સંગના અમૂલ્ય વારસાનું પોતાના સ્વજનોમાં એવું દૃઢ સિંચન કર્યું કે આજે પણ કુટુંબીજનો સત્સંગમાં સમર્પિત છે. તેઓએ પોતાના એક સુપુત્રને સંસ્થામાં ત્યાગી તરીકે (હાલ સાધુ અમૃતચરિતદાસ) સમર્પિત કરીને સ્વામીશ્રીને રાજી કર્યા હતા. કથાવાર્તા અને કીર્તન-ભક્તિનું અંગ હોવાથી પારાયણ, સત્સંગ સભાઓ નાદુરસ્ત તબિયત હોવા છતાં ચૂકતા નહોતા. તેઓના અક્ષરવાસથી કોલકાતા મંડળને સેવાભાવી અગ્રણી હરિભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી માર્કંડભાઈ સાધુરામભાઈ પટેલ, મુંબઈ, ઉં.વ. ૭૨, અક્ષરવાસ તા. ૪-૭-૨૦૨૧



મુંબઈના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગ મંડળના અગ્રણી ભક્તરાજ શ્રી માર્કંડભાઈનો જન્મ અને ઉછેર એક સમૃદ્ધ પરિવારમાં થયો હોવાથી ભૌતિકતાના રંગે પૂર્ણપણે રંગાયેલા હતા, પરંતુ તેમના પિતાશ્રી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના રંગે રંગાયા અને તેના કારણે માર્કંડભાઈ પણ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા. પ્રમુખસ્વામી મહારાજના સ્નેહ, વાત્સલ્ય અને આધ્યાત્મિક પ્રભાવથી માર્કંડભાઈ એવા રંગાયા કે એમણે સ્વામીશ્રીને પ્રસન્ન કરવા માટે પોતાના બધા જ મોજશોખ છોડીને સત્સંગમય જીવન અપનાવી લીધું. દિવસ-રાત રંગરાગ ભરેલી પાર્ટીઓ અને વિદેશયાત્રાઓને બદલે તેમણે સત્સંગને પ્રાધાન્ય આપ્યું. એટલું જ નહીં, દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્‌ઘાટન બાદ સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓએ પોતાના વ્યવસાયમાંથી સંપૂર્ણ નિવૃત્તિ લઈને, ૧૦ વર્ષ સુધી સ્વાગત વિભાગમાં મુખ્ય પરિસેવક તરીકે ફરજ બજાવી. દિલ્હીમાં અક્ષરધામની સેવા દરમ્યાન તેઓએ દેશ-વિદેશના અનેક મહાનુભાવોને અક્ષરધામનાં દર્શન અને મહિમાનો લાભ અપાવ્યો. આ સેવા કરતાં કરતાં એમણે નમ્રતા અને સુહૃદભાવથી સાથી સંતો તથા સર્વે સેવકોનાં દિલ જીતી લીધાં. છેલ્લાં ઘણાં વર્ષોથી તેઓ મુંબઈના વાશી વિસ્તારમાં હરિમંદિરનો કાર્યભાર સંભાળતા હતા. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર, ખંતથી બધાને સત્સંગ કરાવતા, સૌની સાથે સ્નેહ ધરાવતા શ્રી માર્કંડભાઈના અક્ષરવાસથી એક સેવાનિષ્ઠ અગ્રણી ભક્તરાજની ખોટ પડી છે.

તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## ભક્તરાજ શ્રી ડૉ. મહેન્દ્રભાઈ ભગુભાઈ પટેલ, મુંબઈ, ઉં.વ. ૮૬, અક્ષરવાસ તા. ૧૮-૫-૨૦૨૧



મુંબઈ સત્સંગ મંડળના પાયાના હરિભક્તોમાંના એક ડૉ. ભગુભાઈ પટેલ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ - ચારેય ગુરુવર્યોના કૃપાપાત્ર ભક્તરાજ હતા. તેઓના સુપુત્ર તરીકે મહેન્દ્રભાઈએ પણ આ ગુણાતીત ગુરુઓની સેવા કરીને તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. એક મૂક સેવક તરીકે સાદગીભર્યું જીવન જીવતા ડૉ. મહેન્દ્રભાઈએ પોતાના માતા-પિતાની ખંતથી ખૂબ સેવા કરીને સેવાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેઓને તેમના પિતાશ્રીની સેવા કરતા જોઈને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ વારંવાર તેમના પર પ્રસન્નતા દર્શાવતાં કહેતા કે 'મહેન્દ્રભાઈની ભક્તિમાંથી સૌએ પ્રેરણા લેવા જેવી છે.'

તેમના અક્ષરવાસથી એક સેવામય ભક્તરાજની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## ભક્તરાજ શ્રી સુધીરભાઈ ગોપાલભાઈ શાહ, અમદાવાદ, ઉં.વ. ૭૨, અક્ષરવાસ તા. ૨-૬-૨૦૨૧



મૂળ ઠાસરાના વતની અને અમદાવાદના સાબરમતી વિસ્તારમાં સ્થાયી થયેલા શ્રી સુધીરભાઈ શાહને સન ૧૯૯૨ના યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવમાં સત્સંગનો રંગ લાગ્યો હતો. સત્સંગનિષ્ઠા દૃઢ થતાં જ ટૂંક સમયમાં જ સત્સંગમાં ઉત્તરોત્તર પ્રગતિ કરીને અગ્રણી કાર્યકર તરીકે વર્ષો સુધી સેવા કરી હતી. સંતોની આજ્ઞાથી રાયસણ ખાતે બી.એ.પી.એસ. વિદ્યામંદિરમાં એડમિન વિભાગમાં સન ૨૦૦૭થી સેવામાં જોડાયા હતા. સાથે સાથે મધ્યસ્થ કાર્યાલયમાં સત્સંગ શિક્ષણ પરીક્ષા વિભાગ અને સાબરમતી વિસ્તારમાં કાર્યકર તરીકે જોડાયેલા રહ્યા હતા. તેઓના અક્ષરવાસથી એક ઉત્સાહી કાર્યકરની ખોટ પડી છે તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**અભિનંદન** — **બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી હરિભક્તને અભિવંદન...**

## શ્રી સંદીપભાઈ મોદી, અમદાવાદ




અમદાવાદના સત્સંગ કાર્યકર શ્રી સંદીપભાઈ મોદી નિરમા યુનિવર્સિટીમાં કમ્પ્યૂટર પ્રોગ્રામર તરીકે સેવારત છે. શ્રી સંદીપભાઈની વફાદારી, પ્રામાણિકતા, કાર્યનિષ્ઠા, તથા કાર્યકુશળતા વગેરે મૂલ્યોને લક્ષ્યમાં રાખીને તાજેતરમાં જ નિરમા યુનિવર્સિટીએ 'બેસ્ટ કમ્પ્યૂટર પ્રોગ્રામર ઓફ યુનિવર્સિટી'નો એવોર્ડ તથા એપ્રિશિયેશન સર્ટિફિકેટ એનાયત કરીને બહુમાન કર્યું છે. તેઓશ્રીએ પ્રસિદ્ધ યુનિવર્સિટીમાંથી એવોર્ડ મેળવીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. તેઓને અભિનંદન...

**બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક બોધ-સ્મૃતિઓ...**

# શતાબ્દી બોધકથા

## ના પાડું તો હું પાડું, તું શાની ના પાડે?

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની એક પ્રાસાદિક બોધકથા. આ બોધકથા તેઓ લડાવીને એવી રીતે રજૂ કરતા કે સૌ હસી હસીને બેવડ વળી જતા. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની બોધકથા માણીએ...



એક ગામમાં એક ડોશી હતાં. કામ માટે એ બહારગામ ગયેલાં. ત્યાં એના ઘરે બ્રાહ્મણ ભિક્ષા માંગવા આવ્યો. છોકરાની વહુ હાજર હતી, પણ બ્રાહ્મણને લોટ આપવાની ના પાડી એટલે એ હાલતો થયો. સાંજ પડી ને ગામ આખામાં ભિક્ષા માંગીને બ્રાહ્મણ પોતાને ગામ જતો હતો ત્યાં રસ્તામાં ડોશીમા સામાં મળ્યાં. રાત પડી ગયેલી, વગડો હતો, માથે વજન હતું ને ડોશી એકલાં હોવાથી સંગાથની જરૂર હતી, એટલે પેલા બ્રાહ્મણને કહે, 'ગોર મહારાજ! ક્યાંથી હાલ્યા આવો છો ?'

'આ સામા ગામેથી.'

'એમ! ન્યાં અમારા ઘરે ભિક્ષા માંગવા ગ્યા'તા કે

નહિ?'

'ગ્યો'તો ને!' બ્રાહ્મણે કહ્યું.

એટલે પેલા ડોશી કહે, 'અમારાં વહુએ ભિક્ષા આપી કે નહિ?'

'ના.'

'લે, એણે ના પાડી? એ શું સમજે છે એના મનમાં? હાલો મહારાજ પાછા.'

કહેતાં ડોશીએ બ્રાહ્મણને પાછો લીધો ને માથે વજન પકડાવ્યું. બ્રાહ્મણ બીચારો ડોશીમાની સાથે ચાલ્યો. એમ કરતાં ગામ આયું. ડોશી ઘરમાં પહોંચ્યાં એવી બૂમ મારીઃ

'એ વહુ! આ બ્રાહ્મણ આયો'તો?'

'હા, એ તો ભિક્ષા માંગવા આયો'તો. એટલે મેં તો ના પાડી દીધી,' વહુએ કહ્યું. એવાં જ ડોશીમાં ઊકળ્યાંઃ 'રાંડ! તું શેની ના પાડે છે? તારું ઘર છે? તું તો આજકાલની આવેલી છે. તારો શો અધિકાર છે? ના પાડું તો હું પાડું...' એમ કહેતાં પેલા બ્રાહ્મણને કહે, 'લ્યા બ્રાહ્મણ! જા જતો રહે. નથી આપવું મારે.'

પેલા બીચારાને ચાર ગઉનો ફેરો થયો.

દેશ અને દુનિયાની આજે આવી દશા છે. બધા લોકોને એમ કે કરું તો હું કરું. પેલો જશ શું કામ લઈ જાય? વાત તો બધા દેશના ઉદ્ધારની જ કરે, પણ 'અમે કહીએ એ રીતે દેશનો ઉદ્ધાર થવો જોઈએ.' એટલે કો'કે સારું કર્યું હોય તો એનું બગાડે ને અબજોનું આંધણ કરે. આવા લોકો ભેગા મળીને દેશને કે દુનિયાને શું આગળ લાવશે?

આજે વેપારીઓ અને સૌએ પૈસાની પાછળ દોટ મૂકી છે. 'વર-કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો.' એમ લોકોનું જે થવાનું હોય એ થાય, મને પૈસા કેમ મળે એ સારુ જ રાત-દિવસ સૌ મચ્યા છે. પોતાને એક પૈસાનો લાભ થતો હોય ત્યાં સામાને લાખોનું નુકસાન થાય એ આજે કોઈ જોતું નથી.


આજે તો ખાવાના પદાર્થોમાં, મરી-મસાલા અને દવાઓમાં પણ લોકો ભેળસેળ કરી નાંખે છે. ખાવામાંય ડ્રગ નાંખી દે છે. દેશને પાયમાલ કરી નાંખતાય અચકાતા નથી. 'લ્યા ભઈ! આવા હરામના પૈસા તમને સુખી કરશે? આજે ઠેર ઠેર મરઘાં ઉછેરકેન્દ્રો ખોલ્યાં છે.

પૈસા માટે કેવો પ્રચાર કરે છે! એમ કહે છે કે ઈંડાં વેજિટેરિયન છે. ઈંડાં કંઈ ઓછાં ઝાડ પર ઊગે છે? વેજિટેરિયન કઈ રીતે કહો છો? બસ! આ તો ઘુસાડવા માટેના પ્રયત્નો. 'સન્ડે હો યા મન્ડે, રોજ રોજ અંડે.' પૈસા માટે કેવી જાહેરાતો આપે છે? મત્સ્ય ને મરઘાં-ઉદ્યોગે તો નખ્ખોદ વાળ્યું છે. આવા ભ્રષ્ટ પૈસાથી દેશ સુખી થવાનો છે? આવા પૈસાથી તો માણસને મારવાનાં શસ્ત્રો બનાવ્યાં. દરેકને જીવવાનો અધિકાર છે. કો'કને મારીને જીવવું એ માનવતા નથી. આજે આ સમજવાનો પ્રયત્ન જ નથી.

કો'કને દુઃખી કરીને ક્યારેય સુખી થવાતું નથી. સૌના ભલામાં આપણું ભલું છે. સૌના સુખમાં આપણું સુખ અને ઉત્કર્ષ છે. ◆



# ધનુરાસન



**યોગ, વ્યક્તિને ભગવાનમાં જોડવાની એક પ્રક્રિયા છે. જેનું એક મહત્ત્વનું પગથિયું છે - આસન, જે શરીરને સ્થિરતા આપે, મનને શાંતિ આપે, સ્વાસ્થ્યની વૃદ્ધિ અને તન-મનની સ્ફૂર્તિ આપે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ નિયમિત યોગ-પ્રાણાયામ કરીને પ્રેરણા આપતા. સાધુ અક્ષરજીવનદાસ દ્વારા લિખિત 'યોગ દ્વારા આરોગ્ય' પુસ્તકના આધારે 'પ્રકાશ'માં દરેક અંકે માણતા રહીશું યોગની કેટલીક રજૂઆતો.**

**પ્રભાવ :**

● જેવી રીતે ધનુષ્ય અને તેની દોરીની રચના હોય છે તે જ રીતે આ જ આસનમાં શરીરને ગોઠવવાનું હોય છે. ધનુરાસનથી કરોડરજ્જુ લચીલી બને છે અને પેટના અવયવો પણ પુષ્ટ બને છે. જે વ્યક્તિ ઘૂંટણની ઢાંકણીથી પીડાતી હોય છે તેઓ ધનુરાસન અથવા શલભાસનના નિયમિત અભ્યાસથી તે દર્દમુક્ત થાય છે.

● આ ઉપરાંત ધનુરાસનથી કબજિયાત અને પેટના બધા જ વિકારો દૂર થઈ જાય છે. જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અન્ન પાચન થઈને શરીરનું સમતોલ સ્વાસ્થ્ય જળવાઈ રહે છે.

**નોંધ :**

● આ આસનમાં કરોડરજ્જુને પાછળની તરફ તાણવામાં આવે છે. વયસ્ક લોકો કરોડરજ્જુને પાછળની તરફ નથી તાણી શકતા, માટે તેમણે સંભાળપૂર્વક આ આસન કરવું.



● આ આસનમાં પગ ઉપર ઉઠાવતી વખતે ઘૂંટણની પાસેથી તેને સરકવા ન દો. નહીંતર વધારે ઊંચાઈ સુધી પગ ઉઠાવી નહીં શકાય.

● બાવડાં અને પગ ઉપર ખેંચાતાં ધનુષ્યની પણછની જેમ કાર્ય કરે છે, શરીરની આકૃતિ ધનુષ્યની જેવી થાય છે.

**પ્રયોગ :**

● ચટાઈ ઉપર ઊંધા સૂઈ જાઓ.

● શ્વાસ છોડીને ઘૂંટણને વાળો.

● હાથને પાછળની તરફ તાણો.

● શ્વાસ લઈને ડાબા હાથથી ડાબી ઘૂંટી અને જમણા હાથથી જમણી ઘૂંટીને પકડો. પેટમાંથી બધો જ શ્વાસ કાઢીને જમીન ઉપરથી ઘૂંટણને ઉઠાવીને પગ ઉપરની તરફ ખેંચો. જમીન ઉપરથી મસ્તક ઊંચું કરો અને યથાસંભવ પાછળની તરફ લઈ જાઓ.

● સંપૂર્ણ રીતે ઉપર ઉઠાવ્યા પછી જાંઘ, ઘૂંટણ અને ઘૂંટીને જોડી દો. જમીન ઉપર માત્ર પેટ જ સંપૂર્ણ શરીરનો ભાર વહન કરશે. છાતી જમીનથી ઊંચી રહેશે.

● પેટ ફેલાવવાને કારણે શ્વાસ ઝડપથી ચાલશે, પરંતુ તેની ચિંતા ન કરશો. આ સ્થિતિમાં તમારી તાકાત અનુસાર ૨૦ સેકંડથી ૧ મિનિટ સુધી રહો.

● ત્યારબાદ ઉચ્છ્‌વાસની સાથે ઘૂંટીને છોડી દો.

● પગને સીધા તાણીને મસ્તક અને પગ જમીન ઉપર લાવો. શવાસન કરો. યાદ રહે, કોઈપણ આસન કર્યા બાદ થોડીક ક્ષણો શવાસન અવશ્ય કરવું. વળી, જે આસન કરવામાં શરીરને વધારે પડતો શ્રમ પડતો હોય તે આસન કરવામાં ધીમે ધીમે પ્રયોગ કરવો. ◆









## અમદાવાદમાં પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનું આગમન...

લગભગ સવા વર્ષના નિવાસ બાદ નેનપુર ખાતેથી વિદાય લઈને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તા. ૧૫-૭-૨૦૨૧ના રોજ અમદાવાદ પધાર્યા હતા. નેનપુર ખાતેના લાંબા નિવાસ દરમ્યાન તેઓનું સ્વાસ્થ્ય ખૂબ સારું રહ્યું હતું. હવે તેઓ તીર્થધામ સારંગપુર થઈને યોગ્ય સમયે પૂર્વવત્ વિચરણનો પ્રારંભ કરશે. એ પૂર્વે તેઓના રૂટીન મૅડિકલ ચેકઅપની તબીબોએ સલાહ આપી હતી. આથી અમદાવાદ ખાતે ઍપેક્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં જરૂરી ચેકઅપ કરાવીને તેઓ બી.એ.પી.એસ. યોગીજી મહારાજ હૉસ્પિટલ ખાતે પધાર્યા હતા. આ પ્રસંગે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના તમામ સંતો-હરિભક્તો વતી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ અને સ્થાનિક સંતોએ તેઓને ઉમળકાભેર વધાવ્યા હતા. હૉસ્પિટલના સ્વાગત ખંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને યોગીજી મહારાજને વંદન કરીને તેઓએ સવા વર્ષના લાંબા વિરામ બાદ સંતોને પ્રત્યક્ષ દર્શનનો લાભ આપ્યો હતો. પરમ પૂજ્ય સ્વામીશ્રીના નેનપુરથી લઈને અમદાવાદ સુધીના પ્રવાસ દરમ્યાન પણ ઠેર ઠેર ભક્તોએ દર્શન કરીને તેઓને વધાવ્યા હતા. તેઓનાં આ પ્રત્યક્ષ દર્શન-આગમનથી સૌમાં આનંદની લહેર ફરી વળી છે. જોકે હજુ વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈને સર્વે સંતો-ભક્તોને જાણ કરવામાં ન આવે ત્યાં સુધી તેમનાં પ્રત્યક્ષ દર્શને ન જવા સૌને હાર્દિક વિનંતી કરવામાં આવી છે.

Swaminarayan Prakash Gujarati, August-2021, Published on 1-8-2021. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.









## અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને અભિષેક કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરતા મહંત સ્વામી મહારાજ

અમદાવાદ ખાતે રૂટીન મૅડિકલ ચેકઅપ માટે યોગીજી મહારાજ હૉસ્પિટલમાં પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૧૬-૭-૨૦૨૧ની વહેલી સવારે મંગળા આરતી સમયે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર (શાહીબાગ) ખાતે દર્શને પધાર્યા હતા. અહીં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પર અભિષેક કરીને તેમજ દર્શન અને આરતી કરીને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થનાઓ કરી હતી. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુપરંપરાનાં ચરણે પણ ભક્તિ-અર્ઘ્ય અર્પણ કરીને પણ સ્વામીશ્રીએ અંતઃકરણપૂર્વક પ્રાર્થનાઓ કરી હતી.

**Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir,
Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas**